અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654



પેજ-08

39 વર્ષની ઉંમરે માતા બની સામંથા રૂથ પ્રભુ!



પેજ-09

જે સેહવાગ પણ ન કરી શક્યા તે રાહુલે કરી બતાવ્યું

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	31.00	17.00
વડોદરા	31.00	16.00
સુરત	32.00	16.00

પેજ 5



શેરબજારના કામકાજના કલાકો લંબાવવા એ પ્રાથમિકતા નથી...

21 NOVEMBER-2026 SATURDAY

ભૂતકાળ ભૂલી જાઓ અને ભારતનું ચિત્ર અપડેટ કરો : જયશંકર



પેજ 10

શેરબજાર

સેન્સેક્સ	83919.71	▲	897.96
નિફ્ટી	25800.60	▲	286.3
સોનું	122073.00	▼	5379.0
ચાંદી	148250.00	▼	9232.0

વર્ષ-16 । અંક-007 । વિક્રમ સંવત-2082 । કારતક સુદ - 12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

ઓપરેશન સિંદૂર બાદ પ્રથમવાર પાકિસ્તાની મંત્રી ભારત આવ્યા: જળવાયુ પરિવર્તન મંત્રી મુસાદિક મસૂદ મલિકની હાજરીથી રાજદ્વારી વર્તુળોમાં ચર્ચા

પ્રથમ SCO સિવિલાઇઝેશનલ ડાયલોગ ફોરમનું ઉદ્ઘાટન



ડિજિટલ માધ્યમો દ્વારા સાંસ્કૃતિક જોડાણ વધારવાની તકો :
મોદીએ કહ્યું- ભારતના મહાન ગણિતશાસ્ત્રી બ્રહ્મગુપ્તના વિચારો વિદેશો સુધી પહોંચ્યા અને સૂફી પરંપરાએ ભારતમાં કવ્વાલીને વિકસાવી. દેશો વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાનની આ પ્રક્રિયા આજે પણ ચાલુ રહેવી જોઈએ.



પ્રાચીન વેપાર માર્ગો, નાલંદા અને ડિજિટલ જોડાણ પર PM મોદીનું સંબોધન: પુરાણા કિલ્લામાં મહાભારત અને દિલ્હીના ઇતિહાસના બે પ્રદર્શનો યોજાયા

(એજન્સી) નવી દિલ્હી | તા.20

પીએમ મોદીએ શુક્રવાર સાંજે દિલ્હીના પુરાણા કિલ્લામાં પ્રથમ શાંઘાઈ સહકાર સંગઠન (SCO) સિવિલાઇઝેશનલ ડાયલોગ ફોરમનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે તેમણે કહ્યું કે દુનિયા હાલમાં ઉથલપાથલના સમયમાંથી પસાર થઈ રહી છે. આવી સ્થિતિમાં સાંસ્કૃતિક સહયોગ અને પરસ્પર જોડાણથી વૈશ્વિક શાંતિનો માર્ગ વધુ મજબૂત બની શકે છે.પીએમએ કહ્યું- જ્યારે દુનિયામાં યુદ્ધ અને અશાંતિ અંગેની ચર્ચા હાવી છે, ત્યારે ભારતમાં સભ્યતાઓ વચ્ચે સંવાદ થઈ રહ્યો છે. વૈશ્વિક શાંતિ માટે સાંસ્કૃતિક જોડાણ જરૂરી છે. મોદીએ પુરાણા કિલ્લા અને ભારતના સભ્યતાગત વારસાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે અહીં આપવામાં આવતી પ્રેમ અને એકતાની શીખ પ્રાચીન હોવા ઉપરાંત સાર્વત્રિક પણ છે.20થી 22 નવેમ્બર સુધી ચાલનારા આ ફોરમમાં પાકિસ્તાનના જળવાયુ પરિવર્તન અને પર્યાવરણ સમન્વય મંત્રી મુસાદિક મસૂદ મલિક સહિત અનેક દેશોના પ્રતિનિધિઓ સામેલ થયા છે. ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર એવું બન્યું છે કે પાકિસ્તાનનો કોઈ મંત્રી ભારત આવ્યો છે. ફોરમનું આયોજન સંસ્કૃતિ મંત્રાલય અને વિદેશ મંત્રાલય સંયુક્ત રીતે કરી રહ્યા છે.

ઓપરેશન સિંદૂર બાદ પ્રથમવાર પાકિસ્તાની મંત્રીનું આગમન

પાકિસ્તાન મંત્રી મુસાદિક મસૂદ મલિક ભારત મુલાકાત આ સમિટનું સૌથી મોટું રાજદ્વારી આકર્ષણ બની રહી છે. આ ફોરમમાં પાકિસ્તાનના જળવાયુ પરિવર્તન અને પર્યાવરણ સમન્વય મંત્રી મુસાદિક મસૂદ મલિક સામેલ થયા છે. નોંધનીય છે કે 'ઓપરેશન સિંદૂર' બાદ પ્રથમ વખત પાકિસ્તાનના કોઈ મંત્રી ભારતની મુલાકાતે આવ્યા છે.આ મુલાકાત અંગે પ્રતિક્રિયા આપતા જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારૂક અબ્દુલ્લાએ પાકિસ્તાની મંત્રીના આગમનને આવકાર્યું હતું.

'વૈશ્વિક ઉથલપાથલ વચ્ચે સાંસ્કૃતિક સંવાદ જરૂરી' - PM મોદી

SCO સિવિલાઇઝેશનલ ડાયલોગ ફોરમ ૨૦૨૬ માં પોતાના સંબોધન દરમિયાન વડાપ્રધાન મોદીએ વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે:યુદ્ધ સામે સંવાદ: 'આજે જ્યારે સમગ્ર વિશ્વ ઉથલપાથલમાંથી પસાર થઈ રહ્યું છે અને દુનિયામાં યુદ્ધ તથા અશાંતિ અંગેની ચર્ચાઓ હાવી છે, ત્યારે ભારત સભ્યતાઓ વચ્ચે સંવાદ સ્થાપિત કરી રહ્યું છે. 'ઐતિહાસિક વારસો: પુરાણા કિલ્લાનો ઇતિહાસ મહાભારત કાળ સુધી પહોંચે છે.

રાજ્યવર્ધનના વિસ્તારમાં 15 માંથી માંડ 1 બેઠક ભાજપના ખાતામાં, કોંગ્રેસ મજબૂત

રાજસ્થાનની પંચાયત ચૂંટણીમાં ઉલટફેર, ભાજપના મંત્રીનો પરિવાર હાર્યો

(એજન્સી) જયપુર | તા.20

રાજસ્થાન પંચાયત ચૂંટણીમાં શાનદાર પ્રદર્શન કરીને કોંગ્રેસે ભાજપને મોટો ઝટકો આપ્યો છે અને શરૂઆતના વલણોમાં અનેક બેઠકો પર આગળ છે. સૌથી વધુ ચર્ચા સીકરની થઈ રહી છે, જ્યાં મંત્રી ઝાબર સિંહ ખર્રાનાં પત્ની શાંતિ દેવી અને ભાજપ જિલ્લાધ્યક્ષ મનોજ બાટડનાં પત્ની ચૂંટણી હારી ગયા છે. આ ઉપરાંત મંત્રી રાજ્યવર્ધન સિંહ રાઠોડના વિસ્તાર ઝોટવાડામાં પણ ભાજપનું પ્રદર્શન નબળું રહ્યું છે. શરૂઆતના વલણો મુજબ જિલ્લા પરિષદ અને પંચાયત સમિતિની ઘણી બેઠકો પર કોંગ્રેસ આગળ દેખાઈ રહી છે.મતદાર માહિતીઉપલબ્ધ ચૂંટણી આંકડા મુજબ જિલ્લા પરિષદની 37 બેઠકોમાંથી કોંગ્રેસ 13 બેઠકો પર આગળ છે, જ્યારે ભાજપ 10 બેઠકો પર સરસાઈ ધરાવે છે. પંચાયત સમિતિની 419 બેઠકોમાં કોંગ્રેસ 145 અને ભાજપ 89 બેઠકો પર આગળ હોવાનું જાણવા મળી રહ્યું છે. અગાઉની ચૂંટણીમાં જિલ્લા પરિષદની 29 બેઠકોમાંથી ભાજપે 16 અને કોંગ્રેસે 10 બેઠકો જીતી હતી. આ પરિણામોને ગ્રામીણ વિસ્તારોમાં કોંગ્રેસની વાપસીના



સંકેત તરીકે જોવામાં આવી રહ્યા છે.સીકરની અજીતગઢ પંચાયત સમિતિના વોર્ડ નંબર 17 પરથી મંત્રી ઝાબર સિંહ ખર્રાનાં પત્ની શાંતિ દેવીને કોંગ્રેસના સરિતા દેવીએ 51 મતોથી હરાવ્યા છે. અહીં 17માંથી 13 બેઠકો જીતીને કોંગ્રેસે શાનદાર દેખાવ કર્યો છે, જ્યારે ભાજપને 3 અને અન્યને 1 બેઠક મળી છે. આ ઉપરાંત વોર્ડ નંબર 3 પરથી જિલ્લા પરિષદ લડી રહેલા ભાજપ જિલ્લાધ્યક્ષ મનોજ બાટડનાં પત્ની ગણપતિ સામે કોંગ્રેસનાં રજની બાટડે જીત મેળવી છે.જયપુરનું ઝોટવાડા પણ ચૂંટણીની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. ઉદ્યોગ મંત્રી રાજ્યવર્ધન સિંહ રાઠોડના આ વિસ્તારમાં પંચાયત સમિતિની 15 બેઠકોમાંથી ભાજપને માત્ર 1 જ બેઠક મળી હોવાની માહિતી સામે આવી છે, જેનાથી રાજકીય વર્તુળોમાં ચર્ચાઓ તેજ બની છે. બીજી તરફ જયપુરની સાંગાનેર પંચાયત સમિતિમાં રાષ્ટ્રીય લોકતાંત્રિક પાર્ટી (RLP) એ શાનદાર પ્રદર્શન કર્યું છે. અહીં 15માંથી 12 બેઠકોના પરિણામ જાહેર થયા ત્યાં સુધીમાં RLPના 8 ઉમેદવારો જીતી ચૂક્યા હતા, જ્યારે ભાજપ અને કોંગ્રેસને 2-2 બેઠકો મળી હતી.

સીકર જિલ્લામાં જિલ્લા પરિષદના 49 સભ્યો અને 16 પંચાયત સમિતિઓ માટે 16 રૂમમાં પ્રત્યેકમાં 12 ટેબલ પર EVM દ્વારા મતગણતરી થઈ, જેમાં જિલ્લા પરિષદના વલણોમાં કોંગ્રેસ 18 અને ભાજપ 16 બેઠકો પર આગળ હતા. પિપરલી પંચાયત સમિતિના વોર્ડ નંબર 8માંથી સૈનિક કલ્યાણ બોર્ડના અધ્યક્ષ પ્રેમ સિંહ બાજોરના ભાઈ તથા ભાજપના બાબુ સિંહે કોંગ્રેસના રજતને 735 મતોથી હરાવ્યા, જ્યારે ખાચરિયાવાસ પંચાયત સમિતિમાં EVM ખામીને કારણે મતગણતરી રોકાતા પરિણામમાં વિલંબ થયો.

નાગૌરની મેડતા સિટી પંચાયત સમિતિમાં ભાજપનાં સંગીતા અને કોંગ્રેસના સંતોષ રામ જીત્યા હતા. RLPમાંથી વોર્ડ 3થી પ્રીપ્તિ ઈનાનિયા, 4થી દિલીપ સિંહ, 5થી બાબુ દેવી, 7થી સુખડી અને 9થી મહેન્દ્ર રામ વિજેતા બન્યા, જ્યારે વોર્ડ 8થી અપક્ષ ઉમેદવાર સિકંદરે જીત મેળવી હતી.

સવાઈ માધોપુર જિલ્લાની વજીરપુર પંચાયત સમિતિની તમામ 15 બેઠકોના પરિણામ જાહેર થયા છે. અહીં કોંગ્રેસે 7 બેઠકો જીતીને સૌથી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. ભાજપને 3 બેઠકો મળી છે, જ્યારે અપક્ષ ઉમેદવારોએ 4 બેઠકો જીતીને મજબૂત હાજરી નોંધાવી છે અને 1 બેઠક બહુજન સમાજ પાર્ટી (BSP)ના ખાતામાં ગઈ છે.

ચિત્તોડગઢ જિલ્લા પરિષદની ચૂંટણીમાં પણ કોંગ્રેસે જોરદાર દેખાવ કર્યો છે. કુલ 35 વોર્ડમાંથી 23ના પરિણામ જાહેર થયા ત્યારે કોંગ્રેસે 18 બેઠકો જીતી હતી, જ્યારે ભાજપને 5 બેઠકો મળી હતી અને બાકીની 12 બેઠકોના પરિણામ આવવાના બાકી હતા. કોંગ્રેસે વોર્ડ નંબર 1, 4, 5, 6, 7, 8, 11, 17, 18, 19, 22, 23, 25, 26, 30, 31 અને 32માં જીત મેળવી હતી, જ્યારે ભાજપને વોર્ડ નંબર 3, 14, 15, 28 અને 3માં સફળતા મળી હતી.

બંગાળની ખાડીમાં સર્જાયેલું 'અકવાન' વાવાઝોડું ત્રાટક્યું



ઓડિશા-આંધ્રમાં રેડ એલર્ટ, 69 ટ્રેનો રદ અને 941 સ્થળોએ ભૂસ્ખલનનો ખતરો

(એજન્સી) બંગાળ | તા.20

બંગાળની ખાડીમાં સર્જાયેલું ભીષણ ચક્રવાતી તોફાન 'અકવાન' આજે સવારે ઓડિશાના ગોપાલપુર કિનારા નજીક ત્રાટક્યું છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા પ્રમાણે, વાવાઝોડાના લેન્ડફોલની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે અને બપોર સુધીમાં તે નરસાપુર અને પુરી વચ્ચે, ખાસ કરીને ઉત્તર આંધ્ર પ્રદેશ, યનમ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ભારે તબાહી મચાવે તેવી શક્યતા છે. ઈરાન દ્વારા સૂચવવામાં આવેલા આ 'અકવાન' વાવાઝોડાને કારણે 90 થી 100 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.વાવાઝોડાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ઓડિશા સરકારે 'ઝીરો ડેથ'ના લક્ષ્ય સાથે યુદ્ધના ધોરણે બચાવ કામગીરી હાથ ધરી છે. વિશેષ રાહત કમિશનર (SRC)ના જણાવ્યા પ્રમાણે, સંવેદનશીલ વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં 2,98,676 એટલે કે અંદાજે ત્રણ લાખ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે, જેમાં 4,000 થી વધુ ગર્ભવતી મહિલાઓનો પણ સમાવેશ થાય છે. રાહત શિબિરોમાં આશરો લેનારા લોકો અને બાળકો માટે રાંધેલું ભોજન, પીવાનું શુદ્ધ પાણી, જરૂરી દવાઓ અને સેનિટરી નેપકિન સહિતની તમામ પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.ઓડિશાના આપત્તિ વ્યવસ્થાપન મંત્રીએ ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું કે, ચક્રવાત દરમિયાન ભૂસ્ખલન એક મોટો પડકાર બનીને સામે આવ્યું છે. તંત્ર દ્વારા ગંજામ, ગજપતિ, કંધમાલ, કોરાપુટ અને મલકાનગિરી એમ પાંચ જિલ્લાઓમાં ભૂસ્ખલનની આશંકા ધરાવતા 941 સંવેદનશીલ સ્થળોની ઓળખ કરવામાં આવી છે, જેમાંથી સૌથી વધુ 211 સ્થળો ગજપતિ જિલ્લામાં છે. અગાઉ 'અર્નભ' વાવાઝોડા વખતે ભૂસ્ખલનની ઘટનાઓમાં 10 લોકોના મોત થયા હતા, જેનું પુનરાવર્તન ન થાય તે માટે ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે.રાહત અને બચાવ કામગીરી માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ સંપૂર્ણ સજ્જ છે. ઓડિશાના મુખ્ય સચિવે માહિતી આપી હતી કે, રાજ્યમાં ઓડિશા ડિઝાસ્ટર રેપિડ એક્શન ફોર્સ (ODRAF) ની 60 ટીમો, NDRF ની 14 ટીમો અને ફાયર બ્રિગેડ તથા ઈમરજન્સી સેવાની 131 ટીમો સહિત કુલ 423 બચાવ દળો તૈનાત કરાયા છે. આ ઉપરાંત, દેશના પાંચ રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં NDRF ની કુલ 31 ટીમો તૈનાત છે અને 18 વધારાની ટીમોને રિઝર્વ રાખવામાં આવી છે. ભારતીય તટરક્ષક દળ (કોસ્ટ ગાર્ડ)ને પણ પોતાના હેલિકોપ્ટર અને જહાજો તૈયાર રાખવા વિનંતી કરવામાં આવી છે. વાવાઝોડાની અસરને પગલે હવામાન વિભાગે આંધ્ર પ્રદેશના શ્રીકાકુલમ અને વિજયનગરમ જિલ્લામાં રેડ એલર્ટ, જ્યારે પાર્વતીપુરમ મન્યમ, અલ્લૂરી સીતારામ રાજૂ અને અનકાપલ્લી જિલ્લામાં ઓરેન્જ એલર્ટ તથા કાકીનાડામાં યલો એલર્ટ જાહેર કર્યું છે.

યુપીના સીએમ યોગી આદિત્યનાથ પર દુઃખનો પહાડ તૂટ્યો, 91 વર્ષની વયે માતા સાવિત્રી દેવીનું નિધન

(એજન્સી) ઉત્તર પ્રદેશ | તા.20

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. તેમના માતા સાવિત્રી દેવીનું 91 વર્ષની વયે અવસાન થયું છે. તેમણે ઉત્તરાખંડના પૌડી ગઢવાલ જિલ્લાના યમકેશ્વર બ્લોક સ્થિત પોતાના પૈતૃક ગામ પંચૂરમાં શુક્રવારે સવારે 11:00 વાગ્યે અંતિમ શ્વાસ લીધા હતા. સીએમ યોગીના ભાઈએ આ દુઃખદ સમાચારની પુષ્ટિ કરી છે. માતાના નિધનના સમાચાર મળતાં જ સમગ્ર પંચૂર ગામ અને ઉત્તરાખંડ સહિત યુપીમાં શોકનું મોજું ફરી વળ્યું છે.



91 વર્ષીય સાવિત્રી દેવી પોતાના નાના પુત્ર સાથે પંચૂર ગામમાં રહેતા હતા. વધતી ઉંમરના કારણે તેઓ છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓથી પીડાતા હતા. આ પહેલાં 14 મે 2024ના રોજ પણ તેમની તબિયત લથડતાં તેમને ઋષિકેશ સ્થિત એઈમ્સ (AIIMS) હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સીએમ યોગી પોતે તેમના ખબર-અંતર પૂછવા પહોંચ્યા હતા. સીએમ યોગીના પિતા આનંદ સિંહ બિષ્ટનું પણ વર્ષ 2020માં 89 વર્ષની વયે નિધન થયું હતું. પિતાના અવસાનના આશરે છ વર્ષ બાદ હવે માતા સાવિત્રી દેવી પણ અનંતની યાત્રાએ નીકળી જતાં યોગી આદિત્યનાથના પરિવારે માતા-પિતા બંનેની છત્રછાયા ગુમાવી દીધી છે. મળતી માહિતી મુજબ, શનિવારે સાવિત્રી દેવીના પાર્થિવ દેહને પંચૂરથી હરિદ્વાર લાવવામાં આવશે.

'હવે હું ચૂંટણી નહીં લડું, 80 વર્ષનો થઈ ગયો છું...', કોંગ્રેસના દિગ્ગજ નેતા અને પૂર્વ CMની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી | તા.20

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા સિદ્ધારમૈયાએ જાહેરાત કરી છે કે તેઓ 2028ની કર્ણાટક વિધાનસભા ચૂંટણી લડશે નહીં. પોતાની વધતી ઉંમર અને ચૂંટણી પ્રચાર દરમિયાન પડતી શારીરિક અડચણોનું કારણ આપતાં તેમણે પોતાના લાંબા ચૂંટણી રાજકારણના અંતના સંકેત આપ્યા છે. મૈસૂર ખાતે કાર્યકરો દ્વારા નિર્ણય પર પુનર્વિચાર કરવાની માંગ વચ્ચે તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ હવે 80 વર્ષના થઈ ગયા હોવાથી સતત પ્રચાર કરવો મુશ્કેલ બની રહ્યો છે.સિદ્ધારમૈયાએ સ્પષ્ટ કર્યું છે કે ચૂંટણી ન લડવાનો અર્થ એ નથી કે તેઓ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લઈ રહ્યા છે. તેઓ જનતાની સમસ્યાઓ અને કલ્યાણકારી મુદ્દાઓ પર સતત અવાજ ઉઠાવતા રહેશે. ઉલ્લેખનીય છે કે, મે 2026માં કોંગ્રેસ હાઈકમાન્ડના આદેશ બાદ તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપ્યું હતું, જેના પછી ડી. કે. શિવકુમાર મુખ્યમંત્રી બન્યા હતા. તેમણે પોતાના વિરોધીઓ દ્વારા ચલાવવામાં આવતા 'કોંગ્રેસમાં તેમને હાસિયામાં ધકેલી દેવાયા હોવાના' દાવાઓને પણ ફગાવી દીધા હતા. સિદ્ધારમૈયાના આ નિર્ણયથી કર્ણાટક કોંગ્રેસમાં બે ભાગમાં વહેંચાયેલી પ્રતિક્રિયા જોવા મળી રહી છે. પાર્ટીના એક કદાવર નેતા ચૂંટણી રાજકારણમાંથી ખસતાં હવે ભવિષ્યના યુવા અને અન્ય નેતાઓ માટે આગળ આવવાના રસ્તા ખુલી ગયા છે.



દુનિયાના 500 સૌથી પ્રભાવશાળી મુસ્લિમોની યાદી જાહેર: 22 ભારતીયોને મળ્યું સ્થાન, ટોપ પર કોણ?

(એજન્સી) નવી દિલ્હી | તા.20

વિશ્વના 500 સૌથી પ્રભાવશાળી મુસલમાનોના લિસ્ટને 'ધ મુસ્લિમ 500' તરીકે ઓળખવામાં આવે છે. આ લિસ્ટ જોર્ડનની રાજધાની અમ્માનમાં આવેલા 'રોયલ ઇસ્લામિક સ્ટ્રેટેજિક સ્ટડીઝ સેન્ટર' દ્વારા પ્રકાશિત કરવામાં આવે છે. રોયલ ઇસ્લામિક સેન્ટરે તેની 2027ની 18મી આવૃત્તિ બહાર પાડી છે. આ લિસ્ટમાં વિશ્વભરના દેશોના 500 સૌથી પ્રભાવશાળી મુસ્લિમોનાં નામ સામેલ કરવામાં આવે છે, જેમાં આ વર્ષે 22 ભારતીય નાગરિકોનાં નામ પણ સામેલ છે.આમાં ધાર્મિક વિદ્વાનો અને ધર્મગુરુઓની સાથે-સાથે બોલિવૂડના અભિનેતા, સંગીતકાર, રાજનેતા, બિઝનેસમેનથી લઈને વૈજ્ઞાનિકોનાં નામ પણ સામેલ છે. જોકે, વિશ્વના 500 પ્રભાવશાળી મુસ્લિમોના લિસ્ટમાં ટોપ 50માં માત્ર એક જ ભારતીય નાગરિકનું નામ જોડવામાં આવ્યું છે. વિશ્વના 500 સૌથી પ્રભાવશાળી મુસલમાનોના લિસ્ટમાં ભારત તરફથી જમિયત ઉલેમા-એ-હિંદના અધ્યક્ષ મૌલાના મહમૂદ મદનીને સૌથી ઊંચું રેન્કિંગ મળ્યું છે અને તેઓ ટોપ 50માં સામેલ એકમાત્ર ભારતીય છે, જે લિસ્ટમાં 18મા ક્રમે છે.આ સિવાય લિસ્ટમાં બોલિવૂડ અભિનેતા શાહરુખ ખાન, આમિર ખાન અને અભિનેત્રી શબાના આઝમીને પણ સ્થાન મળ્યું છે. બોલિવૂડના બાદશાહ શાહરુખ ખાનનું નામ આ લિસ્ટમાં પહેલી વખત સામેલ કરવામાં આવ્યું છે. જ્યારે ઓસ્કર અને ગ્રેમી એવોર્ડથી સન્માનિત ભારતીય સંગીતકાર એ.આર. રહેમાન પણ લિસ્ટમાં સામેલ છે.ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્ર સાથે જોડાયેલા અબુબક્ર અહમદ, મૌલાના કમરૂઝ્ઝમા આઝમી, સૈયદ ઇબ્રાહીમ ખલીલ અલ-બુખારી, મીરવાઇઝ ઉમર ફારૂક, મૌલાના સાદ કાંધલવી, મૌલાના ઝુબેર ઉલ હસન કાંધલવી, મૌલાના સૈયદ અરશદ મદની, ડૉ. બહાઉદ્દીન ખાન, ડૉ. ઝાકિર નાઇક, મુફ્તી અબુલ કાસિમ નોમાની, મૌલાના શાકિર અલી નૂરી અને સૈયદના મુફદ્દલ સૈફુદ્દીનનું નામ પણ લિસ્ટમાં સામેલ છે.

પ્રાઈવેટ બાઇક-સ્કૂટરને પણ ટેક્સીની જેમ ચલાવવા નીતિન ગડકરીનું ગ્રીન સિગ્નલ, 20 કરોડ લોકોને થશે ફાયદો

(એજન્સી) નવી દિલ્હી | તા.20

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ દેશની તમામ રાજ્ય સરકારોને એક મહત્ત્વપૂર્ણ અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે ખાનગી (પ્રાઈવેટ) રીતે રજિસ્ટર્ડ થયેલી બાઈક અને સ્કૂટરના માલિકોને રેપિડો, ઉબેર અને ઓલા જેવા એગ્રીગેટર પ્લેટફોર્મ મારફતે બાઈક ટેક્સી ચલાવવાની મંજૂરી આપવી જોઈએ. નીતિન ગડકરીના મતે, આ નિર્ણયથી દેશના લાખો ટુ-વ્હીલર માલિકોને વધારાની આવક અને રોજગારીની નવી તકો મળશે, જ્યારે શહેરી વિસ્તારોમાં મુસાફરોને ઓછા ખર્ચે અવરજવર માટે એક સરળ અને સસ્તો વિકલ્પ ઉપલબ્ધ થશે.'રાઈડ: એ શોકેસ ઓફ એગ્રીગેટર એન્ડ ડિલિવરી સર્વિસીસ' કાર્યક્રમને સંબોધતા નીતિન ગડકરીએ રાજ્ય પરિવહન કમિશનરોને કેન્દ્ર સરકારની 'મોટર વ્હીકલ એગ્રીગેટર ગાઈડલાઈન્સ 2025'નો અમલ કરવા માટે ખાસ આગ્રહ કર્યો હતો. તેમણે માહિતી આપી હતી કે આ સંદર્ભમાં તેમણે તમામ રાજ્યોને પત્રો લખ્યા છે અને પરિવહન કમિશનરો સાથે સીધી વાતચીત પણ કરી છે. માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય દ્વારા જુલાઈ 2025માં જાહેર કરાયેલા આ દિશાનિર્દેશો રાજ્યોને મોટર વાહન અધિનિયમની કલમ 67(3) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને ખાનગી ટુ-વ્હીલર વાહનોને પેસેન્જર સેવાઓ આપવાની પરવાનગી આપવાનો અધિકાર આપે છે.

ટ્રમ્પ-પુતિન અને જિનપિંગનો ફોટો શેર કરી રાહુલ ગાંધીનો PM મોદી પર કટાક્ષ, કહ્યું- કોંગ્રેસની સરકાર હોત તો PM અહીં બેઠા હોત

(એજન્સી) નવી દિલ્હી | તા.20

વૈશ્વિક રાજકારણના ત્રણ મોટા નેતાઓ-અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની એક સાથે બેઠેલી તસવીરને લઈને ભારતમાં રાજકીય નિવેદનબાજી તેજ બની છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ તસવીરને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે, જેની સામે ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ પણ કોંગ્રેસની વિદેશ નીતિ પર સવાલો ઉઠાવીને વળતો જવાબ આપ્યો છે. રાહુલ ગાંધીએ વૈશ્વિક મંચ





પર ભારતની હાજરી અંગે સવાલ ઉઠાવતા X પર પોસ્ટ કરીને લખ્યું હતું કે, 'જો કોંગ્રેસ સત્તામાં હોત તો ભારતના વડાપ્રધાન પણ આ ટેબલ પર બેઠા હોત.' તેમણે વડાપ્રધાન મોદી માટે 'Compromised PM' (સમજૂતી કરનાર વડાપ્રધાન) શબ્દનો ઉપયોગ કરીને તંજ કસ્યો હતો અને કહ્યું હતું કે, 'સમજૂતી કરનાર વડાપ્રધાન ક્યારેય આ ટેબલ પર બેસી શકતા નથી.'ઉલ્લેખનીય છે કે, APEC સમિટ અને અન્ય મહત્ત્વપૂર્ણ બેઠકોમાં ભાગ લેવા માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન ચીનના શેનઝેન ગયા હતા. આ દરમિયાન ચીનના પ્રમુખ શી જિનપિંગ, ટ્રમ્પ અને પુતિન વચ્ચે મુલાકાત થઈ હતી. રાહુલ ગાંધીએ આ જ બેઠકની તસવીર શેર કરીને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે.રાહુલ ગાંધીના આ નિવેદન બાદ ભાજપના નેતા પ્રદીપ ભંડારીએ X પર પોસ્ટ કરીને વળતો પ્રહાર કર્યો હતો. તેમણે આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસના શાસનકાળ દરમિયાન ભારતની વિદેશ નીતિમાં પાકિસ્તાનને કેન્દ્રમાં રાખવામાં આવ્યું હતું અને દેશની સુરક્ષા સાથે સમજૂતી કરવામાં આવી હતી. પ્રદીપ ભંડારીએ દાવો કર્યો હતો કે વર્ષ 2013માં ભારત BRICSની સદસ્યતા ગુમાવવાની સ્થિતિમાં પહોંચી ગયું હતું અને વૈશ્વિક કૂટનીતિમાં તેની ભૂમિકા નબળી પડી હતી. આ ઉપરાંત તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ સરકારે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)ની સ્થાયી સદસ્યતા ચીનને આપી દીધી હતી.

મોંઘવારી મુદ્દે આમ આદમી પાર્ટીએ અમદાવાદ ખાતે કલેકટરને સોંપ્યું આવેદનપત્ર

અમદાવાદ | આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ મહિલા સંગઠન દ્વારા તમામ જિલ્લાઓમાં આજે સતત વધી રહેલી મોંઘવારી પર નિયંત્રણ લાવી સામાન્ય જનતાને તાત્કાલિક રાહત આપવા બાબતે મુખ્યમંત્રીને સંબોધીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં જણાવાયું હતું કે, પેટ્રોલ-ડીઝલ, રાંધણગેસ, દૂધ, શાકભાજી, ખાદ્યતેલ, અનાજથી લઈને દવાઓ સુધીની તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓના સતત વધતા ભાવોએ સામાન્ય પરિવારનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. આજે સામાન્ય માણસની આવક કરતાં ખર્ચમાં ઝડપથી વધારો થઈ રહ્યો હોવાથી મધ્યમવર્ગીય પરિવાર બચત કરી શકતો નથી અને ગરીબ પરિવાર માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બન્યું છે. ઘરની ગૃહિણીઓ પોતાના ખર્ચમાં કાપ મૂકી રહી છે તથા બાળકોના શિક્ષણ, આરોગ્ય અને રોજિંદા જીવનની જરૂરિયાતોમાં સમાધાન કરવું પડી રહ્યું છે. એક તરફ સરકાર વિકાસના મોટા દાવાઓ કરે છે, પરંતુ ચૂંટણી સમયના વચનોને બદલે આજે જનતાને મોંઘવારીમાંથી રાહત જોઈએ છે કારણ કે મોંઘવારી હવે માત્ર આર્થિક સમસ્યા નહીં પરંતુ લાખો પરિવારોના જીવન અને ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન બની ગઈ છે. આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ મહિલા સંગઠન દ્વારા મુખ્યમંત્રી સમક્ષ પાંચ મુખ્ય



માંગણીઓ કરવામાં આવી છે, જેમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરી તાત્કાલિક રાહત આપવી, મહિલાઓ પરનો આર્થિક બોજ હળવો કરવા ઘરેલુ રાંધણગેસના સિલિન્ડરના ભાવ ઘટાડવા, દૂધ, ખાદ્યતેલ, અનાજ, કઠોળ અને શાકભાજી જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર અસરકારક નિયંત્રણ લાવવું, બજારમાં થતી સંગ્રહખોરી, કાળાબજારી અને કૃત્રિમ ભાવવધારા સામે કડક કાર્યવાહી કરવી તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણ માટે સરકાર દ્વારા નક્કર અને સમયબદ્ધ આયોજન જાહેર કરવાની માંગનો સમાવેશ થાય છે. વધુમાં જણાવાયું છે કે આ રજૂઆત માત્ર ઔપચારિક આવેદનપત્ર નથી પરંતુ મોંઘવારીથી ત્રસ્ત લાખો પરિવારોની વેદના અને આક્રોશનો અવાજ છે, કારણ કે જનતા પાસે આવક મર્યાદિત છે પરંતુ મોંઘવારીની કોઈ મર્યાદા નથી. જો સરકાર સામાન્ય જનતાની મુશ્કેલીઓ પ્રત્યે ગંભીર નહીં બને અને આ માંગણીઓ પર તાત્કાલિક હકારાત્મક નિર્ણય નહીં લે, તો મહિલા



સંગઠન જનતાના હક માટે લોકશાહી ઢબે વધુ ઉગ્ર જનઆંદોલન કરવા મજબૂર થશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

ચૈતર વસાવાને જેલમાં પૂર્યા બાદ ભાજપ આદિવાસી વિસ્તારમાં વિકાસના દાવા કરવા આવી રહી છે

૩૦-૩૫ વર્ષના શાસન બાદ ભાજપને હવે આદિવાસીઓ કેમ યાદ આવ્યા તે સવાલ થાય છે : બાબુભાઈ ડામોર

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મંત્રી બાબુભાઈ ડામોરે આદિવાસી વિસ્તારોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની મુલાકાત પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૩૦-૩૫ વર્ષથી સતત ભાજપની સરકાર હોવા છતાં અત્યાર સુધી આદિવાસી વિસ્તારના પ્રશ્નોની ચર્ચા ન કર્યા બાદ હવે અચાનક આદિવાસીઓ કેમ યાદ આવ્યા તે સવાલ ઊભો થાય છે. તેમણે જણાવ્યુ હતુ કે જળ, જંગલ, જમીન અને આદિવાસી વિસ્તારના વિકાસ તેમજ અનુસૂચિત વિસ્તારની વિશેષ અને બંધારણીય જોગવાઈઓ માટે જાગૃતિ લાવનાર ધારાસભ્ય ચૈતર વસાવાને જેલમાં પૂર્યા બાદ હવે સરકાર વિકાસના દાવા કરવા કે લાભ લેવા આવી રહી છે, પરંતુ દાહોદના અંતરિયાળ વિસ્તારમાં ઘરમાં જવા માટે પણ મોબાઈલની બેટરી/ટોર્ચ કરવી પડે છે, જે વીજળીના અભાવ, પાકા મકાનોના અભાવ અને પાણીની તકલીફની વાસ્તવિકતા દર્શાવે છે તથા વિકાસના દાવાની પોલ ઉઘાડી પાડે છે. કરોડો-અબજોની ગ્રાન્ટ



શિક્ષણ, આરોગ્ય અને મનરેગા જેવી યોજનાઓ કાગળ પર જ વપરાતી હોવાનો તેમજ દાહોદના એક મંત્રીના સંતાનો મનરેગામાં જેલમાં જઈ જામીન પર છૂટ્યા છે. તેમણે કહ્યું કે ચૈતરભાઈને ભલે જેલમાં પૂર્યો હોય પરંતુ સમાજ જાગૃત થઈ ગયો છે અને ૨૦૨૭માં પોકળ વાયદા અને કલ્પનાઓ કરનારાઓને જનતા ઘર ભેગા કરશે.વધુમાં 'આપ' નેતા બાબુભાઈ ડામોરે માંગણી કરી હતી કે, ટ્રાઈબલ એડવાઈઝરી કમિટી (TAC) ના ચેરમેન પદે મુખ્યમંત્રીને બદલે બંધારણીય જોગવાઈ મુજબ આદિવાસી ધારાસભ્યને બેસાડવામાં આવે, પાંચમી અનુસૂચિ અને પેસા એક્ટનો સંપૂર્ણ અમલ કરવામાં આવે તથા ગ્રામસભા, તાલુકા અને જિલ્લા પંચાયતને સંપૂર્ણ સત્તાઓ આપવામાં આવે. આદિવાસી વિસ્તારના ડેમોનું પાણી હજારો કિલોમીટર દૂર જાય છે પરંતુ સ્થાનિકોને પીવા અને સિંચાઈ માટે પાણી મળતું નથી ત્યારે પાણીની સુવિધા આપવી જોઈએ, આદિવાસીઓને 'વનવાસી' કે 'વનબંધુ'ને બદલે 'આદિવાસી' તરીકે જ ઓળખ આપવી જોઈએ, જળ-જંગલ-જમીનના મૂળભૂત હકો અને વર્ષોથી ખેડાતી જમીનની સનદોના હજારો પેન્ડિંગ દાવાઓનો નિકાલ કરી માલિકી હક આપવા જોઈએ. બાબુભાઈ ડામોરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈને વિનંતી કરી હતી કે આદિવાસી વિસ્તારના હક માટેના પ્રશ્નોની રજૂઆત સાંભળીને તેનો અમલ કરવાની જાહેરાત કરવામાં આવે.

અસારવા-હિંમતનગર અને અસારવા-ખેડબ્રહ્મા રેલખંડ પર દોડતી ચાર મેમૂ ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર, સંશોધિત સમયપત્રક 23 નવેમ્બર 2026થી અમલમાં આવશે

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના અસારવા-હિંમતનગર અને અસારવા-ખેડબ્રહ્મા રેલખંડ પર દોડતી ચાર મેમૂ ટ્રેનોના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સંશોધિત સમયપત્રક 23 નવેમ્બર, 2026 થી અમલમાં આવશે. તેની વિગતો નીચે મુજબ છે: ટ્રેન નંબર 69246 હિંમતનગર-અસારવા મેમૂ (રવિવાર સિવાય અઠવાડિયામાં છ દિવસ) હિંમતનગર સ્ટેશનથી અગાઉના નિર્ધારિત પ્રસ્થાન સમય સવારે 06:10 વાગ્યાના બદલે 23 નવેમ્બર, 2026 થી સવારે 06:00 વાગ્યે ઉપડશે. આ ટ્રેનનું રખિયાલ સ્ટેશન પર આગમન સવારે 06:54 વાગ્યે અને નરોડા સ્ટેશન પર આગમન સવારે 07:34 વાગ્યે નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, અસારવા સ્ટેશન પર અગાઉના નિર્ધારિત આગમન સમય સવારે 08:10 વાગ્યાના બદલે હવે સવારે 08:00 વાગ્યે પહોંચશે. એ જ રીતે, ટ્રેન નંબર 69252 ખેડબ્રહ્મા-અસારવા મેમૂ દરરોજ ખેડબ્રહ્મા સ્ટેશનથી અગાઉના નિર્ધારિત પ્રસ્થાન સમય સવારે 06:45 વાગ્યાના બદલે 23 નવેમ્બર, 2026થી સવારે 06:40 વાગ્યે ઉપડશે. આ ટ્રેનનું રખિયાલ સ્ટેશન પર આગમન સવારે 08:22 વાગ્યે અને નરોડા સ્ટેશન પર આગમન સવારે 08:59 વાગ્યે નિર્ધારિત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, અસારવા સ્ટેશન પર અગાઉના નિર્ધારિત આગમન સમય સવારે 09:30 વાગ્યાના બદલે હવે સવારે 09:25 વાગ્યે પહોંચશે. ટ્રેન નંબર 69251 અસારવા-ખેડબ્રહ્મા મેમૂ દરરોજ અસારવા સ્ટેશનથી અગાઉના નિર્ધારિત પ્રસ્થાન સમય સાંજે 18:25 વાગ્યે જ ઉપડશે. આ ટ્રેનનું નરોડા સ્ટેશન પર આગમન સાંજે 18:34 વાગ્યે, રખિયાલ સ્ટેશન પર સાંજે 19:06 વાગ્યે અને હિંમતનગર સ્ટેશન પર રાત્રે 19:57 વાગ્યે નિર્ધારિત કરવામાં આવ્યો છે. ખેડબ્રહ્મા સ્ટેશન પર અગાઉના નિર્ધારિત આગમન સમય રાત્રે 21:10 વાગ્યાના બદલે 23 નવેમ્બર, 2026થી રાત્રે 21:15 વાગ્યે પહોંચશે. વધુમાં, ટ્રેન નંબર 69245 અસારવા-હિંમતનગર મેમૂ (શનિવાર સિવાય) અસારવા સ્ટેશનથી અગાઉના નિર્ધારિત પ્રસ્થાન સમય સાંજે 19:20 વાગ્યાના બદલે 23 નવેમ્બર, 2026 થી સાંજે 19:05 વાગ્યે ઉપડશે. આ ટ્રેનનું નરોડા સ્ટેશન પર આગમન સાંજે 19:13 વાગ્યે અને રખિયાલ સ્ટેશન પર સાંજે 19:46 વાગ્યે નિર્ધારિત કરવામાં આવ્યો છે. હિંમતનગર સ્ટેશન પર અગાઉના નિર્ધારિત આગમન સમય રાત્રે 21:45 વાગ્યાના બદલે હવે રાત્રે 21:05 વાગ્યે પહોંચશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કોચની સંરચના અંગેની વિસ્તૃત માહિતી માટે મુસાફરો કૃપા કરીને ભારતીય રેલવેની વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ માહિતી મેળવી શકે છે.

અમદાવાદથી મુઝફ્ફરપુર અને બરૌની માટે વિશેષ ભાડા સાથે બે વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે

અમદાવાદ | મુસાફરોની વધારાની ભીડને ધ્યાનમાં રાખીને પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદથી મુઝફ્ફરપુર અને બરૌની માટે વિશેષ ભાડા સાથે બે વન-વે સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. જેની વિગતો નીચે મુજબ છે:ટ્રેન નંબર 09457 અમદાવાદ-મુઝફ્ફરપુર વન-વે સ્પેશિયલ તારીખ 21 નવેમ્બર 2026 (શનિવાર)ના રોજ અમદાવાદ સ્ટેશનથી બપોરે 15:30 કલાકે ઉપડશે અને ત્રીજા દિવસે એટલે કે સોમવારે સવારે 02:55 કલાકે મુઝફ્ફરપુર પહોંચશે.તે જ રીતે, ટ્રેન નંબર 09459 અમદાવાદ-બરૌની વન-વે સ્પેશિયલ તારીખ 22 નવેમ્બર 2026 (રવિવાર)ના રોજ અમદાવાદ સ્ટેશનથી રાત્રે 01:00 કલાકે ઉપડશે અને બીજા દિવસે એટલે કે સોમવારે રાત્રે 20:00 કલાકે બરૌની પહોંચશે.ટ્રેન નંબર 09457 અમદાવાદ-મુઝફ્ફરપુર સ્પેશિયલના મુખ્ય સ્ટોપેજ : આ ટ્રેન અમદાવાદથી ઉપડી આણંદ, છાયાપુરી, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ઈદગાહ આગ્રા, ટુંડલા, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ, બારાબંકી, ગોંડા, બસ્તી, ગોરખપુર, દેવરિયા સદર, છપરા, સોનપુર અને હાજીપુર થઈને મુઝફ્ફરપુર પહોંચશે.ટ્રેન નંબર 09459 અમદાવાદ-બરૌની સ્પેશિયલના મુખ્ય સ્ટોપેજ : આ ટ્રેન અમદાવાદથી ઉપડી આણંદ, છાયાપુરી, રતલામ, નાગદા, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, ઈદગાહ આગ્રા, ટુંડલા, કાનપુર સેન્ટ્રલ, ઐશબાગ, બારાબંકી, ગોંડા, બસ્તી, ગોરખપુર, નરકટિયાગંજ, મુઝફ્ફરપુર અને સમસ્તીપુર થઈને બરૌની પહોંચશે.ટિકિટ બુકિંગ : ટ્રેન નંબર 09457 અને 09459માં સ્લીપર તથા જનરલ શ્રેણીના કોચ રહેશે.આ બંને વિશેષ ટ્રેનોમાં આરક્ષિત ટિકિટોનું બુકિંગ તાત્કાલિક અસરથી તમામ પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો પર શરૂ થઈ ગયું છે.

120 દિવસમાં વિશ્વસ્તરીય કૉન્કોર્સ સાથે અમદાવાદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 4, 5, 6 અને 7ને નવા સ્વરૂપમાં તૈયાર કરાશે

અમદાવાદ | પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં અમદાવાદ રેલવે સ્ટેશનના વ્યાપક પુનર્વિકાસના કામોને નવી ગતિ આપવામાં આવી રહી છે. આ મહત્વાકાંક્ષી પરિયોજના અંતર્ગત સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 4, 5, 6 અને 7ને આગામી 120 દિવસમાં આધુનિક સુવિધાઓ અને વિશ્વસ્તરીય કૉન્કોર્સ સાથે નવા સ્વરૂપમાં વિકસાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે.આ લક્ષ્યને સમયમર્યાદામાં પૂર્ણ કરવા માટે અમદાવાદ મંડળના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશે રેલ ભૂમિ વિકાસ પ્રાધિકરણ (RLDA), રેલવેના વિવિધ વિભાગો તથા નિર્માણ એજન્સીના વરિષ્ઠ અધિકારીઓ સાથે નિર્માણ સ્થળ પર સતત 36 કલાક સુધી મેરેથોન બેઠકો યોજી, સાઇટ નિરીક્ષણ અને વિસ્તૃત સમીક્ષા કરી હતી.આ દરમિયાન DRMએ નિર્માણકાર્યોની પ્રગતિ, ટેકનિકલ પડકારો, સંસાધનોની ઉપલબ્ધતા, નિર્માણ સામગ્રીનો પુરવઠો, ટ્રાફિક અને પાવર બ્લોકનું આયોજન તેમજ વિવિધ એજન્સીઓ વચ્ચેના સંકલનની ઊંડાણપૂર્વક સમીક્ષા કરી હતી.
457 પાઇલ, 108 પાઇલ કેપ અને 213 પેડેસ્ટલનું નિર્માણ આયોજનનો મહત્વપૂર્ણ હિસ્સો: પુનર્વિકાસ પરિયોજનાની નિર્માણ યોજના અનુસાર પ્લેટફોર્મ નંબર 4/5 અને 6/7 માટે કુલ 457 પાઇલ, 108 પાઇલ કેપ તથા 213 પેડેસ્ટલ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આશરે 6,400 મેટ્રિક



ટન સ્ટ્રક્ચરલ સ્ટીલના ફેબ્રિકેશન અને ઇરેક્શનનું કામ પણ નિર્માણ યોજનાનો મહત્વપૂર્ણ હિસ્સો છે.આ કાર્યો દ્વારા આધુનિક કૉન્કોર્સ અને સંબંધિત માળખાં માટે મજબૂત પાયાની સુવિધા તૈયાર કરવામાં આવશે.BLT (Ballast Less Track) અને કૉન્કોર્સના નિર્માણ પર વિશેષ ધ્યાન :DRM શ્રી વેદ પ્રકાશે અધિકારીઓને સૂચના આપી હતી કે પાઇલ ફાઉન્ડેશન, પાઇલ કેપ વિથ પેડેસ્ટલ, BLT તેમજ કૉન્કોર્સના સ્ટ્રક્ચરલ સ્ટીલ ફેબ્રિકેશન અને ઇરેક્શન સંબંધિત કાર્યોને પ્રાથમિકતાના આધારે આગળ વધારવામાં આવે.તેમણે સ્પષ્ટ કર્યું હતું કે નિર્માણના દરેક તબક્કા માટે વિસ્તૃત માઇક્રો-પ્લાનિંગ, પૂરતા પ્રમાણમાં મેનપાવર, મશીનરી અને નિર્માણ સામગ્રીની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવે, જેથી નિર્ધારિત સમયમર્યાદામાં કામ પૂર્ણ કરી શકાય. રેલવે સંચાલન અને મુસાફરોની સુવિધાઓ વચ્ચે નિર્માણકાર્યોને ગતિ આપવાનો પડકાર: અમદાવાદ રેલવે સ્ટેશન એક મહત્વપૂર્ણ અને વ્યસ્ત રેલવે કેન્દ્ર છે. આવી સ્થિતિમાં સ્ટેશનના પુનર્વિકાસનાં કાર્યોને રેલવે સંચાલન, મુસાફરોની અવરજવર અને સુરક્ષાની જરૂરિયાતો સાથે સંકલન સાધીને પૂર્ણ કરવું એ પ્રાથમિકતા છે.આ બાબતને ધ્યાનમાં રાખીને નિર્માણ સ્થળ સુધી પહોંચવાના માર્ગો, નિર્માણ સામગ્રીની હેરફેર, ટ્રાફિક અને પાવર બ્લોક, હાલનાં માળખાં દૂર કરવા તેમજ જરૂરી યુટિલિટી શિફ્ટિંગના વિસ્તૃત આયોજન અંગે ચર્ચા કરવામાં આવી હતી.

મોંઘવારી મુદ્દે આમ આદમી પાર્ટી મહિલા સંગઠન દ્વારા

ગુજરાતના દરેક જિલ્લાઓમાં કલેકટરના માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર પાઠવાયું























અમદાવાદ | આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ મહિલા સંગઠન દ્વારા તમામ જિલ્લાઓમાં આજે સતત વધી રહેલી મોંઘવારી પર નિયંત્રણ લાવી સામાન્ય જનતાને તાત્કાલિક રાહત આપવા બાબતે મુખ્યમંત્રીને સંબોધીને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. જેમાં જણાવાયું હતું કે, પેટ્રોલ-ડીઝલ, રાંધણગેસ, દૂધ, શાકભાજી, ખાદ્યતેલ, અનાજથી લઈને દવાઓ સુધીની તમામ જીવનજરૂરી ચીજવસ્તુઓના સતત વધતા ભાવોએ સામાન્ય પરિવારનું ઘરનું બજેટ સંપૂર્ણપણે ખોરવી નાખ્યું છે. આજે સામાન્ય માણસની આવક કરતાં ખર્ચમાં ઝડપથી વધારો થઈ રહ્યો હોવાથી મધ્યમવર્ગીય પરિવાર બચત કરી શકતો નથી અને ગરીબ પરિવાર માટે બે ટંકનું ભોજન મેળવવું પણ મુશ્કેલ બન્યું છે. ઘરની ગૃહિણીઓ પોતાના ખર્ચમાં કાપ મૂકી રહી છે તથા બાળકોના શિક્ષણ, આરોગ્ય અને રોજિંદા જીવનની જરૂરિયાતોમાં સમાધાન કરવું પડી રહ્યું છે. એક તરફ સરકાર વિકાસના મોટા દાવાઓ કરે છે, પરંતુ ચૂંટણી સમયના વચનોને બદલે આજે જનતાને મોંઘવારીમાંથી રાહત જોઈએ છે કારણ કે મોંઘવારી હવે માત્ર આર્થિક સમસ્યા નહીં પરંતુ લાખો પરિવારોના જીવન અને ભવિષ્ય સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન બની ગઈ છે. આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ મહિલા સંગઠન દ્વારા મુખ્યમંત્રી સમક્ષ પાંચ મુખ્ય માંગણીઓ કરવામાં આવી છે, જેમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘટાડો કરી તાત્કાલિક રાહત આપવી, મહિલાઓ પરનો આર્થિક બોજ હળવો કરવા ઘરેલુ રાંધણગેસના સિલિન્ડરના ભાવ ઘટાડવા, દૂધ, ખાદ્યતેલ, અનાજ, કઠોળ અને શાકભાજી જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ પર અસરકારક નિયંત્રણ લાવવું, બજારમાં થતી સંગ્રહખોરી, કાળાબજારી અને કૃત્રિમ ભાવવધારા સામે કડક કાર્યવાહી કરવી તેમજ જીવનજરૂરી ચીજવસ્તુઓના ભાવ નિયંત્રણ માટે સરકાર દ્વારા નક્કર અને સમયબદ્ધ આયોજન જાહેર કરવાની માંગનો સમાવેશ થાય છે. વધુમાં જણાવાયું છે કે આ રજૂઆત માત્ર ઔપચારિક આવેદનપત્ર નથી પરંતુ મોંઘવારીથી ત્રસ્ત લાખો પરિવારોની વેદના અને આક્રોશનો અવાજ છે, કારણ કે જનતા પાસે આવક મર્યાદિત છે પરંતુ મોંઘવારીની કોઈ મર્યાદા નથી. જો સરકાર સામાન્ય જનતાની મુશ્કેલીઓ પ્રત્યે ગંભીર નહીં બને અને આ માંગણીઓ પર તાત્કાલિક હકારાત્મક નિર્ણય નહીં લે, તો મહિલા સંગઠન જનતાના હક માટે લોકશાહી ઢબે વધુ ઉગ્ર જનઆંદોલન કરવા મજબૂર થશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)
વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત
આર્સિલ ઓફિસ: ધ રૂબી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028
વેબસાઇટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬, ૮ અને ૯ સાથે વાંચતા, ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ
આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(રો) / જામીનદાર(રો) / ગીરો મૂકનાર(રો) ને નોટિસ આપવામાં આવે છે કે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ, જે વિવિધ આર્સિલ ટ્રસ્ટ્સ ('ARCIL') ના ટ્રસ્ટીની ક્ષમતામાં કાર્યરત છે (રજિસ્ટર્ડ અસાઇનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ), તેને ગીરો/ચાર્જ કરવામાં આવેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/મિલકતોનું વેચાણ, બાકી લેણાંની વસૂલાત માટે (આગળના વ્યાજ, ચાર્જીસ અને ખર્ચ વગેરે સહિત) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ('એક્ટ') ની જોગવાઈઓ તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ('નિયમો') ના નિયમ ૬, ૮ અને ૯ હેઠળ 'જેમ છે જ્યાં છે', 'જેમ છે જે છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ જવાબદારી વગરના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:

ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ	LAN નંબર અને બેંક	ટ્રસ્ટનું નામ	સરફેસી નોટિસ મુજબ બાકી રકમ	કબજો પ્રકાર અને તારીખ	નિરીક્ષણ તારીખ	મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)	અનામત કિંમત	ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઇટ
ઉધાર લેનાર: નાયી વસંતભાઈ સેંધાભાઈ સહ-ઉધાર લેનાર: નાયી બાબીબેન	32109630000232 જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ.	Arcil-Trust-2026-005	રૂ. ૨૦,૦૭,૧૯૩.૫૬ (અંકે રૂપિયા વીસ લાખ સાત હજાર એકસો નેવું ત્રણ અને છપ્પન પૈસા પૂરા)	પ્રત્યક્ષ કબજો ૧૮/૦૫/૨૦૨૫	વિનંતી મુજબ	૧૧.૮૩.૬૩ ચો.મી.	રૂ. ૪૬,૨૦૦/- (અંકે રૂપિયા છેતાલીસ હજાર બસો પૂરા)	રૂ. ૪,૬૨,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ બાસઠ હજાર પૂરા)	૦૮-૦૧-૨૦૨૭ ના રોજ બપોરે 02.00 વાગ્યે

હરાજી કરવામાં આવનાર સુરક્ષિત મિલકતનું વર્ણન: હરાજી કરવામાં આવનાર મિલકત: ગામ હરીજ, તાલુકો હરીજ, જિલ્લો પાટણ ખાતે આવેલી, સિટી સર્વે નંબર ૨૯૮ પી (298 P), શીટ નંબર ૫૩ (53) પર બાંધવામાં આવેલી, 'શ્રી નાથજી પ્લાઝા' નામની કોમર્શિયલ મિલકત (બિન-ખેતીલાયક/N.A.) કે જેનો એક ભાગ એટલે કે દુકાન નંબર એફ-૯ (F-9) (પ્રથમ માળ), જેનું ક્ષેત્રફળ ૧૧.૮૩.૬૩ ચોરસ મીટર છે. દુકાન નંબર એફ-૯ (F-9) ની હદ/સીમાઓ: પૂર્વ દિશામાં દુકાન નંબર એફ-૧૫ (F-15), પશ્ચિમ દિશામાં દુકાનનું શટર અને ગેલેરી, ઉત્તર દિશામાં દુકાન નંબર એફ-૧૦ (F-10), અને દક્ષિણ દિશામાં વોશરૂમની સામાન્ય દીવાલ આવેલી છે.

ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL	ડિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017	RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001783971, બેંકનું નામ: HDFC,
ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL	બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ	IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ
બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે	સમાન ભાવે ચૂકવવાપાત્ર	સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653

નિયમો અને શરતો:
1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઇટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઇન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોક

વોલ્ટાસ કંપનીમાં જતાં સમયે ટોયન ટ્રક સાથે બાઈક અથડાયું

ઈચ્છાપોરમાં હિટ એન્ડ રન, એન્જિનિયર યુવકનું મોત : પરિવારે નિષ્પક્ષ તપાસ-વળતરની માગ કરી

સુરત | સુરત શહેરના ઈચ્છાપોર વિસ્તારમાં વધુ એક ગમખ્વાર હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે, જેમાં 21 વર્ષીય યુવાન એન્જિનિયર અમન કુમારનું કરુણ મોત નીપજ્યું છે. કંપનીના કામે ટુ-વ્હીલર પર જઈ રહેલા યુવાનનું વાહન આગળ જતી ટોયન ટ્રક સાથે ધડાકાભેર ટકરાતાં છાતીના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટોયન ટ્રકનો ચાલક વાહન લઈને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. મૂળ બહારના અને છેલ્લા 4 વર્ષથી સુરતમાં રહીને વોલ્ટાસ કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા 21 વર્ષીય અમન કુમાર રાકેશ લાલ કંપનીના કામ અર્થે પોતાની સ્કૂટી-બાઈક લઈને ઈચ્છાપોર તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન ઈચ્છાપોર 3 નંબર વિસ્તાર પાસે આગળ જઈ રહેલી વાહનો ખેંચતી ટોયન ટ્રક (ટ્રેલર)ના ચાલકે અચાનક બ્રેક મારતાં પાછળ આવી રહેલા અમન કુમારનું ટુ-વ્હીલર ટ્રક સાથે જોરદાર રીતે ટકરાયું હતું.અકસ્માત એટલો ગંભીર હતો કે ટકરાયા બાદ અમન કુમાર રોડ પર પટકાયા હતા અને તેમને છાતીના ભાગે ગંભીર આંતરિક ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને તેમને રોડની સાઈડમાં ખસેડી છાતી તથા પગ ઘસી પ્રાથમિક સારવાર આપવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારબાદ તેમના મિત્ર માસૂમે 108 એમ્બ્યુલન્સને જાણ કરતાં તાત્કાલિક સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.મૃતકના ભાઈ પવન કુમારે જણાવ્યું કે, ભાઈના મિત્ર માસૂમનો ફોન આવતાં હું તાત્કાલિક ઈચ્છાપોર જવા નીકળ્યો હતો, પરંતુ સ્થિતિ ગંભીર હોવાથી મિત્રએ 108 બોલાવી ભાઈને નવી સિવિલ હોસ્પિટલ ખસેડ્યો હતો. હું એમ્બ્યુલન્સ પહોંચ્યાની 10 મિનિટ બાદ હોસ્પિટલ પહોંચ્યો ત્યારે ડોક્ટરોએ ભાઈને મૃત જાહેર કર્યા હતા.આ ઘટનાને પગલે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો છે. પવન કુમારે પોલીસ પાસે ઘટનાની નિષ્પક્ષ તપાસ કરી જવાબદાર ચાલક સામે કડક કાર્યવાહી કરવા અને પરિવારને યોગ્ય વળતર મળે તેવી માંગ કરી છે. હાલ ઈચ્છાપોર પોલીસે હિટ એન્ડ રનનો ગુનો નોંધી ફરાર ટોયન ટ્રકચાલકની શોધખોળ શરૂ કરી છે.

સુરતના પાલ વિસ્તારમાં બેફામ બાઈકર્સનો કહેર

પૂરઝડપે આવતી બાઈકે રસ્તો ક્રોસ કરતી મહિલાને અડફેટે લેતા મોત...

(એજન્સી) સુરત | તા. 20

સુરતના રસ્તાઓ પર બેફામ બનેલા સ્પોર્ટ્સ બાઈક ચાલકોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે, ત્યારે શહેરના કબૂતર સર્કલ નજીક પૂરપાટ ઝડપે આવતા સ્પોર્ટ્સ બાઈક ચાલકે રસ્તો ક્રોસ કરી રહેલી 29 વર્ષીય મહિલાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલી મહિલાનું મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. ચાર માસૂમ બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી છે.મૂળ દાહોદ જિલ્લાના ઝાલોદના ચિત્રોડિયા ગામના વતની અને હાલ સુરતના પાલ વિસ્તારમાં ફૂટપાથ પર રહી મજૂરીકામ કરી ગુજરાન ચલાવતા શ્રમજીવી પરિવારના 29 વર્ષીય મીનાબેન મછાર સાંજે પાંચેક વાગ્યે પાણી ભરીને રસ્તો ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન પાલ કબૂતર સર્કલ પાસેથી GJ-05-TS-8969 નંબરની સ્પોર્ટ્સ બાઈક લઈને પૂરપાટ ઝડપે આવી રહેલા યુવકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને મીનાબેનને અડફેટે લીધા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે મીનાબેન રસ્તા પર પટકાયા હતા. જેથી તેમને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ તેમને તાત્કાલિક સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમનું મોત નીપજ્યું હતું. આ કરુણ ઘટનાના પગલે ભીલ સમાજના આગેવાનો અને પરિવારજનો મોટી સંખ્યામાં સિવિલ હોસ્પિટલ ખાતે ઉમટી પડ્યા હતા. મૃતક મીનાબેનના સંતાનમાં ચાર નાના દીકરાઓ છે. અકસ્માતમાં માતાનું અવસાન થતા આ ચારેય બાળકોએ માતાની છત્રછાયા ગુમાવી છે. હસતો-રમતો શ્રમજીવી પરિવાર વિખેરાઈ ગયો છે. પરિવારજનો અને સમાજના લોકોમાં બેફામ બાઈક ચાલક સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જસદણમાં મકાન-મિલકતના ઝઘડામાં દંપતીની હત્યા

જસદણ, રાજકોટ | જસદણ તાલુકાના જંગવડ ગામમાં ગુરુવારે બપોરના સમયે મકાન અને મિલકતની અદાવતમાં ડબલ મર્ડરની ચકચારી ઘટના સામે આવી છે. કથામાં જવા માટે ઘર બહાર નીકળેલા પ્રકાશ ઘોડકીયા અને તેમના સગર્ભા પત્ની વિલાસ પર કૌટુંબિક ભાઈ અશોક ઉર્ફે સૂડાએ ધોકા વડે હુમલો કરી આડેધડ ઘા ફટકાર્યા હતા. આ ગંભીર હુમલામાં વિલાસનું ઘટનાસ્થળે અને પ્રકાશનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. આ ઉપરાંત બચાવવા વચ્ચે પડેલા અન્ય બે પરિવારજનોને પણ ઈજા પહોંચી છે. આમ આ બનાવ ડબલ મર્ડરમાં પરિણમ્યો છે. જંગવડ ગામના લીમડા ચોક વિસ્તારમાં રહેતા 35 વર્ષીય પ્રકાશ બચુ ઘોડકીયા અને તેની 32 વર્ષીય પત્ની વિલાસ ગુરુવારે બપોરે 3.30 વાગ્યાની આસપાસ ગામમાં ચાલી રહેલી કથા સાંભળવા જવા માટે ઘર બહાર નીકળ્યા હતા. આ દરમિયાન જૂના ચોરા પાસે રહેતો પ્રકાશના મોટા બાપુનો દીકરો અશોક ઉર્ફે સૂડો ગોવિંદ ઘોડકીયા હાથમાં લાકડાનો ધોકો લઈને ધસી આવ્યો હતો અને દંપતી પર તૂટી પડ્યો હતો. હુમલાખોરે બંનેના માથાના ભાગે આડેધડ ધોકાના ઘા ફટકારતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.

સચિન હોજીવાલા રોડ પરના વેપારીઓમાં ચિંતા, કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન થયાનો અંદાજ

(એજન્સી) સુરત | તા. 20

સુરતના ઔદ્યોગિક વિસ્તાર એવા સચિન હોજીવાલા રોડ પર આવેલી એક કાપડની કંપનીમાં ફરી એકવાર આગ લાગવાની ઘટના સામે આવતા આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરી અને ચિંતાનો માહોલ સર્જાયો છે. અગાઉ 18 નવેમ્બર, 2026ના રોજ આ જ કંપનીમાં ભીષણ આગ લાગી હતી, જેના પર સતત 12 કલાકની ભારે જહેમત બાદ ફાયર બ્રિગેડે કાબુ મેળવ્યો હતો. જોકે, તે ઘટનાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં આજે વહેલી સવારે ફરી આગ ભભૂકી ઉઠતા સ્થાનિક લોકો અને વેપારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.18 નવેમ્બરના રોજ લાગેલી આગ અત્યંત વિકરાળ હતી અને તેણે કંપનીના કુલ 4 ફ્લોરને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. કાપડનો જથ્થો, મશીનરી અને અન્ય સામગ્રી મોટા પ્રમાણમાં હોવાથી આગે જોતજોતામાં ગંભીર સ્વરૂપ ધારણ કરી લીધું હતું. સુરત ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી સતત પાણીનો મારો ચલાવી 12 કલાક બાદ આગ પર કાબુ મેળવ્યો હતો અને ત્યારબાદ સુરક્ષાના ભાગરૂપે કુલિંગની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી હતી. આ ભીષણ આગની ઘટનામાં કંપની તથા સંકળાયેલા વેપારીઓને કરોડો રૂપિયાનું મોટું આર્થિક નુકસાન થવા પામ્યું હોવાનું પ્રાથમિક અંદાજ પરથી જાણવા મળ્યું છે. આજે વહેલી સવારે ફરીથી કંપનીમાંથી ધુમાડાના ગોટેગોટા દેખાતા આસપાસના કારખાનેદારો અને રહીશોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું.

સિરિયલ લૂંટના આરોપીને પગમાં ગોળી ધરબી

સુરત | સુરત શહેરની લિંબાયત પોલીસે 6 મહિનામાં બીજીવાર મધરાતે હાફ એન્કાઉન્ટર કર્યું. શહેરના વરાછા, કતારગામ અને મહિધરપુરા જેવા વિસ્તારોમાં તરખાટ મચાવી સિરિયલ લૂંટ ચલાવનાર મૂળ ઝારખંડના પરવેઝ મુશરફ અન્સારીએ પોલીસ પર ચપ્પુથી જીવલેણ હુમલો કરતાં લિંબાયત પોલીસ સ્ટેશનના PI ડી. ડી. ચૌહાણે સ્વબચાવમાં તેના ડાબા પગમાં ગોળી મારી દબોચી લીધો. આ અગાઉ 11 મે, 2026ના રોજ પણ પોલીસે એક હત્યાના આરોપી પર ફાયરિંગ કરી તેને ઝડપી પાડ્યો હતો.ગત રાત્રે પેટ્રોલિંગ સમયે પોલીસને જોઈને એક શખ્સ ભાગવા લાગ્યો હતો. શંકા જતાં પોલીસ કર્મચારી અનિલકુમાર અમરસિંહ તેને પકડવા પાછળ દોડ્યા હતા. આ દરમિયાન શખ્સે પોતાની પાસે રહેલું ચપ્પુ કાઢી અનિલકુમારને કમરના ભાગે મારી દીધું હતું. ત્યારે આરોપીને ચપ્પુ ફેંકી દેવા ચેતવણી આપી હતી, પરંતુ માન્યો નહીં એટલે, પહેલા એક રાઉન્ડ હવામાં અને તેમ છતાં તે તાબે ન થતાં બીજો રાઉન્ડ તેના પગ પર ફાયરિંગ કરવામાં આવ્યું હતું.

નેટલિંક સોલ્યુશન્સ (ઇન્ડિયા) લિમિટેડ

રજિ. ઓફિસ: ૧૬૦૩, નોર્થ બ્લોક, ટ્વિનસ્ટાર, નાના માવા સર્કલ પાસે, ૧૫૦ ફૂટ રિંગ રોડ, માવડી, રાજકોટ, ગુજરાત - ૩૬૦૦૦૪, ભારત
કોર્પો. ઓફિસ: એ-૧૧૦૩, સંકલ્પ સ્ક્વેર ૩એ, તાજ સ્કાયલાઈનની બાજુમાં, સિંધુ ભવન રોડ, શીલજ, દસક્રોઈ, અમદાવાદ, ગુજરાત - ૩૮૦૦૫૯, ભારત
ઈમેલ: netlinkcompliance@gmail.com | વેબસાઈટ: www.nsil.co.in | CIN: L25910GJ1984PLC185791

પોસ્ટલ બેલેટ / ઈ-વોટિંગની નોટિસ

નેટલિંક સોલ્યુશન્સ (ઇન્ડિયા) લિમિટેડ ('કંપની') ના સભ્યોને આથી જાણ કરવામાં આવે છે કે કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) રૂલ્સ, ૨૦૧૪ ('નિયમો') ના નિયમ ૨૦ અને ૨૨ સાથે વાંચતા કલમ ૧૦૮ સાથે વાંચતા કલમ ૧૧૦ ની જોગવાઈઓ, ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઇન્ડિયા દ્વારા જારી કરાયેલ જનરલ મીટિંગ્સ પરના સેક્રેટરીયલ સ્ટાન્ડર્ડ, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૪૪ (સમયાંતરે સુધારેલ અને તેમાં કોઈપણ વૈધાનિક સુધારા અથવા પુનઃઅધિનિયમ સહિત લાગુ પડતા અન્ય કાયદાઓ અને નિયમોને આધીન), જનરલ સર્ક્યુલર નં. ૧૪/૨૦૨૦ (તા. ૮ એપ્રિલ, ૨૦૨૦) અને ૧૭/૨૦૨૦ (તા. ૧૩ એપ્રિલ, ૨૦૨૦) તેમજ જનરલ સર્ક્યુલર નં. ૯/૨૦૨૪ (તા. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪) સહિતના અન્ય સંબંધિત પરિપત્રો સાથે વાંચતા, કંપનીએ ૨૦ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ ઈ-મેલ દ્વારા, શુક્રવાર, ૧૩ નવેમ્બર, ૨૦૨૬ ('કટ-ઓફ તારીખ') ના રોજ ડિપોઝિટરીઝ / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ પાસેથી મળેલ સભ્યોના રજિસ્ટર / લાભાર્થી માલિકોની યાદીમાં જેમના નામ નોંધાયેલા છે અને જેમણે કટ-ઓફ તારીખ સુધીમાં કંપની અને/અથવા ડિપોઝિટરીઝ / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ પાસે પોતાના ઈ-મેલ સરનામા નોંધાવ્યા છે તેવા સભ્યોને, ઉક્ત નોટિસમાં વિગતવાર દર્શાવેલ ઠરાવના સંદર્ભમાં પોસ્ટલ બેલેટ (એટલે કે ઈલેક્ટ્રોનિક માધ્યમથી મતદાન) દ્વારા સભ્યોની સંમતિ મેળવવા માટે ૧૯ નવેમ્બર, ૨૦૨૬ ની તારીખવાળી પોસ્ટલ બેલેટની નોટિસ ('નોટિસ') ઈ-વોટિંગની વિગતો સાથે મોકલી આપી છે.

કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ દ્વારા ઈ-વોટિંગ પ્રક્રિયાની નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચકાસણી કરવા માટે મેસર્સ મલય દેસાઈ એન્ડ એસોસિએટ્સ (મેમ્બરશિપ નં. ACS 48838, સર્ટિફિકેટ ઓફ પ્રેક્ટિસ નં. 26051) ની સ્ક્રુટિનાઈઝર તરીકે નિમણૂક કરવામાં આવી છે. કંપનીના સભ્યોને ઈ-વોટિંગ સુવિધા પૂરી પાડવા માટે કંપનીએ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ ('NSDL') ની સેવાઓ લીધી છે.

પોસ્ટલ બેલેટની નોટિસ કંપનીની વેબસાઈટ www.nsil.co.in પર, સ્ટોક એક્સચેન્જ એટલે કે BSE લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર અને NSDL ની વેબસાઈટ www.evoting.nsdl.com પર ઉપલબ્ધ છે. જે સભ્યોને પોસ્ટલ બેલેટની નોટિસ મળી ન હોય તેઓ ઉપરોક્ત વેબસાઈટ પરથી તે ડાઉનલોડ કરી શકે છે. ઈ-વોટિંગનો સમયગાળો સોમવાર, ૨૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ સવારે ૦૯:૦૦ વાગ્યે (IST) શરૂ થશે અને મંગળવાર, ૨૨ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ સાંજે ૦૫:૦૦ વાગ્યે (IST) સમાપ્ત થશે. ઉપરોક્ત તારીખ અને સમય પછી ઈ-વોટિંગની મંજૂરી આપવામાં આવશે નહીં અને ઉપરોક્ત સમયગાળો સમાપ્ત થયા બાદ NSDL દ્વારા ઈ-વોટિંગ મોડ્યુલ નિષ્ક્રિય કરી દેવામાં આવશે. MCA / SEBI દ્વારા આપવામાં આવેલી છૂટછાટ મુજબ, કંપનીઓને માત્ર ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં નોટિસ મોકલીને પોસ્ટલ બેલેટ યોજવાની મંજૂરી છે. તેથી, કંપનીએ સભ્યોને ટપાલ અથવા કુરિયર દ્વારા પોસ્ટલ બેલેટ નોટિસ, પોસ્ટલ બેલેટ ફોર્મ અને પ્રી-પેઈડ બિઝનેસ રિપ્લાય પરબિડીયું મોકલ્યું નથી.

જોકે, એ સ્પષ્ટતા કરવામાં આવે છે કે જે વ્યક્તિઓ કટ-ઓફ તારીખ એટલે કે શુક્રવાર, ૧૩ નવેમ્બર, ૨૦૨૬ ના રોજ કંપનીના સભ્યો છે (જેમાં એવા સભ્યોનો પણ સમાવેશ થાય છે જેમને કંપની અથવા ડિપોઝિટરીઝ / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટ્સ પાસે પોતાનું ઈ-મેલ ID નોંધાયેલું ન હોવાને કારણે આ નોટિસ મળી ન હોય), તેઓ નીચે દર્શાવેલ ઠરાવના સંદર્ભમાં મતદાન કરવા માટે હકદાર રહેશે:

૧. કંપનીના નોન-એક્ઝિક્યુટિવ ઇન્ડિપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે શ્રી જય ભરતભાઈ પાનસુરિયા (DIN: 09344720) ની નિમણૂક:

રિમોટ ઈ-વોટિંગ દ્વારા આપવામાં આવેલા મતોની ચકાસણી પૂર્ણ થયા બાદ સ્ક્રુટિનાઈઝર કંપનીના ચેરપર્સનને અથવા ચેરપર્સન દ્વારા અધિકૃત વ્યક્તિને રિપોર્ટ સુપરત કરશે. પોસ્ટલ બેલેટના પરિણામો ગુરુવાર, ૨૪ ડિસેમ્બર, ૨૦૨૬ ના રોજ અથવા તે પહેલાં જાહેર કરવામાં આવશે અને તે કંપનીની વેબસાઈટ તથા સ્ટોક એક્સચેન્જ પર પ્રકાશિત કરવામાં આવશે.

નેટલિંક સોલ્યુશન્સ (ઇન્ડિયા) લિમિટેડ વતી,
સહી/-
ગોપાલકુમાર ગિરધરભાઈ રાણપરિયા
મેનેજિંગ ડાયરેક્ટર
DIN: 11781947

તારીખ: ૧૯ નવેમ્બર, ૨૦૨૬
સ્થળ: અમદાવાદ

એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત
આર્સિલ ઓફિસ: ધ ૱બી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028
વેબસાઇટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬, ૮ અને ૯ સાથે વાંચતા, ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(રો) / જામીનદાર(રો) / ગીરો મૂકનાર(રો) ને નોટિસ આપવામાં આવે છે કે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ, જે વિવિધ આર્સિલ ટ્રસ્ટ્સ ('ARCIL') ના ટ્રસ્ટીની ક્ષમતામાં કાર્યરત છે (રજિસ્ટર્ડ અસાઇનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ), તેને ગીરો/ચાર્જ કરવામાં આવેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/મિલકતોનું વેચાણ, બાકી લેણાંની વસૂલાત માટે (આગળના વ્યાજ, ચાર્જીસ અને ખર્ચ વગેરે સહિત) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ('એક્ટ') ની જોગવાઈઓ તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ('નિયમો') ના નિયમ ૬, ૮ અને ૯ હેઠળ 'જેમ છે જ્યાં છે', 'જેમ છે જે છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ જવાબદારી વગરના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:

ઉધાર લેનાર/સહ-ઋણ લેનાર/ઓ/ જામીનદાર/ઓ/ ગીરો લેનાર/ઓ	LAN નંબર અને બેંક	ટ્રસ્ટનું નામ	સરફેસી નોટિસ મુજબ બાકી રકમ	કબજો પ્રકાર અને તારીખ	નિરીક્ષણ તારીખ	મિલકતનો પ્રકાર અને ક્ષેત્રફળ	અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)	અનામત કિંમત	ઈ ઓક્સનની તારીખ / સમય ઓક્સનની વેબસાઈટ
ઉધાર લેનાર: ભાદાણી અનિલભાઈ મનસુખભાઈ સહ-ઉધાર લેનાર: ભાદાણી અસ્મિતાબેન અનિલભાઈ	31029420004819 જના સ્મોલ ફાઇનાન્સ બેંક લિ.	આર્સિલ-ટ્રસ્ટ-2025-017	રૂ. ૪૬,૮૦,૬૦૩.૯૫ (અંકે રૂપિયા છેતાલીસ લાખ એંસી હજાર છસો ત્રણ અને પંચાણું પૈસા પૂરા)	07/09/2025	વિનંતી મુજબ	૧૫૪.૩૦ ચો.મી.	રૂ. ૪,૧૯,૦૦૦/- (અંકે રૂપિયા ચાર લાખ ઓગણીસ હજાર પૂરા)	રૂ. ૪૧,૯૦,૦૦૦/- (અંકે રૂપિયા એકતાલીસ લાખ નેવું હજાર પૂરા)	૦૮-૦૧-૨૦૨૭ ના રોજ બપોરે ૦૩.૩૦ વાગ્યે

હરાજી કરવામાં આવનાર સુરક્ષિત મિલકતનું વર્ણન: સ્થાવર મિલકતનો સંપૂર્ણ ભાગ, જેમાં 'સ્વપ્ન સૃષ્ટિ રેસિડેન્સી, બિલ્ડિંગ નં. F' (Swapna Shrushti Residency, Building No. F) ખાતે ત્રીજા માળે આવેલ ફ્લેટ નં. 302નો સમાવેશ થાય છે. આ ફ્લેટનો બિલ્ટ-અપ વિસ્તાર 1660.30 ચોરસ ફૂટ (એટલે કે 154.30 ચોરસ મીટર) છે. આ મિલકત સાથે જમીનમાં 58.55 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો તથા દાદર અને પેસેજ (રસ્તો)માં 44.30 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો પણ સામેલ છે. આ મિલકત ગામ ઝાડેશ્વર (તા. ભરૂચ, જિ. ભરૂચ) ખાતે આવેલી છે, જે રેવન્યુ સર્વે નં. 88/5 (કુલ ક્ષેત્રફળ 2900.00 ચોરસ મીટર) અને રેવન્યુ સર્વે નં. 88/6 (કુલ ક્ષેત્રફળ 2700.00 ચોરસ મીટર) - એમ કુલ 5600.00 ચોરસ મીટર જમીન વિસ્તારમાં સ્થિત છે. મિલકતની હદ (સીમાઓ): પૂર્વમાં કોમન પ્લોટ, પશ્ચિમમાં બિલ્ડિંગ નં. E પછીની જમીન, ઉત્તરમાં સોસાયટીની કમ્પાઉન્ડ વૉલ (દીવાલ) અને દક્ષિણમાં ફ્લેટ નં. 301.

ARCILને જાણીતા બાકી મુકદ્દમા: NIL	રિમાન્ડ ડ્રાફ્ટ આના નામે બનાવવામાં આવશે: આર્સિલ-ટ્રસ્ટ-2025-017	RTGS વિગતો: બેંક ખાતા નં. 57500001745611, બેંકનું નામ: HDFC, IFSC: HDFC0000542, શાખાનું સરનામું: કમલા મિલ્સ કમ્પાઉન્ડ
ARCIL ને જાણીતા બોજો/કરજો: NIL	બિડ વધારાની રકમ : બિડ દસ્તાવેજમાં જણાવ્યા મુજબ	
બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ: હરાજીના 2 કલાક પહેલા તે જ દિવસે	સમાન ભાવે ચૂકવવાપાત્ર	સંપર્ક વ્યક્તિનું નામ અને નંબર: યશસ્કર શર્મા - 9898335003, રંજન નાઈક - 6362951653

નિયમો અને શરતો:

1. હરાજી વેચાણ https://auction.arcil.co.in વેબસાઇટ દ્વારા ઈ-હરાજી દ્વારા અને બિડ દસ્તાવેજના નિયમો અને શરતો અનુસાર અને તેમાં દર્શાવેલ પ્રક્રિયા અનુસાર હાથ ધરવામાં આવી રહ્યું છે.
2. અધિકૃત અધિકારી ('AO')/ARCIL ઇન્ટરનેટ કનેક્ટિવિટી, નેટવર્ક સમસ્યાઓ, સિસ્ટમ ક્રેશ ડાઉન, પાવર નિષ્ફળતા વગેરે માટે જવાબદાર રહેશે નહીં.
3. હરાજીના કોઈપણ તબક્કે, AO કોઈપણ કારણ આપ્યા વિના અને કોઈપણ પૂર્વ સૂચના વિના બિડ/ઓફર સ્વીકારી/અસ્વીકાર/સુધારી/રદ કરી શકે છે અથવા હરાજી મુલતવી રાખી શકે છે. 4. સફળ ખરીદનાર/બિડર લાગુ કાયદા અનુસાર સુરક્ષિત સંપત્તિને તેના/તેણીના/તેણીના પક્ષમાં પહોંચાડવા/ડિલિવર કરવા માટે ચૂકવવા પડતા કોઈપણ વૈધાનિક લેણાં, કર, ચૂકવવાપાત્ર ફી, ખરીદીના વિચાર પર લાગુ GST, સ્ટેમ્પ ડ્યુટી, નોંધણી ફી, વગેરે ભોગવશે.
૫. ઈચ્છુક બોલી લગાવનારાઓએ તેમની બોલી સબમિટ કરતા પહેલા, બોજો, સુરક્ષિત સંપત્તિના ટાઇટલ અને સુરક્ષિત સંપત્તિઓને અસર કરતા દાવાઓ/અધિકારો/બાકી, જેમાં કાનૂની બાકી રકમનો સમાવેશ થાય છે, વગેરે અંગે પોતાની સ્વતંત્ર પૂછપરછ/ડ્યુ ડિલિજન્સ કરવી જોઈએ. હરાજીની જાહેરાત ARCIL ની કોઈપણ પ્રતિબદ્ધતા અથવા કોઈપણ પ્રતિનિધિત્વનું નિર્માણ કરતી નથી અને કરશે નહીં. ARCIL ના અધિકૃત અધિકારી કોઈપણ તૃતીય-પક્ષ દાવાઓ/અધિકારો/બાકી રકમ માટે કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં.
૬. અખબારમાં પ્રકાશિત હરાજીની સૂચનામાં ઉલ્લેખિત વિગતો નીચે સહી કરનારની શ્રેષ્ઠ માહિતી મુજબ જણાવવામાં આવી છે; જોકે નીચે સહી કરનાર કોઈપણ ભૂલ, ખોટી માહિતી અથવા ચૂક માટે જવાબદાર/જવાબદાર રહેશે નહીં.
૭. ઉધાર લેનારા/ગેરંટરો/મોર્ટગેગર્સ, જેઓ ઉપરોક્ત બાકી રકમ માટે જવાબદાર છે, તેઓ ઉપરોક્ત હરાજી વેચાણના આયોજન અંગે આ વેચાણ સૂચનાને સુરક્ષા હિત (અમલીકરણ) નિયમોના નિયમો ૮ અને ૯ હેઠળની સૂચના તરીકે ગણશે.
૮. જો ઉપરોક્ત નિર્ધારિત હરાજી કોઈપણ કારણોસર નિષ્ફળ જાય, તો ARCIL ને નિયમો અને કાયદાના નિયમ ૮(૫) ની જોગવાઈઓ હેઠળ કોઈપણ અન્ય પદ્ધતિ દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવાનો અધિકાર છે.

સ્થળ: ગુજરાત, તારીખ: 21.11.2026 — **Sd/- અધિકૃત અધિકારી, એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ**

એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ (આર્સિલ)

વિવિધ આર્સિલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કાર્યરત
આર્સિલ ઓફિસ: ધ ૱બી, 10મો માળ, 29, સેનાપતિ બાપટ માર્ગ, દાદર (પશ્ચિમ) મુંબઈ-400028
વેબસાઇટ: https://auction.arcil.co.in; CIN-U65999MH2002PLC134884

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (સરફેસી એક્ટ) હેઠળની સત્તાનો ઉપયોગ કરીને, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬, ૮ અને ૯ સાથે વાંચતા, ઓનલાઈન ઈ-હરાજી દ્વારા વેચાણ માટેની જાહેર નોટિસ

આથી જાહેર જનતાને અને ખાસ કરીને કરજદાર(રો) / જામીનદાર(રો) / ગીરો મૂકનાર(રો) ને નોટિસ આપવામાં આવે છે કે એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઇન્ડિયા) લિમિટેડ, જે વિવિધ આર્સિલ ટ્રસ્ટ્સ ('ARCIL') ના ટ્રસ્ટીની ક્ષમતામાં કાર્યરત છે (રજિસ્ટર્ડ અસાઇનમેન્ટ એગ્રીમેન્ટ્સ દ્વારા નાણાકીય અસ્કયામતોની સોંપણી મુજબ), તેને ગીરો/ચાર્જ કરવામાં આવેલી નીચે વર્ણવેલ સ્થાવર મિલકત/મિલકતોનું વેચાણ, બાકી લેણાંની વસૂલાત માટે (આગળના વ્યાજ, ચાર્જીસ અને ખર્ચ વગેરે સહિત) સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ ('એક્ટ') ની જોગવાઈઓ તથા સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ('નિયમો') ના નિયમ ૬, ૮ અને ૯ હેઠળ 'જેમ છે જ્યાં છે', 'જેમ છે જે છે', 'જે કંઈ પણ છે' અને 'કોઈપણ જવાબદારી વગરના ધોરણે' ઓનલાઈન ઈ-હરાજી દ્વારા કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છે:

| ઉધ

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. આજે કરેલું રોકાણ તમારી સમૃદ્ધિ તથા આર્થિક સુરક્ષામાં વધારો કરશે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે તમને જાણ થશે.

વૃષભ : બ. વ. ઉ.

કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે.

મિથુન : ક. છ. ઘ.

તમને તમારી જાત માટે સારી લાગણી થાય એવી બાબતો કરવા માટે અદભુત દિવસ. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. તમારા પરિવારને યોગ્ય સમય આપો. તેમને એ અનુભૂતિ થવા દો કે તમને તેમની પરવા છે. તેમની સાથે ગુણવત્તાસભર સમય વિતાવો.

કર્ક : ડ. હ.

તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. આજે શક્યતા છે કે તમને ધન સંબંધી કોઈ મુશ્કેલી હોય પરંતુ તમે પોતાની સમજદારી થી ખોટ ને નફા માં બદલી દેશો। તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

સિંહ : મ. ટ.

તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે.

કન્યા : પ. ઠ. ણ.

હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો-તમારા મિત્રો સાથે વધુ સમય વિતાવો- એનાથી તમને સારું લાગશે.

તુલા : ર. ત.

મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે.

વૃશ્ચિક : ન. ય.

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો.

ધન : ભ. ધ. ફ. ઢ.

જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો.

મકર : ખ. જ.

તમારે કેટલાક આઘાતનો સામનો કરવાની શક્યતા હોવાથી તમારે તમારી લાગણીઓને અંકુશમાં લેવાની તથા તમારા ભયથી મુક્ત થવાની તાકીદે જરૂર છે. તમારા આશાવાદી અભિગમ દ્વારા તમે આ બંનેનો સામનો કરી શકો છો. સમજદારીપૂર્વક રોકાણ કરો.

કુંભ : ગ. સ. શ. ષ.

આપવાનો તમારો સ્વભાવ છૂપા આશીર્વાદ સમાન સાબિત થશે કેમ કે શંકા, નાહિંમત થવું, શ્રદ્ધાનો અભાવ,લાલચ, જોડાણ,અહંકાર તથા ઈર્ષા જેવા દુર્ગુણોથી તમને મુક્ત કરશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. લાગણીશીલ જોખમ તમારી તરફેણમાં જશે.

મીન : દ. ચ. ઝ. થ.

તમે નવરાશની લહેજત માણવાના છો. બીજા દિવસો ની સરખામણી માં આજ નું દિવસ સારું રહેશે અને પર્યાપ્ત ધન ની પ્રાપ્તિ થશે. સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે.

હનુમાનજીનાં દર્શન

સાળંગપુર માટેની પદયાત્રા 20મા વર્ષે નીકળી





| કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના રામપુરા ગામેથી સાળંગપુર માટેની પદયાત્રા 20મા વર્ષે નીકળી. રામપુરા રાજપૂત યુવા સેનાએ 2026ની આ યાત્રાનું આયોજન કર્યું છે.20 નવેમ્બર 2026, શુક્રવારે સવારે મોટી સંખ્યામાં ભક્તો કષ્ટભંજન દેવ હનુમાનજીનાં દર્શન માટે પદયાત્રાએ રવાના થયા. પ્રસ્થાન સમયે ભક્તોએ 'જય શ્રી કષ્ટભંજન દેવ'ના જયઘોષ કર્યા. રામપુરા રાજપૂત યુવા સેના છેલ્લા 20 વર્ષથી આ પદયાત્રાનું આયોજન કરે છે. આ વર્ષે સંઘે 20મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આયોજકોના જણાવ્યા મુજબ, દર વર્ષે પદયાત્રામાં જોડાતા ભક્તોની સંખ્યા વધે છે.યાત્રા દરમિયાન ભક્તો માટે ભોજન, પાણી, આરામ અને તબીબી સુવિધાની વ્યવસ્થા કરવામાં આવી છે. યુવા સેનાના કાર્યકરો યાત્રા દરમિયાન પદયાત્રીઓની સેવા કરશે. સાળંગપુર પહોંચ્યા બાદ ભક્તો કષ્ટભંજન દેવનાં દર્શન કરશે.

વીજચોરોમાં ફફડાટ

જામનગર અને દેવભૂમિ દ્વારકામાં દિવાળી બાદ PGVCL ની મેગા વીજચેકિંગ ઝુંબેશ પાંચમા દિવસે પણ યથાવત્

(એજન્સી) જામનગર | તા.20

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજચોરી કરતા તત્વો સામે પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (પીજીવીસીએલ) દ્વારા દિવાળીના તહેવારો બાદ શરૂ કરવામાં આવેલી મેગા વીજચેકિંગ ઝુંબેશ આજે સતત પાંચમા દિવસે પણ અવિરત ચાલુ રાખવામાં આવી છે. સોમવારથી શરૂ થયેલી આ ઝુંબેશ અંતર્ગત વીજતંત્રની અલગ-અલગ ટીમો દ્વારા શહેર અને જિલ્લાના જુદા જુદા વિસ્તારોમાં સઘન તપાસ કરવામાં આવી રહી છે.આજે શુક્રવારે જામનગર શહેરના કાલાવડ નાકા બહારના વિસ્તારો ઉપરાંત પટેલ કોલોની, ગાંધીનગર, મચ્છરનગર સહિતના વિસ્તારોમાં વીજચેકિંગની કામગીરી હાથ ધરવામાં



આવી રહી છે. વીજતંત્રની ચેકિંગ ટુકડીઓ દ્વારા અલગ-અલગ વિસ્તારોમાં પહોંચી વીજજોડાણો અને વીજવપરાશની ચકાસણી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કાલાવડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે, આ મેગા ઝુંબેશના પ્રથમ ત્રણ દિવસ દરમિયાન જ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજચોરીના 228 કેસ સામે આવ્યા હતા. જેમાં પ્રથમ દિવસે 74, બીજા દિવસે 78 અને ત્રીજા દિવસે 76 વીજચોરીના કિસ્સા ઝડપાયા હતા. ત્યારબાદ ચોથા દિવસે પણ વીજતંત્ર દ્વારા ચેકિંગની કામગીરી ચાલુ રાખવામાં આવી હતી. અને 70 પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે. જેથી વીજ ચોરીનો કુલ આંકડો 298 જેટલો થયો છે.દિવાળી બાદ શરૂ કરવામાં આવેલી આ ઝુંબેશમાં વીજતંત્ર દ્વારા સતત પાંચમા દિવસે પણ ચેકિંગનો દોર યથાવત્ રાખવામાં આવતાં વીજચોરી કરતા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. આગામી દિવસોમાં પણ અલગ-અલગ વિસ્તારોમાં ચેકિંગની કાર્યવાહી ચાલુ રાખવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

પિતાના મકાનનો કબજો લેવા તાળું તોડી નાખ્યું, વિરોધ કરતાં 5 સંબંધીઓએ મહિલાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી

(એજન્સી) જામજોધપુર | તા.20

જામજોધપુર તાલુકાના ગીગણી ગામમાં પિતાની મિલકતના ભાગ બાબતે પારિવારિક વિવાદમાં મહિલાને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. આ અંગે ગીગણી ગામે રહેતાં અને આંગણવાડીમાં નોકરી કરતાં મંજુબેન કારાભાઈ વારસંકીયા (ઉ.વ. 57)એ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના પિતાના નામે ગીગણી ગામમાં આશરે દસ વીઘા જમીન અને ચાર મકાનો આવેલાં છે. આ મિલકત ભાઈ-બહેનોની સંયુક્ત માલિકીની છે. ગત તા.3 નવેમ્બરના રોજ સાંજે સાડા પાંચેક વાગ્યાના અરસામાં તેઓ ઘરે ગયાં ત્યારે પિતાના મકાનનું તાળું તોડી નાખી ભત્રીજા મથુરભાઈ ઉર્ફે રાજનભાઈએ મકાનનો દરવાજો ખોલી નાખ્યો હોવાનું અને પરિવારના સભ્યો મકાનમાં રહેવા ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આથી મંજુબેન ત્યાં જઈ ભત્રીજાઓને મકાનમાં રહેવા બાબતે પૂછતાં શ્યામભાઈ મેઘજીભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને આ મકાન તેમના દાદાનું હોવાનું કહી ઝઘડો કર્યો હતો. ત્યારબાદ રવજીભાઈ બચુભાઈ, કાકા બચુભાઈ દેવાભાઈ તથા પ્રણવભાઈ રાજનભાઈ પણ ત્યાં આવી ગયા હતા અને તમામે ભેગા મળી મંજુબેનને ગાળો આપી હતી. કાકા બચુભાઈએ મિલકતમાં ભાગ માગવા ફરી આવશો તો જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનું પણ ફરિયાદમાં જણાવ્યું છે.બનાવના પગલે મંજુબેને 112 નંબર પર ફોન કરતાં પોલીસ પહોંચી હતી. બીજા દિવસે જામજોધપુર પોલીસમાં અરજી આપ્યા બાદ સમાધાનની વાતચીત ચાલતી હતી.

ધારાસભ્ય તડવીએ ડેપોમાં ફરજ બજાવતા ST કર્મચારીઓ અને ત્યાં આવતા નાગરિકોને દિવાળીની શુભેચ્છા પાઠવી



| કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના ધારાસભ્ય અભેસિંહભાઈ તડવી મોર્નિંગ વોક માટે નીકળ્યા હતા. આ દરમિયાન તેઓ સંખેડા ST બસ સ્ટેશન પહોંચ્યા અને કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ સાથે વાત કરી.વિદ્યાર્થીઓએ મુસાફરીને લગતી મુશ્કેલીઓ અને પોતાની રજૂઆતો ધારાસભ્ય સમક્ષ મૂકી હતી. તેમણે વિદ્યાર્થીઓની વાત સાંભળી અને મુશ્કેલીઓ દૂર કરવા માટે આશ્વાસન આપ્યું. ધારાસભ્ય તડવીએ ડેપોમાં ફરજ બજાવતા ST કર્મચારીઓ અને ત્યાં આવતા નાગરિકોને દિવાળીની શુભેચ્છા પાઠવી.

ચાણસ્મા ગંજબજારમાં કપાસની આવક વધી



| નિતીન ઠાકર | ચાણસ્મા

દિવાળી બાદ ચાણસ્મા ગંજબજારમાં કપાસની આવક વધવા પામી છે આજુબાજુ 20થી વધારે ગામના ખેડુતો કપાસનો મોલ વેચાણ માટે ચાણસ્મા ગંજબજાર ખાતે આવી પહોંચતાં ગંજબજાર રૂ ની આવકથી ભરાઇ ગયો. હતો સવારે 10 વાગે હરાજી નો શુભારંભ થતાં કપાસ નો 1700/- થી 1900/- નો ભાવ નોંધાયો હતો જ્યારે અન્ય. જણસ ની પ્રમાણમાં ઓછી વધારે આવક રહે છે

મગફળીની સિઝન નવા નવા વિક્રમો સર્જી રહી છે

જામનગરના હાપા યાર્ડમાં મગફળીની આવકનો નવો કીર્તિમાન : એક જ દિવસમાં 425 વાહનો સાથે 29 હજાર ગુણીની આવક!

(એજન્સી) જામનગર | તા.20

જામનગરના હાપા માર્કેટિંગ યાર્ડમાં મગફળીની સિઝન નવા નવા વિક્રમો સર્જી રહી છે. મગફળીની મબલખ આવક અને ખેડૂતોને મળી રહેલા ઊંચા ભાવ વચ્ચે આજે આવકનો નવો કીર્તિમાન સ્થાપિત થયો છે. એક જ દિવસમાં મગફળી ભરેલાં 425 જેટલાં વાહનો યાર્ડમાં આવી પહોંચ્યાં હતાં અને અંદાજે 29 હજાર ગુણી મગફળીની આવક નોંધાતાં યાર્ડના ઇતિહાસમાં નોંધપાત્ર રેકોર્ડ સર્જાયો છે.

ગઈકાલે રાત્રિથી જ હાપા માર્કેટિંગ યાર્ડની બહાર મગફળી ભરેલાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. યાર્ડની બહાર 425 જેટલાં વાહનોની લાઇન લાગી જતાં મગફળીની આવકનો ભારે ધમધમાટ જોવા મળ્યો હતો. ખેડૂતોની મબલખ આવકને ધ્યાનમાં રાખીને ટોકન આપીને આજે વહેલી સવારે તમામ વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. એકસાથે આટલી મોટી સંખ્યામાં વાહનો અને મગફળીનો જથ્થો યાર્ડમાં પહોંચતાં સમગ્ર માર્કેટિંગ યાર્ડ મગફળીથી ઉભરાઈ ગયું હતું. આજે નોંધાયેલી 29 હજાર ગુણી મગફળીની આવક આ સિઝનનો અત્યાર સુધીનો સૌથી મોટો આંકડો બની છે. મગફળીની આવકમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી યાર્ડમાં જગ્યા અને વ્યવસ્થાને ધ્યાનમાં રાખીને વધુ ત્રણ દિવસ સુધી નવી મગફળીની આવક બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આમ, મગફળીની મબલખ આવકને પગલે યાર્ડના સંચાલકોને પણ વ્યવસ્થા જાળવવા માટે ભારે કવાયત કરવી પડી રહી છે.

બીજી તરફ, મગફળીની આવકની સાથે ખરીદીમાં પણ તેજી જોવા મળી રહી છે. ખાસ કરીને તમિલનાડુના વેપારીઓ જામનગર આવી પહોંચ્યા છે અને મોટા પાયે મગફળીની ખરીદી કરી રહ્યા છે. વેપારીઓની વધેલી લેવાલીના પગલે મગફળીના ભાવમાં પણ ઉછાળો આવ્યો છે. ગઈકાલે મગફળીના ભાવ આ સિઝનના અત્યાર સુધીના સૌથી ઊંચા સ્તરે પહોંચ્યા હતા અને પ્રતિ મણ રૂ. 2,805નો ભાવ બોલાતાં ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી હતી.

મગફળીના ઊંચા ભાવ અને બહારના રાજ્યોના વેપારીઓની મોટી ખરીદીને કારણે ખેડૂતોને પોતાની જણસીના સારા ભાવ મળી રહ્યા છે. આજે પણ યાર્ડમાં મગફળીની હરાજી દરમિયાન ઊંચા ભાવની આશા સાથે ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.હાપા માર્કેટિંગ યાર્ડના સેક્રેટરી હિતેશ પટેલે મગફળીની આવક અને બજારની સ્થિતિ અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે, મગફળીની મબલખ આવકને પગલે એક જ દિવસમાં 425 વાહનોની આવક નોંધાઈ છે.

આશીર્વાદ, યુવાનોના ઉત્સાહ અને બાળકોની ખિલખિલાટથી એવી સભર

શ્રી સ્વાપર સોની સમાજનો ભવ્ય સ્નેહ મિલન સમારોહ યોજાયો

મહેશ એલ. સોની, નખત્રાણા

શ્રી રવાપર માડ઼ કંસારા સોની સમાજના સર્વે જ્ઞાતિજનો માટે તા. ૧૯-૧૧-૨૦૨૬, ગુરુવારના રોજ શ્રી સ્વાપર સોની સમાજ દ્વારા ભવ્ય સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજના સ્નેહ-સંબંધોને વધુ મજબૂત બનાવવા અને એકતાના તાંતણે સૌને બાંધવાના પવિત્ર હેતુથી આ સ્નેહ મિલન યોજવામાં આવ્યું હતું, એવું સમાજના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ સોની દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ સ્નેહ મિલન શ્રી જગદીશભાઈ સોનીના નિવાસસ્થાને રાખવામાં આવ્યું હતું. સમારોહનો પ્રારંભ ભક્તિમય વાતાવરણમાં થયો હતો. મહિલા મંડળ દ્વારા સાંજે ૫ વાગ્યે સત્સંગનું આયોજન



કરવામાં આવ્યું હતું, ત્યારબાદ રાત્રે ૮.૦૦ કલાકે માતાજીની આરતી કરવામાં આવી હતી. માતાજીની આરતી બાદ સ્નેહ મિલનનો કાર્યક્રમ યોજાયો હતો અને ત્યારબાદ સર્વે જ્ઞાતિજનોએ સાથે મળીને પ્રેમપૂર્વક સમૂહ ભોજન ગ્રહણ કર્યું હતું. આ પ્રસંગે મોરારજીભાઈ બારમેડા, વિનોદભાઈ કટ્ટા, વિનોદભાઈ સોલંકી,ડુંગરશી ભાઈ કટ્ટા, ઉમેશભાઈ કટ્ટા,મહેશભાઈ બારમેડા, લાલજીભાઈ બારમેડા રવજીભાઈ બારમેડા, પ્રવીણ બારમેડા જગદીશ કટ્ટા , હરેશ સોલંકી , દિપક સોલંકી, રાજેશ પોમલ, વિપુલ બારમેડા,ગોવિંદ સોલંકી સહિત મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ તેમજ જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

આ સ્નેહ મિલન ફક્ત એક કાર્યક્રમ નહીં, પરંતુ સમાજના વડીલોના આશીર્વાદ, યુવાનોના ઉત્સાહ અને બાળકોની ખિલખિલાટથી એવી સભર એવું પારિવારિક મિલન બની રહ્યું હતું. એકબીજાના સુખ-દુઃખમાં સહભાગી બનવું, સમાજની પરંપરા, સંસ્કાર અને એકતાને જાળવી રાખવી એ જ આ મિલનનો મુખ્ય હેતુ હોવાનું મહામંત્રી શ્રી મયુરકટ્ટા દ્વારા જણાવાયું હતું.

જામનગરના બંધ એપાર્ટમેન્ટમાં તસ્કરો ત્રાટક્યા : રૂ.22.04 લાખના સોના-દાગીના અને રોકડની ચોરી

(એજન્સી) જામનગર | તા.20

જામનગર શહેરની વાસાવીરા સોસાયટી વિસ્તારમાં આવેલા માધવ પેલેસ એપાર્ટમેન્ટમાં તસ્કરોએ એક મકાનને નિશાન બનાવી રૂ.22,04,400ની મત્તાની ચોરી કરતાં ચકચાર મચી ગઈ છે. અજાણ્યા તસ્કરો મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ્યા હતા અને કબાટ તથા તેનાં ખાનાંના લોક તોડી સોનાના દાગીના, રોકડ રકમ અને મંગળસૂત્રની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.વાસાવીરા સોસાયટી, શેરી નંબર-3માં આવેલા માધવ પેલેસ એપાર્ટમેન્ટ-2ના રૂમ નંબર-201માં રહેતા વિશાલ મસરીભાઈ છુછર (ઉ.વ. 25)એ સીટી સી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, તા.19 નવેમ્બરના રોજ સવારે 10:30થી સાંજે 7:30 વાગ્યા દરમિયાન અજાણ્યા તસ્કરોએ તેમના મકાનના મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

જામનગરના ઘોરીવાવમાં પ્રેમલગ્નની અદાવતમાં આધેડ પર લોખંડના સળિયાથી જીવલેણ હુમલો

જામનગર : જામનગર તાલુકાના ઘોરીવાવ ગામના ગણેશનગર વિસ્તારમાં જૂની અદાવતના કારણે એક આધેડ પર લોખંડના સળિયા વડે જીવલેણ હુમલો કરવામાં આવતાં ચકચાર મચી ગઈ છે. દીકરીએ આશરે એક વર્ષ પહેલાં પાડોશમાં રહેતા યુવક સાથે પ્રેમલગ્ન કરી લીધાં હોવાથી બંને પરિવારો વચ્ચે ચાલતી તકરારના મનદુઃખમાં આ હુમલો કરવામાં આવ્યો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે. હુમલામાં આધેડને કાનની પાછળના ભાગે ગંભીર ઈજા તેમજ માથામાં જીવલેણ ઈજા પહોંચી છે. આ બનાવ અંગે ચંપાબેન ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ.50, રહે. ઘોરીવાવ, ગણેશનગર, રણજીતસાગર રોડ)એ પંચકોશી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપી પુનાભાઈ કાનાભાઈ ખરા અને રાજીબેન પુનાભાઈ ખરા બંનેની દીકરીએ આશરે એક વર્ષ પહેલાં ઘરેથી ભાગીને ફરિયાદીના પાડોશમાં રહેતા સતીશભાઈ ગુલાબભાઈ પરમાર સાથે પ્રેમલગ્ન કરી લીધાં હતાં. આ બાબતને લઈને આરોપીઓ તથા તેમના પરિવારજનો સતીશભાઈના વૃદ્ધ દાદા-દાદી સાથે અવારનવાર ઝઘડા અને તકરાર કરતા હતા.દરમિયાન ફરિયાદીના પતિ વચ્ચે પડી વૃદ્ધ દંપતીને બચાવતા હોવાથી આરોપીઓને તે ગમતું ન હતું. આ બાબતનો ખાર રાખીને આરોપીઓ અવારનવાર ફરિયાદીના પતિ તથા પરિવાર સાથે બોલાચાલી અને ઝઘડા કરતા હતા.આ દરમિયાન તા.19 નવેમ્બરના રોજ સવારે સાડા સાતેક વાગ્યાના અરસામાં ઘોરીવાવના ગણેશનગર વિસ્તારમાં બંને આરોપીઓએ ભેગા મળી હુમલો કર્યો હતો. જેમાં રાજીબેને ફરિયાદીના પતિને માર મારવા અને જાનથી મારી નાખવા માટે ઉશ્કેર્યા હતા, જ્યારે પુનાભાઈએ લોખંડના સળિયા વડે કાનની પાછળના ભાગે માથામાં જોરદાર ઘા ઝીંકી દીધો હતો. એટલું જ નહીં, નીચે પાડી શરીર પર આડેધડ સળિયાના ઘા મારતાં કાનના ભાગે ગંભીર ઈજા અને માથામાં જીવલેણ ઈજા પહોંચી હતી.

છેલ્લા 3 વર્ષથી 'સેવા અને માનવતા'ના એકમાત્ર ઉદ્દેશ સાથે કાર્યરત

અમદાવાદના ગણેશ ફાઉન્ડેશન દ્વારા દિવાળી અને દેવદિવાળી પર્વે ભવ્ય સેવા યજ્ઞ: જરૂરિયાતમંદ પરિવારોને અનાજ કિટ, મીઠાઈ અને વસ્ત્રોનું વિતરણ.....

| નિતીન ઠાકર | ચાણસ્મા

સતત ત્રીજા વર્ષે 'સેવા પરમો ધર્મ:'ના મંત્ર સાથે 100 પરિવારોને એક મહિનાનું રાશન, 200 કિલો મીઠાઈ-ફરસાણ અને ગૌસેવા માટે 400 કિલો શાકભાજી અર્પણ કરાયા.પ્રકાશના પર્વ દિવાળી ની સાથે દેવ દિવાળી ઉત્સવ ની ઉજવણી જરૂરિયાતમંદોના જીવનમાં ખુશીઓનો દીવો પ્રગટાવીને થાય છે, તેવા ઉમદા હેતુ સાથે અમદાવાદના ગણેશ ફાઉન્ડેશન દ્વારા દિવાળી ત્થા દેવ દિવાળી 2026 નિમિત્તે ભવ્ય સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા 3 વર્ષથી 'સેવા અને માનવતા'ના એકમાત્ર ઉદ્દેશ સાથે કાર્યરત આ સંસ્થા દ્વારા સભ્યો અને દાતાઓના સહયોગથી ગરીબ પરિવારો અને મૂંગા પશુઓ માટે વિવિધ જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.આ સેવા યજ્ઞ અંતર્ગત ફાઉન્ડેશન દ્વારા નીચે મુજબની સામગ્રી અર્પણ કરવામાં આવી હતી:

અનાજ અને ખાદ્ય સામગ્રી: 100 જરૂરિયાતમંદ પરિવારોને આખો મહિનો ચાલે તેટલી 100 અનાજની કિટ, 200 કિલો મિક્સ મીઠાઈ અને 200 પેકેટ બુંદી-





ગાંઠિયાનું વિતરણ કરાયું.વસ્ત્રદાન: તહેવારની ખુશીમાં સહભાગી થવા બહેનો અને દીકરીઓ માટે 150 નંગ નવી કુર્તી અને ડ્રેસ આપવામાં આવ્યા. ગૌસેવા: મૂંગા પશુઓની સેવા અર્થે ગૌશાળામાં 400 કિલો લીલા શાકભાજી અને 6 કેરેટ કેળાં અર્પણ કરવામાં આવ્યા.આ અંગે ગણેશ ફાઉન્ડેશનના સભ્યોએ જણાવ્યું હતું કે, અમારો એક જ સંકલ્પ છે કે આપણી દિવાળી તો સારી જાય જ, પરંતુ આપણા સહકારથી કોઈ જરૂરિયાતમંદ પરિવારની દિવાળી પણ ખુશીઓથી ઉજવાય. આ સમગ્ર સેવા કાર્યને સફળ બનાવવા બદલ ફાઉન્ડેશન પરિવારે તમામ દાતાઓ, સભ્યો અને સહયોગીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો અને સૌને દિવાળી તથા નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવી હતી

જામનગરમાં શ્રી ગુરુ નાનક દેવજીના 557મા પ્રકાશ પર્વની ઉજવણીના બીજા દિવસે ભવ્ય પ્રભાતફેરી યોજાઈ

(એજન્સી) જામનગર | તા.20



શીખ ધર્મના પ્રથમ ગુરુ અને સ્થાપક શ્રી ગુરુ નાનક દેવજીની ૫૫૭મી જન્મજયંતિ (પ્રકાશ પર્વ) ની ઉજવણીના ભાગરૂપે જામનગરમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉજવણીના બીજા દિવસે આજે શુક્રવારે વહેલી સવારે શહેરમાં ભવ્ય પ્રભાતફેરી (નગર કીર્તન)નું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુદ્વારા ખાતેથી ભક્તિભાવપૂર્વક પ્રસ્થાન કરેલી આ પ્રભાતફેરી અંબર ચોકડી, ઝુલેલાલ મંદિર, ટાઉનહોલ અને લીમડા લેન સહિતના માર્ગો પરથી પસાર થઈ પુનઃ ગુરુદ્વારા ખાતે સંપન્ન થઈ હતી. પ્રભાતફેરીમાં શીખ સમાજના ભાઈઓ, બહેનો તેમજ બાળકો સહિત મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉત્સાહભેર જોડાયા હતા. પ્રભાતફેરી દરમિયાન શ્રદ્ધાળુઓ દ્વારા ગુરુબાણીના પાઠ અને શબ્દકીર્તન કરવામાં આવ્યાં હતાં. સાથે જ 'જો બોલે સો નિહાલ, સત શ્રી અકાલ'ના ગગનભેદી જયઘોષથી સમગ્ર માર્ગો ગુરુમય અને ભક્તિમય બની ગયા હતા. પ્રકાશ પર્વની ઉજવણીના બીજા દિવસે યોજાયેલી આ પ્રભાતફેરીમાં શીખ સમાજના લોકોએ ભારે શ્રદ્ધા અને ઉત્સાહ સાથે ભાગ લઈ ગુરુ નાનક દેવજીના ઉપદેશો અને આધ્યાત્મિક સંદેશને યાદ કર્યા હતા.

LIC અને કોટક બેંકને પછાડી ભારતની 9મી સૌથી મોટી કંપની બની

Nasdaq અને હોંગકોંગ એક્સચેન્જને પછાડી NSE વિશ્વનું પાંચમું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ બન્યું



(એજન્સી) નવી દિલ્હી | તા.20

ભારતના નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) એ વૈશ્વિક સ્તરે એક મોટી અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. સપ્ટેમ્બર મહિનામાં શેરબજારમાં લિસ્ટિંગ થયા બાદ શેરના ભાવમાં સતત તેજીને પગલે NSE માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ વિશ્વનું પાંચમું સૌથી મોટું લિસ્ટેડ એક્સચેન્જ બની ગયું છે. આ યાદીમાં તેણે હોંગકોંગ એક્સચેન્જ (HKEX) અને અમેરિકાના Nasdaq ને પણ પાછળ છોડી દીધા છે.

તાજેતરના માર્કેટ ડેટા મુજબ, NSE નું માર્કેટ કેપિટલાઇઝેશન અંદાજે 59.7 અબજ ડોલર (લગભગ 5.56 લાખ કરોડ) પર પહોંચી ગયું છે. આ સાથે તે 58.1 અબજ ડોલરનું મૂલ્ય ધરાવતા HKEX અને 57.7 અબજ ડોલરના મૂલ્ય ધરાવતા Nasdaq કરતાં આગળ નીકળી ગયું છે. વૈશ્વિક રેન્કિંગમાં 111.05 અબજ ડોલર સાથે CME ગ્રુપ પ્રથમ સ્થાને છે. ત્યારબાદ 95.5 અબજ ડોલર સાથે ઈન્ટરકોન્ટિનેન્ટલ એક્સચેન્જ બીજા, 65 અબજ ડોલર સાથે ડોઇશ બોર્સ (Deutsche Brse) ત્રીજા અને 60.3 અબજ ડોલર સાથે લંડન સ્ટોક એક્સચેન્જ ગ્રુપ ચોથા ક્રમે છે.

આ અહેવાલ લખાયો ત્યાં સુધીમાં NSE નો શેર 47.80 એટલે કે 2.18 ટકાના ઉછાળા સાથે 2,236.10 પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ ભાવે એક્સચેન્જનું માર્કેટ કેપ 5.56 લાખ કરોડ થયું છે, જેનાથી તે ભારતની નવમી સૌથી મોટી લિસ્ટેડ કંપની બની ગઈ છે. NSE એ 5 લાખ કરોડનું માર્કેટ કેપ ધરાવતી કોટક મહિન્દ્રા બેંક તેમજ લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (LIC) ને પણ પાછળ છોડી દીધા છે. આ સાથે NSE દેશની બેંકિંગ, ફાઇનાન્શિયલ સર્વિસ અને ટેક્નોલોજી ક્ષેત્રની દિગ્ગજ લિસ્ટેડ કંપનીઓની હરોળમાં સામેલ થઈ ગયું છે. આ સિદ્ધિ NSE ના શેરબજારમાં પ્રવેશના બે મહિના કરતાં પણ ઓછા સમયમાં મળી છે. 24 સપ્ટેમ્બરે BSE પર NSE નું બહુપ્રતિક્ષિત લિસ્ટિંગ થયું હતું. 1,785 ના ઇશ્યૂ પ્રાઇસ સામે શેર 0.84 ટકાના પ્રીમિયમ સાથે 1,800 પર લિસ્ટ થયો હતો અને સત્ર દરમિયાન વધીને 1,876.70 સુધી પહોંચ્યો હતો. અગાઉ 17 થી 21 સપ્ટેમ્બર દરમિયાન ખુલેલો 22,561 કરોડનો આ IPO કુલ 5.69 ગણો સબસ્ક્રાઇબ થયો હતો, જે સંપૂર્ણપણે ઓફર ફોર સેલ (OFS) હતો.વર્ષ 1992માં સ્થપાયેલા NSE એ 1994માં ભારતના પ્રથમ ઇલેક્ટ્રોનિક સ્ટોક એક્સચેન્જ તરીકે કામગીરી શરૂ કરી હતી. આજે તે ઇક્વિટી, ડેટ, કરન્સી, કોમોડિટી અને ડેરિવેટિવ્ઝમાં ટ્રેડિંગ, ક્લિયરિંગ અને સેટલમેન્ટ સેવાઓ પૂરી પાડે છે. ફ્યુચર્સ ઇન્ડસ્ટ્રી એસોસિએશનના આંકડા મુજબ, ટ્રેડિંગ વોલ્યુમની દ્રષ્ટિએ NSE વર્ષ 2025માં વિશ્વનું સૌથી મોટું ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ પણ રહ્યું હતું.

શેરબજારના કામકાજના કલાકો લંબાવવા એ પ્રાથમિકતા નથી : સેબી



(એજન્સી) અમદાવાદ | તા.20

સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) બજારના ટ્રેડિંગ કલાકો લંબાવવાની તરફેણમાં નથી, કારણ કે તેનાથી બજારની કાર્યક્ષમતામાં સુધારો થશે જ તેવું જરૂરી નથી અને તેમાં સાયબર સુરક્ષા તથા લિક્વિડિટી (પ્રવાહિતા) સંબંધિત ચિંતાઓ રહેલી છે, તેમ સેબી ચેરમેન તુહિન કાંતા પાંડેએ જણાવ્યું હતું.૬૫મી વર્લ્ડ ફેડરેશન ઓફ એક્સચેન્જીસની જનરલ એસેમ્બલી અને વાર્ષિક બેઠકની સાથે વાત કરતા પાંડેએ જણાવ્યું હતું કે, જ્યારે ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ઓફ સિક્યોરિટીઝ કમિશન્સમાં એક વૈશ્વિક જૂથ ટ્રેડિંગ કલાકો લંબાવવાની શક્યતાઓ તપાસી રહ્યું છે, ત્યારે ભારત તેની અસરોનું મૂલ્યાંકન કરી રહ્યું છે.પાંડેએ કહ્યું હતું કે ઓછામાં ઓછું અમારા માટે, અમે તેને કોઈ મોટી પ્રાથમિકતા તરીકે જોઈ રહ્યા નથી. કલાકો આટલા બાૃધા વાૃધી જાય ત્યારે સાયબર સુરક્ષાને કેવી રીતે સંભાળવી અને લિક્વિડિટી પર શું અસર થશે તે જોવું પડે. બજારના કલાકો લંબાવવા એ કોઈ બહુ કાર્યક્ષમ રસ્તો નથી. આવા અભિગમ માટે ખૂબ જ મજબૂત કારણ હોવું જોઈએ.તેમણે વૈશ્વિક બજારોમાં વારંવાર બનતી સાયબર ઘટનાઓ તરફ ઈશારો કરતા સાયબર સુરક્ષાને એક મુખ્ય ચિંતા ગણાવી હતી. તેમણે કહ્યું કે લાંબા ટ્રેડિંગ કલાકો બજારના સહભાગીઓ પર દબાણ વાૃધારી શકે છે અને સંભવિતપણે લિક્વિડિટીને અસર કરી શકે છે.વૈશ્વિક સ્તરે લાંબા ટ્રેડિંગ કલાકોની ચર્ચાએ જોર પકડયું છે, ત્યારે સેબીએ લગભગ બે વર્ષ પહેલાં ડેરિવેટિવ્ઝ ટ્રેડિંગ માટે બજારના કલાકો લંબાવવાની દરખાસ્તો પરત મોકલી દીૃધી હતી. યુએસ સ્ટોક એક્સચેન્જ નાસ્ડેક (Nasdaq) ૬ ડિસેમ્બરથી અઠવાડિયાના પાંચ દિવસ યુએસ ઇક્વિટીના ટ્રેડિંગ કલાકો વધારીને દિવસના ૨૩ કલાક કરશે, તેવા અહેવાલો બાદ આ ચર્ચાઓ વૃધી છે. આ એક્સચેન્જમાં એક કલાકનો મેન્ટેનન્સ વિરામ રહેશે.

FPIની ૩.એક લાખ કરોડથી વધુની ખરીદી

મુંબઈ : વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફપીઆઇ)નું ભારતીય ઇક્વિટીસમાં ફરી જોરદાર પુનરાગમન જોવા મળી રહ્યું છે. સતત ૧૬ મહિના સુધી વેચવાલ રહ્યા બાદ નવેમ્બરમાં એફપીઆઈની ભારતીય ઇક્વિટીસ કેશમાં નેટ ખરીદી રહી છે.વર્તમાન મહિનામાં એફપીઆઈની ઇક્વિટીસમાં ખરીદી રૂપિયા એક લાખ કરોડને પાર કરી ગઈ છે જે અત્યારસુધી કોઈ એક મહિનાની વિક્રમી ખરીદી છે, એમ એક રિસર્ચ પેઢીના રિપોર્ટમાં જણાવાયુ હતું.લોન્ગ ટર્મ કેપિટલ ગેઇન (એલટીસીજી) ટેકસ નાબુદ કરવાની હિલચાલ તથા વિશ્વના અન્ય ઊભરતા દેશોની સરખામણીએ ભારતનો આર્થિક વિકાસ દર ઊંચો જોવાઈ રહ્યો છે તેને ધ્યાનમાં રાખી એફપીઆઈસ ફરી ભારત તરફ વળી હોવાનું જણાય છે.જુલાઈ ૨૦૨૫થી ઓકટોબર, ૨૦૨૬ સુધી દર મહિને એફપીઆઈસ ભારતીય ઈક્વિટીસ કેશમાં નેટ વેચવાલ રહી હતી. આ ૧૬ મહિનામાં વિદેશી રોકાણકારોએ રૂપિયા ૬.૩૨ ટ્રિલિયનની ઈક્વિટીસની વેચવાલી કરી છે જ્યારે ઘરેલુ સંસ્થાકીય રોકાણકારો (ડીઆઈઆઈ)એ રૂપિયા ૧૧.૩૨ ટ્રિલિયનની ખરીદી કરી છે.

ભારતીય રૂપિયામાં નબળાઈ, ક્રુડ તેલના ઊંચા ભાવ તથા અમેરિકન ટ્રેઝરી યીલ્ડમાં વધારાને પરિણામે વિદેશી રોકાણકારોની અત્યારસુધી વેચવાલી જોવા મળતી હતી. જ્યારે જંગી રિટેલ ઈન્ફલોના ટેકા સાથે ઘરેલુ ફન્ડોની ઈક્વિટીસમાં ખરીદી આવી રહી છે.વિદેશી સંસ્થાકીય રોકાણકારોની આક્રમક ખરીદીને પરિણામે બેન્ચમાર્ક ઈન્ડાઈસિસ સેન્સેકસ તથા નિફટી૫૦માં નવેમ્બરમાં જોરદાર રિકવરી જોવા મળી છે. સેન્સેકસ તેની ઓલ ટાઈમ હાઈ સપાટી હવે ૨૫૦૦ પોઈન્ટ જેટલો જ દૂર છે જે ત્રણ મહિના અગાઉ ૧૫૦૦૦ પોઈન્ટ જેટલો દૂર હતો.મૂડી બજારમાં લાગુ કરાયેલા ટેકસના દરન વ્યવહારુ બનાવાશે તો તેનાથી વિદેશી રોકાણને આકર્ષવામાં મદદ મળશે એવી દલીલ કરવામાં આવી રહી છે.એલટીસીજીમાં ફેરબદલ કરવા સરકાર વિચારી રહી છે, પરંતુ આ ફેરફાર બજેટ પહેલા નહીં આવે તેવી સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસિઝ (સીબીડીટી)ના ચેરમેન રવી અગ્રવાલે તાજેતરમાં સ્પષ્ટતા કરી હતી.

કિયા કેરેન્સ ક્લેવિસ CNG અને કેરેન્સ CNGના 6,200 હોલસેલ યુનિટ્સનું વેચાણ; CNG મોબિલિટી પ્રત્યે વધતી જતી પસંદગી દર્શાવે છે

નવી દિલ્હી : કિયા ઈન્ડિયાના માર્કેટિંગ અને સેલ્સ વિભાગના સિનિયર વાઇસ પ્રેસિડેન્ટ શ્રી અતુલ સૂદે જણાવ્યું હતું કે, "કેરેન્સ ક્લેવિસ CNG અને કેરેન્સ CNGના 6,200 હોલસેલ યુનિટ્સનો આંકડો પાર કરવો એ કિયા ઈન્ડિયા માટે એક પ્રોત્સાહક સિદ્ધિ છે અને તે બજારમાં અમારા CNG વિકલ્પોના વધતા સ્વીકારને પ્રતિબિંબિત કરે છે. આ બાબત ગ્રાહકોને અનેક પાવરટ્રેન વિકલ્પો પૂરા પાડવાની સાર્થકતા પર ભાર મૂકે છે, જે તેમની બદલાતી મોબિલિટી જરૂરિયાતોને પૂર્ણ કરે છે. અમે વ્યવહારુ અને મૂલ્યવાન ઉત્પાદનો સાથે અમારા પોર્ટફોલિયોને મજબૂત કરવા માટે પ્રતિબદ્ધ છીએ, જેમાં રોજિંદા ઉપયોગમાં સરળતા, આરામ અને ટેક્નોલોજીનો સમન્વય હોય."કિયા કેરેન્સ ક્લેવિસ CNG ફેક્ટરી-ફિટેડ CNG વિકલ્પ સાથે આ મોડેલની 'પરિવાર-કેન્દ્રિત' વિશેષતાને વધુ વિસ્તૃત કરે છે. તે તેના હાલના પેટ્રોલ, ટર્બો-પેટ્રોલ અને ડીઝલ પાવરટ્રેન વિકલ્પોમાં એક નવો ઉમેરો છે. કેરેન્સ ક્લેવિસ શ્રેણીમાં છ અને સાત સીટના વિકલ્પોમાં ઉપલબ્ધ આ MPV, લવચીક બેઠક વ્યવસ્થા અને વિશાળ ઈન્ટીરિયરની સાથે અદ્યતન ફીચર્સનું સંપૂર્ણ પેકેજ પ્રદાન કરે છે. આમાં 26.62-ઈંચનું ડ્યુઅલ પેનોરેમિક ડિસ્પ્લે (જેમાં બે 12.25- ઈંચના HD સ્ક્રીનનો સમાવેશ થાય છે), સેગમેન્ટમાં પ્રથમ વખત રજૂ કરાયેલું ઈન્ફોટેનમેન્ટ/ટેમ્પરેચર કંટ્રોલ સ્વેપ સ્વિચ, ડ્યુઅલ-પેન પેનોરેમિક સનરૂફ, વેન્ટિલેટેડ ફ્રન્ટ સીટ્સ, ફોર-વે પાવર્ડ ડ્રાઈવર સીટ, બોઝ પ્રીમિયમ આઠ-સ્પીકર સાઉન્ડ સિસ્ટમ અને બ્લાઈન્ડ વ્યૂ મોનિટર સાથે 360-ડિગ્રી કેમેરા જેવી સુવિધાઓ સામેલ છે. બીજી હરોળની સીટમાં 'વન-ટચ ટમ્બલ' ફંક્શન આપવામાં આવ્યું છે, જેનાથી ત્રીજી હરોળ સુધી પહોંચવું સરળ બને છે. અમુક વેરિયન્ટ્સમાં 20 સ્વાયત્ત ફીચર્સ સાથે 'લેવલ 2 ADAS' પણ મળે છે, જ્યારે છ એરબેગ્સ સ્ટાન્ડર્ડ સેફ્ટી પેકેજનો ભાગ છે.G1.5 6MT પર આધારિત કિયા કેરેન્સ અને કેરેન્સ ક્લેવિસ CNGમાં ફેક્ટરી-ફિટેડ CNG કિટ આપવામાં આવી છે.



અમદાવાદમાં યોજાશે 'Engitech Expo 2026' – ઔદ્યોગિક ક્રાંતિ અને ટેક્નોલોજીનો મહાકુંભ

અમદાવાદ: ગુજરાતના ઔદ્યોગિક વિકાસને વધુ વેગ આપવા અને આધુનિક ટેક્નોલોજીના આદાન-પ્રદાન માટે આગામી તારીખ ૨૦ થી ૨૩ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન અમદાવાદના જાણીતા જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ (હેલ્મેટ સર્કલ પાસે, વસ્ત્રાપુર) ખાતે 'Engitech Expo 2026' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ મલ્ટી-કેટેગરી ઈન્ડસ્ટ્રિયલ એક્ઝિબિશન (ઔદ્યોગિક પ્રદર્શન) દેશ-વિદેશના ઉદ્યોગસાહસિકો, ટેક્નોલોજી પ્રેમીઓ અને વેપારીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.



આ એક્સ્પો અંગેની વિસ્તૃત વિગતો અને આયોજનની માહિતી આપવા માટે તારીખ ૨૦ નવેમ્બર, ૨૦૨૬, શુક્રવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે એક ખાસ પ્રેસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં પત્રકાર મિત્રોને ખાસ આમંત્રિત કરવામાં આવે છે.

એક્ઝિબિશનની મુખ્ય વિશેષતાઓ:

વૈવિધ્યસભર પ્રદર્શન: મશીનરી, ઔદ્યોગિક ઓટોમેશન, રોબોટિક્સ, ઇલેક્ટ્રિકલ, પાવર અને હેન્ડ ટુલ્સ, કન્સ્ટ્રક્શન, મટીરિયલ હેન્ડલિંગ વગેરે જેવા અનેક ક્ષેત્રોનું વિશાળ પ્રદર્શન.

નવા માર્કેટની તકો: 'Unlocking New Market Opportunities' (બજારની નવી તકો ખોલવી) ના સૂત્ર સાથે આ એક્સ્પો ઉદ્યોગો માટે B2B જોડાણો અને નેટવર્કિંગ માટેનું મોટું પ્લેટફોર્મ બનશે.

વિશાળ સહભાગીતા: સેંકડો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ તેમના ઇનોવેશન્સ અને ટેક્નોલોજીનું જીવંત નિદર્શન (Live Demo) કરશે.

કરોડો PF ખાતાધારકો માટે મોટી ખુશખબર! મિનિમમ બેલેન્સ 25 ટકાથી ઘટાડી 10 ટકા કરાયું

(એજન્સી) નવી દિલ્હી | તા.20

એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન (EPFO)ના સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ દ્વારા ગુરુવારે સભ્યોના હિતમાં અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. હવે સભ્યો નિવૃત્તિ સમયે પ્રોવિડન્ટ ફંડ (PF)ની સંપૂર્ણ રકમ એકસાથે ઉપાડવાને બદલે નિયમિત હપ્તામાં (સિસ્ટમેટિક વિથડ્રોઅલ પ્લાન હેઠળ) મેળવી શકશે. આ ઉપરાંત, ખાતામાં જાળવી રાખવાના લઘુત્તમ બેલેન્સની મર્યાદા ઘટાડવા અને બેરોજગારી બાદ ફાઈનલ સેટલમેન્ટના નિયમમાં પણ મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.EPFO બોર્ડે ગત વર્ષે લીધેલા એક નિર્ણયને પલટી નાખ્યો છે. ઓક્ટોબર 2025માં બેરોજગારી બાદ ફાઈનલ પીએફ ઉપાડવા માટેનો પ્રતીક્ષા સમય વધારીને 12 મહિના કરવામાં આવ્યો હતો, જે હવે ફરીથી ઘટાડીને 2 મહિના કરી દેવામાં આવ્યો છે. એટલે કે, બે મહિના સુધી બેરોજગાર રહેનાર સભ્યો ફરીથી પીએફના અંતિમ સેટલમેન્ટ માટે દાવો કરી શકશે. જોકે, ફાઈનલ પેન્શન ઉપાડવા માટેનો લઘુત્તમ પ્રતીક્ષા સમય 36 મહિના જ યથાવત રહેશે. આ સાથે જ સભ્યોએ જાળવી રાખવાના લઘુત્તમ બેલેન્સની મર્યાદા પણ 25 ટકાથી ઘટાડીને 10 ટકા કરવાની મંજૂરી અપાઈ છે.

દુનિયાનો સૌથી મોટો IPO

કંપનીના 2,800 કર્મચારીઓ રાતોરાત બનશે કરોડપતિ, સિનિયર કરતાં જુનિયર્સની કમાણી વધુ



(એજન્સી) નવી દિલ્હી | તા.20

ટેકનોલોજી જગતમાં ગુરુવારે એક નવો ઇતિહાસ રચાવા જઈ રહ્યો છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ક્ષેત્રની અગ્રણી કંપની એન્થ્રોપિકનો વિશ્વનો સૌથી મોટો આઇપીઓ બજારમાં લિસ્ટ થવા જઈ રહ્યો છે, જેની સાથે જ કંપનીના અંદાજે 2800 વર્તમાન અને પૂર્વ કર્મચારીઓ રાતોરાત કરોડપતિ બની જશે. આ ઐતિહાસિક લિસ્ટિંગની સૌથી ચોંકાવનારી બાબત એ છે કે કંપનીમાં શરૂઆતના દિવસોમાં જોડાયેલા જુનિયર અને એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફનેની કમાણી પાછળથી ઉચ્ચ હોદ્દા પર આવેલા સિનિયર અધિકારીઓ કરતાં પણ વધી જવાની છે.

પ્રાઇવેટ બજારના વિશ્લેષણ મુજબ, આ આઇપીઓ બાદ કંપનીનું કુલ મૂલ્ય 1.35 થી 1.5 ટ્રિલિયન ડોલરની આસપાસ પહોંચવાનો અંદાજ છે, જેનાથી તે વિશ્વની 12 સૌથી મૂલ્યવાન કંપનીઓની યાદીમાં સામેલ થઈ જશે. આ જંગી મૂલ્યાંકનને કારણે અંદાજે 2800 કર્મચારીઓ પાસે ઓછામાં ઓછા 10 લાખ ડોલરની પ્રી-ટેક્સ વેસ્ટેડ ઇક્વિટી જમા થશે. એટલું જ નહીં, 598 નોન-ફાઉન્ડર કર્મચારીઓ એવા પણ છે જેમની પાસે 10 કરોડ ડોલર કે તેથી વધુની સંપત્તિ હોવાનું અનુમાન છે.

આ અણધારી સંપત્તિ પાછળ કંપનીની 'કર્મચારી શેર વિકલ્પ' યોજના જવાબદાર છે. વર્ષ 2021 માં જ્યારે કંપનીની શરૂઆત થઈ હતી, ત્યારે તેનું મૂલ્ય ઘણું ઓછું હોવાથી પ્રારંભિક તબક્કે જોડાયેલા સામાન્ય અને વહીવટી કર્મચારીઓને અત્યંત નજીવા દરે શેર ખરીદવાના વિકલ્પો મળ્યા હતા. 2023 સુધી ફાળવાયેલા આ વિકલ્પોની સરેરાશ કિંમત માત્ર 0.52 ડોલર પ્રતિ શેર હતી. હવે આઇપીઓ માટે 70 થી 78 ડોલરનો ભાવ નક્કી થયો હોવાથી આ જૂના કર્મચારીઓને મોટો ફાયદો થયો છે. ગણતરી મુજબ, જે જુનિયર કર્મચારી પાસે 0.52 ડોલરના ભાવે 10,000 શેર વિકલ્પો છે, તેને 78 ડોલરના લિસ્ટિંગ ભાવે અંદાજે 7.74 લાખ ડોલરનો જંગી નફો મળી શકે છે. તેની સામે જે સિનિયર અધિકારીઓ આઇપીઓના થોડા સમય પહેલાં ઊંચા પગારે જોડાયા હતા, તેમને શેર વિકલ્પો ઊંચા ભાવે મળ્યા હોવાથી તેમની કમાણી જુનિયર્સ કરતાં ઓછી રહેશે.

કંપનીના આંકડા મુજબ, 30 સપ્ટેમ્બર સુધીમાં કર્મચારીઓના શેર વિકલ્પો પર આશરે 119 અબજ ડોલરનો કાગળ પરનો નફો નોંધાયો હતો, જેમાંથી 73 અબજ ડોલરનો હિસ્સો તરત ઉપાડી શકાય તેવો છે. જોકે, બજારમાં શેરનો ભરાવો ન થાય તે માટે પ્રથમ દિવસે નોન-ફાઉન્ડર કર્મચારીઓને તેમના હિસ્સાના માત્ર 10 ટકા શેર જ વેચવાની મંજૂરી આપવામાં આવશે, જ્યારે નાણાકીય વર્ષ 2026 ના પરિણામો જાહેર થયા બાદ વધુ 35 ટકા શેર વેચી શકાશે.

કોટક લાઈફે કોટક વેરિએબલ ઇન્ડેક્સ એન્યુઇટી પ્લાન લોન્ચ કર્યો

(એજન્સી) મુંબઈ | તા.20

કોટક મહિન્દ્રા લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ ('કોટક લાઈફ') એ કોટક વેરિએબલ ઈન્ડેક્સ એન્યુઈટી પ્લાન લોન્ચ કરવાની જાહેરાત કરી છે. આ રિટાયરમેન્ટ સોલ્યુશન NIFTY 50 ઈન્ડેક્સ સાથે જોડાયેલી વૃદ્ધિની સંભાવના સાથે આજીવન ગેરંટીડ આવક પ્રદાન કરે છે. તે ગ્રાહકોને દીર્ઘાયુષ્ય સાથે સંબંધિત નાણાકીય જોખમોનો સામનો કરવામાં, મોંઘવારીની અસર ઘટાડવામાં અને લાંબા ગાળાની નાણાકીય સુરક્ષા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. પીયૂષ ત્રિવેદી, ચીફ ડિસ્ટ્રિબ્યુશન ઓફિસર, કોટક લાઈફે જણાવ્યું કે, '2050 સુધીમાં ભારતની 60 અને તેથી વધુ વયની વસ્તી 347 મિલિયન સુધી પહોંચવાનો અંદાજ છે*. તે જ સમયે, નિવૃત્તિની વ્યાખ્યા બદલાઈ રહી છે. લોકો આજે તેમના જીવનના ઉત્તરાર્ધમાં સક્રિય રહેવા, નવી રુચિઓ કેળવવા અને વધુ નાણાકીય સ્વતંત્રતા માણવાની ઈચ્છા રાખે છે. આ બદલાવ એવા નિવૃત્તિ સોલ્યુશન્સની માંગ કરે છે જે નિશ્ચિતતા અને મોંઘવારી સામે લાંબા ગાળાનું રક્ષણ બંને પ્રદાન કરે. કોટક વેરિએબલ ઈન્ડેક્સ એન્યુઈટી પ્લાન આ બદલાવને પ્રતિબિંબિત કરે છે અને નવીન તથા ગ્રાહક-કેન્દ્રિત રિટાયરમેન્ટ સોલ્યુશન્સ દ્વારા ભારતીય ગ્રાહકોની બદલાતી જરૂરિયાતો પૂરી કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે.'



ભારતમાં આયુષ્યમાં સતત વધારો જોવા મળી રહ્યો છે; આથી, બચત ખૂટી ગયા પછી પણ જીવિત રહેવાની શક્યતા એ નિવૃત્તિ માટેની વધતી ચિંતા છે.40થી 59 વર્ષની વયના લોકો માટે પણ નિવૃત્તિનું આયોજન વધુ પ્રાથમિકતા બની રહ્યું છે. ઘણા લોકો પાસે તેમને જરૂરી નિવૃત્તિ ભંડોળની વાજબી સમજ હોય છે, પરંતુ આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે તેઓએ પૂરતી બચત એકઠી કરી ન પણ હોય. પરિણામે, એવા હાઇબ્રિડ સોલ્યુશન્સની માંગ વધી રહી છે જે આવકની નિશ્ચિતતા અને સમય જતાં ખરીદશક્તિ જાળવી રાખવાની સંભાવના બંને પ્રદાન કરે છે.કોટક વેરિએબલ ઈન્ડેક્સ એન્યુઈટી પ્લાન ઈન્ડેક્સ લિંક્ડ ગ્રોથની સંભાવના સાથે આજીવન ગેરંટીડ એન્યુઈટી આવકની નિશ્ચિતતાને જોડીને નિવૃત્તિની આ બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્લાન શરૂઆતમાં ગેરંટીડ એન્યુઈટી રેટ્સ, મૃત્યુ પર પ્રીમિયમ પરત અને ઊંચા એન્યુઈટી દરો દ્વારા લાંબા ડિફરમેન્ટ સમયગાળાનો લાભ મેળવવાની સુગમતા પ્રદાન કરે છે. NIFTY 50 ઈન્ડેક્સની લાંબા ગાળાની વૃદ્ધિ ક્ષમતાનો લાભ લેવાની તક સાથે, આ પ્લાનનો હેતુ આજીવન ગેરંટીડ આવકની સુરક્ષા માણવાની સાથે વધતા ખર્ચાઓ સામે તાલ મિલાવવામાં મદદ કરવાનો છે.

SEBI તરફથી IPO લાવવાની મંજૂરી મળી

કંપનીએ ઈમેલ અને ન્યૂઝથી બનાવી હતી ઓળખ, હવે 600 કરોડનો IPO લાવવા તૈયારી

(એજન્સી) નવી દિલ્હી | તા.20

ભારતના શેરબજારમાં લિસ્ટિંગની તૈયારી કરી રહી છે.કંપનીએ SEBI સમક્ષ અપડેટેડ ડ્રાફ્ટ પેપર દાખલ કર્યા છે.આ IPO દ્વારા 600 કરોડ રૂપિયા સુધી એકત્ર કરવાની યોજના છે. Rediff.com India Ltd એ પોતાનું અપડેટેડ ડ્રાફ્ટ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (UDRHP)બજાર નિયમનકાર સેબી (SEBI) પાસે ફાઈલ કર્યું છે.કંપની IPO મારફતે 600 કરોડ રૂપિયા સુધી ઊભા કરવા માંગે છે.ખાસ વાત એ છે કે આ સમગ્ર ઇશ્યૂ ફ્રેશ ઇક્વિટી શેરનો હશે. તેમાં હાલના શેરધારકો તરફથી ઓફર ફોર સેલ (OFS) કરવામાં આવશે નહીં.એટલે કે IPO માંથી મળતી સંપૂર્ણ રકમ કંપની પાસે જશે. કંપનીને ઓગસ્ટમાં જ SEBI તરફથી IPO લાવવાની મંજૂરી મળી ગઈ હતી. હવે અપડેટેડ દસ્તાવેજો દાખલ કરવાની સાથે લિસ્ટિંગ તરફ આગળનું પગલું ભરવામાં આવ્યું છે.IPO માંથી મળતી રકમનો મોટો હિસ્સો કંપની પોતાના ડિજિટલ બિઝનેસને મજબૂત બનાવવામાં ખર્ચ કરશે.Rediff.comની યોજના Rediff One, Rediff Pay અને Rediff TVના વિકાસ અને વિસ્તરણ પાછળ 224.8 કરોડ રૂપિયા ખર્ચ કરવાની છે.આ ઉપરાંત માર્કેટિંગ અને બ્રાન્ડિંગ પ્રવૃત્તિઓ માટે 183.34 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. બાકીની રકમ સંભવિત એક્વિઝિશન અને સામાન્ય કોર્પોરેટ જરૂરિયાતો પર ખર્ચ કરવામાં આવશે.કંપનીની રણનીતિ પોતાના ડિજિટલ પ્લેટફોર્મનો વિસ્તાર કરવાની અને નવી વ્યાપારી તકોનો લાભ ઉઠાવવાની છે.

Rediff.comની શરૂઆત 1996માં એક ઇન્ટરનેટ પોર્ટલ અને ડિજિટલ મીડિયા કંપની તરીકે થઈ હતી. 1998માં કંપનીએ Rediffmail ઈમેલ સેવા શરૂ કરી. ત્યારબાદ 2007માં MoneyWiz દ્વારા પર્સનલ ફાઇનાન્સ સેગમેન્ટમાં પ્રવેશ કર્યો.સમય જતાં કંપનીએ પોતાના કારોબારનો વિસ્તાર એન્ટરપ્રાઇઝ સોફ્ટવેર, ઈ-કોમર્સ અને ડિજિટલ સેવાઓ સુધી કર્યો. જુલાઈ 2025માં Rediff TV લોન્ચ કરવામાં આવ્યું.

ફાઇનલ PF ઉપાડ, નવી SWP યોજના, EPFO ના 5 નવા નિયમો

1. નિવૃત્તિ બાદ હપ્તામાં મળશે PF ના પૈસા: SWP યોજનાને મંજૂરી

જ્યારે ખાતામાં જમા બાકીની રકમ પર વ્યાજ મળતું રહેશે. આનાથી નિવૃત્તિ બાદ PF ફંડ નિયમિત આવકનો સ્ત્રોત બની રહેશે. જો ચુકવણીના સમયગાળા દરમિયાન સભ્યનું અવસાન થાય, તો નોમિની બાકીની રકમ ઉપાડી શકશે અથવા SWP હેઠળ હપ્તા ચાલુ રાખી શકશે. પ્રારંભિક તબક્કામાં 55 વર્ષથી વધુ ઉંમરના અને ખાતામાં 5 લાખથી વધુ બેલેન્સ ધરાવતા આશરે 6.32 લાખ સભ્યોને આનો લાભ મળવાની અપેક્ષા છે.

2. PF ખાતામાંથી હવે 90% સુધીની રકમ ઉપાડી શકાશે

PF ખાતામાં લઘુત્તમ 25% બેલેન્સ જાળવી રાખવું જરૂરી હતું, જે હવે ઘટાડીને માત્ર 10% કરી દેવામાં આવ્યું છે. આ ફેરફારને કારણે અગાઉ નોકરી છોડ્યા પછી કે નિવૃત્તિ સમયે જમા રકમના 75% સુધી જ ઉપાડ શક્ય હતો, પરંતુ હવે કર્મચારીઓ પોતાના PF ખાતામાંથી 90% સુધીની રકમ ઉપાડી શકશે અને માત્ર 10% રકમ ખાતામાં રાખવી પડશે.

3. અંતિમ PF ઉપાડ માટે રાહ જોવાનો સમયગાળો ઘટીને 2 મહિના થયો

બેરોજગારીની સ્થિતિમાં કર્મચારીઓને તાત્કાલિક આર્થિક મદદ મળી રહે તે માટે EPFO એ અંતિમ (ફાઇનલ) PF ઉપાડ માટેનો રાહ જોવાનો સમયગાળો ૧૨ મહિનાથી ઘટાડીને માત્ર બે મહિના કરી દીધો છે.

4. EDLI યોજના હેઠળ સંસ્થાઓને 6 મહિનાની મોટી રાહત

બોર્ડે લાયક સંસ્થાઓને તેમની સમાપ્ત થઈ ગયેલી મુક્તિઓ (Exemptions) રિન્યુ કરાવવા માટે છ મહિનાનો વધારાનો સમય આપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત, યોગ્ય ચકાસણી બાદ ચોક્કસ સમયગાળા માટે યોગદાન, વ્યાજ અને દંડમાં પણ રાહત આપવાની જોગવાઈ કરવામાં આવી છે.

5. EPFO ની ડિજિટલ સેવાઓ અને ક્લેમ સેટલમેન્ટ વધુ ઝડપી બન્યા

CITES 2.0 સિસ્ટમના અમલીકરણ બાદ

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, કારતક સુદ - 12

અમિત શાહ પછી જેલમાં જવાનો વારો નરેન્દ્ર મોદીનો હતો

કોંગ્રેસના સિનિયર નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય કાયદા મંત્રી એમ વિરપ્પા મોઈલીએ મોટો ધડાકો કર્યો છે. એમનો દાવો છે કે, યુપીએ સરકાર વખતે કોંગ્રેસના જ કેટલાક નેતાઓએ નરેન્દ્ર મોદી વિરુદ્ધ ચાલતી તપાસ અટકાવી દીધી હતી. એ વખતે મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા. મોઈલીની માહિતી પ્રમાણે જો તપાસ ચાલુ રહેતે તો મોદીએ ચોક્કસ જેલ જવુ પડતે. પક્ષના કેટલાક નેતાઓના નિર્ણયને કારણે કોંગ્રેસને મોટુ રાજકીય નુકસાન થયું છે. આજે આપણે એજ ભૂલનું પરિણામ ભોગવી રહ્યા છીએ. મોઈલીએ શોહરાબુદ્દીન શેખના કહેવાતા એન્કાઉન્ટરનો ઉલ્લેખ પણ કર્યો હતો. શોહરાબુદ્દીન એન્કાઉન્ટર કેસમાં ગુજરાતના તત્કાલીન ગૃહમંત્રી અમિત શાહનું નામ પણ બહાર આવ્યું હતું. મોઈલી ૨૦૦૯થી ૨૦૧૧ની વચ્ચે કેન્દ્રીય કાયદામંત્રી રહ્યા હતા. મોઈલીના કહેવા પ્રમાણે જો યોગ્ય પગલા લેવામાં આવ્યા હોત તો અમિત શાહ કેન્દ્રીય ગૃહમંત્રી બની શકતે નહીં.ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી પહેલા ભાજપએ મુસ્લિમ અને દલીત મતો તોડવા માટે મોટી ડીલ કરી હોવાના આક્ષેપ થયા છે. એક અખબારનું કટીંગ સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. આ કટીંગમાં છપાયેલા સમાચાર પ્રમાણે સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના મત તોડવા માટે ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઓવૈસીને ૧,૦૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. જોકે આ સમાચારની ખાતરી થઈ શકી નથી. હકીકત એ છે કે, ભૂતકાળમાં પણ અસદુદ્દીન ઓવૈસીના ઉમેદવારોએ બીજા રાજ્યોમાં પણ મુસ્લિમોના મત તોડીને ભાજપને આડકતરો ફાયદો કરાવ્યો છે. ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભાજપની પરિસ્થિતિ ખરાબ હોવાનું મનાય છે ત્યારે કોઈપણ હિસાબે જીત મેળવવા ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઓવૈસીના ઉમેદવારોને ઉતારવા જરૂરી છે. ચંદ્રશેખર આઝાદ માયાવતીના દલીત મતો તોડી શકે છે. ઉત્તર પ્રદેશમાં ચંદ્રશેખર આઝાદ અને અસદુદ્દીન ઓવૈસીને ભાજપની બી ટીમ ગણવામાં આવે છે.કેન્દ્રીય મંત્રી કિરેન રિજીજુ રાહુલ ગાંધીના તમામ નિવેદનોની ટીકા કરતા રહે છે. બધા કેન્દ્રીય મંત્રીઓમાંથી કિરેન રિજીજુ સૌથી વધુ બોલકા છે. હવે કોંગ્રેસે એમને એમની જ ભાષામાં જવાબ આપવાનું શરૂ કર્યું છે. રાહુલ ગાંધી વિશે એમણે નિવેદન આપ્યું એની આકરી ટીકા કોંગ્રેસના મહામંત્રી અને સાંસદ સી વેણુગોપાલએ કરી છે. વેણુગોપાલએ કહ્યું છે કે રાહુલ ગાંધીને સલાહ આપતા પહેલા રિજીજુ પોતે પોતાના પક્ષ અને વડાપ્રધાન બાબતે આત્મનિરીક્ષણ કરે. એમણે આરોપ મૂક્યો છે કે, હમણાના શાસનમાં દેશની લોકશાહી વિકૃત થઈ ગઈ છે અને નષ્ટ થઈ ગઈ છે. દેશના ચૂંટણી કમિશનની પ્રવૃત્તિને કારણે પૂરવાર થયું છે કે દેશમાં કેવું તંત્ર ચાલી રહ્યું છે. રાહુલ ગાંધીના કહ્યા વગર પણ દેશ અને દુનિયામાં બધા જાણે છે કે ભારતમાં લોકશાહી જોખમમાં છે. રિજીજુએ વડાપ્રધાનને પહેલા પૂછવું જોઈએ કે સંસદ ક્યારે બોલાવશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશ્યલ મીડિયા એક્સના હેન્ડલ પર લોકપ્રિય વીડિયો ગેમ જીટીએનો ઉપયોગ ભારતની પ્રગતિ બતાવવા માટે કર્યો છે. આ બાબતે કોંગ્રેસના નેતા જયરામ રમેશે વડાપ્રધાનને ટોણો માર્યો છે. સોશ્યલ મીડિયા એક્સ પર જ પોસ્ટ મૂકીને એમણે લખ્યું છે કે, 'યુવાનોમાં લોકપ્રિય થવા માટેની અધિરાઈમાં વડાપ્રધાને સોશ્યલ મીડિયા પર જીટીએ-૫ અને જીટીએ-૬ ગેમના ફોટાની મદદ લેવી પડી છે. યાદ રહે કે આ વીડિયો ગેમમાં બે ગુનેગારોની વાર્તા છે. આવી સરખામણી કેટલી યોગ્ય છે?' વડાપ્રધાનની પોસ્ટમાં જીટીએ-૫ અને જીટીએ-૬ વચ્ચે ૧૩ વર્ષોમાં દેશમાં થયેલા ફેરફાર બતાવવાની કોશિષ કરવામાં આવી છે. સાથે એમણે લખ્યું છે કે, 'ભારત હવે એક નવી જ રમત રમી રહ્યું છે.'લગભગ ૧ વર્ષ પછી સમાજવાદી પાર્ટીના નેતા આઝમ ખાન ગાઝીયાબાદની ડાસના જેલમાંથી છૂટીને ઘરે પરત ફર્યા છે. તેઓ જેલમાંથી નીકળ્યા ત્યારે એમનું હીરો જેવું સ્વાગત કરવામાં આવ્યું હતું. ૧૦૦થી વધુ મોટરોના કાફલા સાથે તેઓ પોતાના વતન રામપુર પહોચ્યા હતા. એમના આગમન સાથે જ શહેરમાં ફટાકડા ફોડીને ખુશી મનાવવામાં આવી હતી. સમર્થકોએ 'ટાઈગર ઈઝ બેક'ના સૂત્રો પોકાર્યા હતા. એમના છૂટકારાના સમાચાર મળતા જ રામપુરમાં એમના ઘરની બહાર લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા. એમના ઘરને રંગબેરંગી લાઈટોથી સજાવવામાં આવ્યું હતું. એક જમાનામાં ઉત્તર પ્રદેશના રાજકારણ પર આઝમ ખાનનું પ્રભુત્વ હતું. હવે ઉત્તર પ્રદેશ વિધાનસભાની ચૂંટણી નજીક છે ત્યારે આઝમ ખાનના છૂટકારાને કારણે અખિલેશ યાદવ કદાચ સૌથી વધુ ખુશ હશે.

ખારી ધારીયાલ મંદિર ચોરી સંદર્ભે ચાણસ્મા પોલિશે તપાસ નો ધમધમાટ શરૂ કર્યો



નિતીન ઠાકર ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના ખારી ધારીયાલ ગામે બુધવારે મોડી રાતથી ગુરૂવારે વહેલી સવાર સુધીમાં પિઠાઈ માતાજીના મંદિરમાં ચોરીની ઘટના બનતાં ટ્રસ્ટી મંડળ દ્વારા અંદાજે સાડા પાંચ લાખના સોના ચાંદીના દાગીના સહિત તસ્કરી થયાની ચાણસ્મા પોલિશ મથકે ફરીયાદ દાખલ કરવામાં આવતાં ચાણસ્મા પીઆઇ જિગર પટેલના માર્ગદર્શન નીચે પી એસ આઈ પંડ્યા દ્વારા તપાસનો દોર શરૂ કરાયો છે ત્યારે ડોંગ સ્કોડની મદદ લેવામાં આવતાં ડોંગ 5 ખારી ધારીયાલ ગામ થી નર્મદાની મુખ્ય કેનાલ પાંચ કિમી સુધી પહોંચતાં નર્મદા કેનાલ આજુબાજુના સહીત હારીજ રાધનપુર-સમી આજુ બાજુ ના કેટલાક શંકમંદો ની ચોરી સંદર્ભે પૂછ પરછ હાથ ધરવામાં આવી છે તદઉપરાંધ તપાસના કામે ના પોલિશ અધિક્ષક ના માર્ગદર્શન નીચે એસઓજી એલ સી બી દ્વારા પણ તપાસ ઘટનાસ્થળની વિઝિટ કરી ઘટનાની વિગતો મેળવાઈ રહી હોવાનું પોલિશસૂત્રોએ જણાવ્યું હતુ

સંખેડા તાલુકાની વિવિધ માઇનોર નહેરોમાં સિંચાઈ માટે પૂરતું પાણી ન મળતાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું





રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

સંખેડા તાલુકાની વિવિધ માઇનોર નહેરોમાં સિંચાઈ માટે પૂરતું પાણી ન મળતાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું.ખેડૂતોએ હરિપુરા, ફતેપુર-નાગરવાડા, સાપરિયા, નંદપુર-સાપરિયા, કાશીપુરા-સજાનપુરા, પરવેટા, કાવીઠા-કંડેવાર અને ભીમપુરા સહિતની માઇનોર નહેરોમાં પાણી ન આવતું હોવાની રજૂઆત કરી હતી. તેમણે સ્થળ તપાસ કરાવી નહેરોમાં પૂરતું અને નિયમિત પાણી છોડવાની માંગ કરી છે. 10 દિવસમાં સમસ્યાનો ઉકેલ નહીં આવે તો આંદોલન કરવાની ચીમકી પણ આપી છે.સંખેડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખેતી માટે સિંચાઈના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ છે. તાલુકાની વિવિધ માઇનોર નહેરોમાં સિંચાઈ માટે પૂરતું પાણી ન મળતું હોવાથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ ગંભીર પ્રશ્નને વાચા આપવા માટે આમ આદમી પાર્ટી (AAP) ના કાર્યકરો અને સ્થાનિક ખેડૂતોએ એકત્ર થઈને સંખેડા મામલતદારને વિગતવાર આવેદનપત્ર સુપરત કર્યું હતું.કયા ગામોની માઇનોર નહેરોમાં પાણીની તંગી?સંખેડા તાલુકા માઇનોર નહેર સિંચાઈ પાણી સમસ્યા ૨૦૨૬ અંતર્ગત પાઠવવામાં આવેલા આવેદનપત્રમાં ખેડૂતોએ રજૂઆત કરી હતી કે તાલુકાના અનેક ગામોમાંથી પસાર થતી માઇનોર કેનાલોમાં પાણી પહોંચતું નથી. જેમાં મુખ્યત્વે નીચે મુજબના વિસ્તારોની નહેરોનો સમાવેશ થાય છે: હરિપુરાફતેપુર-નાગરવાડાસાપરિયાનંદપુર-સાપરિયાકાશીપુરા-સજાનપુરાપરવેટાકાવીઠા-કંડેવારભીમપુરાઆ તમામ વિસ્તારોની માઇનોર નહેરોમાં પૂરતું પાણી ન આવતું હોવાને કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.સ્થળ તપાસ અને ૧૦ દિવસમાં ઉકેલ ન આવે તો આંદોલનની ચીમકીસંખેડા મામલતદાર આવેદનપત્ર આમ આદમી પાર્ટી ખેડૂતો દ્વારા કરવામાં આવેલી રજૂઆતમાં માંગણી કરવામાં આવી છે કે, જવાબદાર અધિકારીઓ દ્વારા તાત્કાલિક અસરથી અસરગ્રસ્ત નહેરોની સ્થળ તપાસ કરાવવામાં આવે અને તમામ માઇનોર નહેરોમાં પૂરતું તથા નિયમિત પાણી છોડવાની વ્યવસ્થા કરવામાં આવે.હરિપુરા ફતેપુર સાપરિયા નહેર પાણી આંદોલન ચીમકી આપતા આગેવાનો અને ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો આગામી ૧૦ દિવસમાં સિંચાઈના પાણીની આ સમસ્યાનો યોગ્ય અને નક્કર ઉકેલ લાવવામાં નહીં આવે, તો ખેડૂતોના હિતમાં ગાંધી ચિંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન છેડવાની ફરજ પડશે.

ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૬ અંતર્ગત

પરિક્રમાર્થીઓની સુખદ, સુરક્ષિત અને સુવિધાયુક્ત પરિક્રમા માટે જૂનાગઢ મહાનગરપાલિકાની સર્વગ્રાહી તૈયારીઓ પૂર્ણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૧૯ આગામી ગિરનાર લીલી પરિક્રમા-૨૦૨૬માં પધારનાર લાખો શ્રદ્ધાળુઓ અને પરિક્રમાર્થી ઓના સુખદ અનુભવ, યોગ્ય માર્ગદર્શન તથા સુરક્ષિત પરિક્રમા માટે જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તમામ જરૂરી કામગીરી અને વ્યવસ્થાઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પરિક્રમાર્થીઓને જરૂરી માર્ગદર્શન અને સંપર્ક સુવિધા મળી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા માહિતી કેન્દ્રો અને કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. જેમાં સેન્ટ્રલ કંટ્રોલ રૂમ, ઝોનલ ઓફિસ, ભવનાથ ખાતે ટેલિફોન નંબર: ૦૨૮૫-૨૬૫૧૨૬૬ અને ૦૨૮૫-૨૬૫૧૨૬૭, દત્ત ચોક માહિતી કેન્દ્ર, ભવનાથ ખાતે ટેલિફોન નંબર: ૦૨૮૫-૨૬૫૧૨૬૮ તથા માહિતી કેન્દ્ર, ઈન્દ્રભારતી ગેઈટની બાજુમાં, દુધેશ્વર પમ્પિંગ સ્ટેશન પાસે ખાતે ટેલિફોન નંબર: ૦૨૮૫-૨૬૫૧૨૬૯ પર સંપર્ક કરી શકાશે. આ ઉપરાંત ગીરનાર દરવાજાથી ભવનાથ વિસ્તાર સુધીના રોડ સાઈડના તથા જિલ્લા પંચાયત સામેના પાર્કિંગના અનઅધિકૃત દબાણો દૂર કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ટ્રાફિકને અડચણ ન થાય તે રીતે ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા પોલીસ વિભાગના સંકલનમાં રહી ૫૨ કોમર્શિયલ પ્લોટ ફાળવણીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે, પરિક્રમા રૂટ, ભવનાથ, ગીરનાર દરવાજાથી સોનાપુર તેમજ મુખ્ય માર્ગો પર નવા રોડ અને રીપેરીંગ/પેચવર્કની કામગીરી પૂર્ણ કરાઈ છે, પાર્કિંગ પ્લોટનું લેવલીંગ પૂર્ણ થયું છે, તેમજ પોલીસના સંકલનમાં રહી સાઈન બોર્ડ લગાડવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. બહારગામથી આવતા વાહનો માટે પાર્કિંગની સુવિધા જળવાઈ રહે તે માટે વિવિધ ૬ સ્થળોએ પાર્કિંગ પ્લોટની વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ભરડાવાવ પાસેનો પાર્કિંગ પ્લોટ (૭,૭૦૦ ચો.મી. વિસ્તાર, અંદાજે ૭૫ ફોરવ્હીલ), GMERS કોલેજ પાછળ (૧૪,૮૦૦ ચો.મી. વિસ્તાર, અંદાજે ૪૦૦ ફોરવ્હીલ અને ૧૮૦ બસ), ફાયર સ્ટેશનની બાજુમાં (૯૨૦ ચો.મી. વિસ્તાર, અંદાજે ૧૫ ફોરવ્હીલ), પાંજરાપોળ ગૌશાળા (૨૬,૦૦૦ ચો.મી. વિસ્તાર, અંદાજે ૬૦૦ ફોર વ્હીલ અને ૩૫૦ બસ), ડોલરભાઈ કોટેચાની જગ્યા (૬,૯૦૦ ચો.મી. વિસ્તાર, અંદાજે ૪૫૦ ફોરવ્હીલ) તથા ઉપરકોટ પાછળની જગ્યા (૧૧,૪૦૦ ચો.મી. વિસ્તાર, અંદાજે ૭૦૦ ફોર વ્હીલ)નો સમાવેશ થાય છે.પીવાના પાણીની સુદ્રઢ વ્યવસ્થા હેઠળ જિલ્લા પંચાયત ગ્રાઉન્ડમાં ૪૩ લાખ લિટરનો ભૂગર્ભ સંપ, શેરનાથ બાપુ આશ્રમ સામે ૫.૭૫ લાખ લિટરની ઊંચી ટાંકી અને ઉષા બ્રેકો સામે પાંચ લાખ લિટરની ઊંચી ટાંકી દ્વારા નવા ભવનાથ, વિવિધ આશ્રમો, રીંગ રોડ, લંબે હનુમાન મંદિર, ભવનાથ મંદિર, ગીરનાર સીડી અને રહેણાક વિસ્તારોમાં પાણી પૂરું પાડવામાં આવશે. પરિક્રમા રૂટ પર ટેમ્પરરી સ્ટેન્ડ ઉભા કરી પાઈપલાઈન દ્વારા અંદાજીત ૨૦ થી વધારે ટાંકીઓ ભરવામાં આવશે. તેમજ પાર્કિંગ પર પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે. ભવનાથ વિસ્તારમાં ૧૮ બોર અને અંદાજે ૧૦ હેન્ડપંપ કાર્યરત રખાયા છે, કેમિસ્ટની ટીમ દ્વારા ક્લોરીનેશન અને પરીક્ષણની વ્યવસ્થા ગોઠવાઈ છે, વોટર વર્ક્સનો સ્ટાફ ૨૪ કલાક ફરજ પર રહેશે, અને વડલી ચોક (ઝોનલ ઓફિસ પાસે) પાણી વ્યવસ્થાની ફરિયાદ અને રીંગ રોડ (ગોવાળિયા ધામ પાસે),ટેન્કર વ્યવસ્થાના કંટ્રોલરૂમ કાર્યરત કરાયા છે. સ્વચ્છતા અને સફાઈ માટે ૨૦૦ સફાઈ કામદારો મારફતે તેમજ ૧૭ રૂટ સુપરવાઈઝર દ્વારા ત્રણ પાળીમાં ૨૪ કલાક સફાઈ તથા ગટર સફાઈ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. લાલઘોરી, ન્યુ ભવનાથ અને ભવનાથ પાર્કિંગ વિસ્તાર સિવાયના અન્ય વિસ્તારો માં ખાનગી એજન્સી મારફત સફાઈ ની કામગીરી ચાલુ કરવામાં આવી છે, તેમજ પરિક્રમા પૂર્વે ભરાયેલ તમામ ગટરોની સફાઈ કરવામાં આવેલ છે. બાલવી હોટલ સામે સફાઈનો કંટ્રોલરૂમ શરૂ કરાયો છે, જેમાં ૩ સેનીટેશન સુપ્રીટેન્ડેન્ટ, ૨ જનરલ સુપરવાઈઝર, ૨ ગટર સુપરવાઈઝર, ૮ સેનેટરી ઈન્સપેક્ટર અને ૨ ડોર ટુ ડોર સુપરવાઈઝર ફરજ બજાવશે. ગટર સફાઈ માટે ૨ જેટીંગ મશીન અને લેબર તૈનાત રખાયા છે, તેમજ જંતુનાશક દવાઓનો છંટકાવ કરાયો છે.જાહેર શૌચાલય અને યુરીનલની વિનામૂલ્યે વ્યવસ્થા હેઠળ કુલ ૮ ટોઈલેટની સુવિધા ઉપલબ્ધ છે.

શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મં.લી.જુનાગઢ દ્વારા ગૃહ ઉદ્યોગ તથા નોકરી કરતી બહેનો માટે એક નિ:શુલ્ક સેમિનાર યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦. શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. જુનાગઢ દ્વારા તા.૧૯/૧૧/૨૦૨૬ ને ગુરૂવારનાં રોજ ગૃહઉદ્યોગ તથા નોકરી કરતી બહેનો માટે એક નિ:શુલ્ક સેમિનાર નું આયોજન ગાર્ડન કાફેમાં કરવામાં આવેલ હતું જેમાં AI વિશે પ્રોફેસર ખ્યાતિબેન ભુપ્તા, ચેક રીટર્ન બાબતે કાનુની માર્ગદર્શન શ્રી કે.બી. સંઘવી એડવોકેટ, મોબાઈલનાં લીધે વિદ્યાર્થીઓમાં આવતું ડિપ્રેશન વિષય ઉપર જાણીતા સાયકોલોજીસ્ટ ડૉ.સોહમ બુચ દ્વારા બહેનોને ખુબ સરસ માર્ગદર્શન આપેલ તેમજ સરકાર શ્રી દ્વારા મળતી લોનની સહાય વિશે કાજલબેન લાખાણીએ માહિતી આપેલ હતી, ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજીત સહકારી મંડળીને જીલ્લા સહકારી સંઘ જુનાગઢ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી કરતી મંડળીઓને પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબરનું શિલ્ડ તથા પ્રશસ્તી પત્ર તારીખ:- ૧૯/૧૧/૨૦૨૬ નાં રોજ અર્પણ કરવામાં આવેલજેમાં પ્રથમ નંબર શ્રી જુનાગઢ મહિલા શરાફી સહકારી મંડળી લી. જુનાગઢ ને, દ્વિતીય નંબર શ્રીસોરઠ મહિલા વિકાસ સહકારી મંડળી લી. કોડીનાર ને અને તૃતીય નંબર શ્રી માં દુર્ગા બચત અને ધિરાણ સહકારી મંડળી લી. પોરબંદર ને પ્રાપ્ત થયેલ,પ્રશસ્તીપત્ર અને શિલ્ડ ત્રણેય સંસ્થાને જુનાગઢ જીલ્લા સહકારી સંઘ,જુનાગઢનાં પ્રમુખશ્રી ભાવેશભાઈ મેનપરા અન્ય અધિકારીશ્રી આશ્લેશભાઈ ત્રિવેદી અને વિરલભાઈ ત્રિવેદી દ્વારા અર્પણ કરવામાં આવેલ, આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં બેનો હાજર રહેલ હતાં અને આ સેમિનાર નાં વક્તવ્ય દ્વારા માહિતી પ્રાપ્ત કરેલ તથા સંસ્થાઓને મળેલ શિલ્ડ અને પ્રશસ્તી પત્ર માટે આનંદ ની લાગણી વ્યક્ત કરેલ હતી.આ કાર્યક્રમમાં પ્રાર્થના અમિષાબેન માંકડે રજુ કરેલ સ્વાગત પ્રવચન સંસ્થાનાં પ્રમુખશ્રી રસીલાબેન સોઢા એ કરેલ વક્તાઓનો પરિચય સાધનાબેન નિર્મળે આપેલ અને આભારવિધિ જમકુબેન સોજીત્રા એ કરેલ હતી, કાર્યક્રમ નું સફળ સંચાલન રૂપલબેન લખલાણી એ કરેલ, પ્રથમ નંબરનું શિલ્ડ મળતા સંસ્થાનાં ડાયરેક્ટર્સ અને સ્ટાફ મેમ્બર્સમાં આનંદની પ્રસરી ગઈ હતી.

બહાઉદ્દિન સાયન્સ અને આર્ટ્સ કોલેજનાં આચાર્યપદનો સંયુક્ત પદભાર ૪૩ વર્ષબાદ ડો.જેસીંગ વાંઝાએ સંભાળ્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૨૦, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન બહાઉદ્દિન આર્ટસ કોલેજનાં આચાર્ય ડો. જેસીંગ વાંઝાને બહાઉદ્દિન સાયન્સ કોલેજનો વધારનો ચાર્જ રાજ્ય સરકારશ્રીનાં ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા સુપ્રત કરવામાં આવ્યો છે.અત્રે ઉલ્લેખનિય છેકે બહાઉદ્દીન કૉલેજ માંથી સને ૧૯૮૩માં આર્ટ્સ અને સાયન્સ બે કોલેજ બની ત્યારબાદ ૪૩ વર્ષ પછી બંને કોલેજના પ્રિન્સિપાલ તરીકે એક જ વ્યક્તિને સ્વતંત્ર રૂપે જવાબદારી આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનિય છે કે જૂનાગઢની બહાઉદ્દીન કોલેજ માત્ર સૌરાષ્ટ્ર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતની સૌથી જૂની અને ઐતિહાસિક શૈક્ષણિક સંસ્થાઓ માંની એક છે. તેનો ઇતિહાસ રાજાશાહી સમયની ઉદારતા, અદભૂત સ્થાપત્ય અને આઝાદીની ચળવળ સાથે જોડાયેલો છે. આ કોલેજની સ્થાપના પાછળ જૂનાગઢ રાજ્યના દીવાન (વઝીર) શેખ બહાઉદ્દીનભાઈ હસનભાઈની દીર્ઘદ્રષ્ટિ હતી. કોલેજનું ખાતમુહૂર્ત ૨૫ માર્ચ, ૧૯૩૭ના રોજ થયું હતું અને ૩ નવેમ્બર, ૧૯૦૦ના રોજ તત્કાલીન વાઇસરોય લોર્ડ કર્ઝનના હસ્તે તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. યાદ રહે કે તે સમયની બોમ્બે પ્રેસિડેન્સીમાં મુંબઈ અને પુણે પછી આ સૌથી જૂની કોલેજોમાં સ્થાન ધરાવતી હતી. સાંભળવા મળ્યા મુજબ કોલેજનાં નિર્માણ કાર્યમાં વઝીર બહાઉદ્દીનભાઈએ પોતાના અંગત ભંડોળમાંથી માતબર ધનરાશી જોડી હોવાનાં કારણે જૂનાગઢના નવાબ રસૂલખાનજીએ કોલેજને બહાઉદ્દિનભાઈનું નામ આપ્યું હતું. બહાઉદ્દીન કોલેજની ઇમારત તેના ભવ્ય સ્થાપત્ય માટે જાણીતી છે, જે ઇન્ડો-સારાસેનિક શૈલીમાં બનાવવામાં આવી છે: આ ઇમારતની ડિઝાઇન તત્કાલીન રાજ્યના ચીફ એન્જિનિયર હરિદાસ વખતચંદ દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવી હોવાની વાત સાંભળવા મળે છે. કોલેજનાં વિશાળ ગુંબજો, કમાનો, કોતરણી વાળા ઝરૂખા અને લાંબા પરસાળ રાજમહેલ જેવો ભવ્ય દેખાવ આપે છે. આ ઇમારત આજે પણ હેરિટેજ સ્મારક તરીકે અડીખમ ઊભી છે. કોલેજનાં મધ્યસ્થ ખંડમાં એકાવન જેટલા જેટલા દરવાજા આજેય એટલા જ શોભાયમાન છે. આ કોલેજનું પ્રાંગણમાં ૧૯૪૭માં શ્રી સરદાર પટેલની જનસભા સંબોધનનું સાક્ષી છે. કહેવાય છે કે શરૂઆતના સમયમાં ગુજરાતમાં કોઈ યુનિવર્સિટી ન હોવાથી બહાઉદ્દીન કોલેજ બોમ્બે યુનિવર્સિટી સાથે જોડાયેલી હતી. સૌરાષ્ટ્ર અને કચ્છના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે ખાસ જૂનાગઢ આવતા હતા. આ કોલેજે દેશને અનેક મહાન સાહિત્યકારો, નેતાઓ અને વિદ્વાનો આપ્યા છે. સમય જતાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતા અને શૈક્ષણિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને વર્ષ ૧૯૮૩માં આ સંસ્થાનું બહાઉદ્દીન આર્ટ્સ કોલેજ અને બહાઉદ્દીન સાયન્સ કોલેજ રૂપે અલગ-અલગ વિભાગોમાં વિભાજન કરવામાં આવ્યું હતુ ત્યારથી બન્ને કોલેજનાં આચાર્ય પદે સ્વતંત્ર જવાબદારીઓનું વહન થતુ રહ્યુ હતુ. તાજેતરમાં સાયન્સ કોલેજનાં આચાર્ય ડો.આર.પી.ભટ્ટ વયોનિવૃત્ત થતાં આર્ટસ કોલેજનાં પ્રિન્સીપાલશ્રી જેસીંગભાઈ વાંઝાને સાયન્સ કોલેજનો વધારોનો પદભાર સોંપ્યો છે.શ્રી જેસીંગભાઈ વાંઝાએ વાત કરતા જણાવ્યુ હતુ કે બહાઉદ્દિન કોલેજ આપણાં ગુજરાતની શિક્ષણજગતની આગવી ધરોહર છે. આજેય પોતાનાં પુરાતત્વીય અંદાજ સાથે સોરઠનાં શિક્ષણજગતમાં શૈક્ષણીક પરછમ લહેરાવી રહી છે. ડો.વાંજા એ પોતાનાં અભ્યાસકાળની વાત રજુ કરતાં કહ્યુ હતુ કે મારે આ કોલેજમાં સ્નાતક થવુ હતુ, હું મેરીટમાં હોવા છતાં મારા વિસ્તાર માં ઉપલબ્ધ કોલેજ સુવિધાનાં કારણોને લઈને મને આ શિક્ષણ સંસ્થામાં પ્રવેશ મળ્યો નહોતો, જેથી મારૂ આ કોલેજમાં વિદ્યાર્થી તરીકે અધુરૂ રહેલ સ્વપ્ન મને થયુ કે એક અધ્યાપક તરીકે પરૂ થશે.

વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી વોલીબોલ (બહેનો)ની સ્પર્ધામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.ની ટીમે રજતચંદ્ર મેળવી યુનિ.નું નામ રોશન કર્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ



જૂનાગઢ તા. ૨૦, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી, રેસર (ગુજરાત) ખાતે તા.૧૬ થી ૧૯ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન વેસ્ટ ઝોન આંતર યુનિવર્સિટી વોલીબોલ (બહેનો)ની સ્પર્ધાનું આયોજન થયેલ હતું. જેમાં વેસ્ટ ઝોનની કુલ ૧૧૭ યુનિવર્સિટીએ ભાગ લીધેલ હતો. બહેનોની વોલીબોલ સ્પર્ધામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ખેલાડીઓ દ્વારા સારૂં પ્રદર્શન કરી બીજો નંબર મેળવી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. આગામી જાન્યુઆરી- ૨૦૨૭ દરમિયાન રેવા (મધ્યપ્રદેશ) ખાતે યોજાનાર ઓલ ઈન્ડિયા ઈન્ટર ઝોનલ સ્પર્ધામાં ભાગ લેવા માટે જશે. યુનિ.નાં કુલપતિ પ્રો. પ્રતાપસિંહજી ચૌહાણે રજતચંદ્રક વિજેતા ટીમનાં ખેલાડી ઓને શુભકામનાં પાઠવતા અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી સાથે જણાવ્યુ હતુ કે આંતર કોલેજ વોલીબોલ સ્પર્ધામાં ૧૧૭ યુનિવર્સિટીઓના પ્રતિસ્પર્ધી ખેલાડીઓ સામે અદભૂત કૌશલ્ય, સંઘભાવના અને દૃઢ સંકલ્પ સાથે રજત ચંદ્રક મેળવી દ્વિતીય મેળવી ને તમે સૌએ આપણી સંસ્થા અને યુનિવર્સિટીનું નામ ગૌરવવંતુ કર્યું છે. આ સફળતા તમારી અથાક મહેનત, શિસ્ત અને રમત પ્રત્યેના સમર્પણનું જીવંત ઉદાહરણ છે, યુનિ.નાં રમત-ગમત સેલનાં કો-ઓર્ડીનેટર ડો.જયસિંહ ઝાલા, કુલસચિવ ડો. આર.જી.પરમાર, કન્સલટન્ટ સલીમભાઈ સીડાએ વિદ્યાર્થીનીઓની સિધ્ધીને બિરદાવી કહ્યુ હતુ કે આવનારા સમયમાં અન્ય વિદ્યાર્થીઓ અને યુવા ખેલાડીઓ માટે પણ આપની જીત પ્રેરણાસ્ત્રોત બની રહેશે. સાથે સાથે કોચ, માર્ગદર્શકો અને પરિવારજનો ને પણ આ સફળતામાં યોગદાન આપવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતા. ભવિષ્યમાં પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે આવી જ અવિરત સફળતા મેળવે તેવો આશાભાવ વ્યક્ત કર્યો હતો.

અમરેલીમાં અમરેલી-સાવરકુંડલા રૂટની એસટી બસે બાઇકને ફડફેટે લેતા, ગંભીર અકસ્માત સર્જાયો હતો



રિપોર્ટર નિકુંજ મહેતા સાવરકુંડલા

અકસ્માતમાં બાઇક સવાર પરિવારના પતિ અને બે બાળકો સહિત એસટી બસના ચાલકનું મોત નીપજ્યું છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે. અકસ્માતમાં ગોગાનભાઈ સોલંકી (ઉંમર ૩૭ વર્ષ), નિતિન ગોગાન સોલંકી (ઉંમર

માનકુવા શ્રી ગણેશ મંદિર ખાતે આયુષ્યમાન કાર્ડ કેમ્પનું ભવ્ય આયોજન કરાયું



મહેશ એલ. સોની નખત્રાણા

માનકુવા ગામના આંગણે સેવા, સંસ્કાર અને સમર્પણની ભાવનાને ઉજાગર કરતો એક પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો હતો. મહેશ્વરી સમાજ દ્વારા માનકુવાના ઉત્સાહી યુવા જીતેનભાઈ સોની અને કોડકી PHC સેન્ટરના સહયોગથી માનકુવા ગણેશ મંદિર ખાતે આયુષ્યમાન કાર્ડ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

સવારથી જ માનકુવા ગણેશ મંદિરના પ્રાંગણમાં સેવાનો માહોલ છવાઈ ગયો હતો. ભગવાન શ્રી ગણેશના આશીર્વાદ સાથે શરૂ થયેલા આ કેમ્પમાં મહેશ્વરી સમાજના ભાઈઓ-બહેનો

મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા અને આરોગ્યલક્ષી આ યોજનાનો લાભ લીધો હતો.

આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારોને મફત સારવાર મળી રહે તે હેતુથી યોજાયેલા આ કેમ્પમાં કોડકી PHC સેન્ટરની ટીમ દ્વારા ખૂબ જ ધીરજ, પ્રેમ અને નિષ્ઠા પૂર્વક કામગીરી કરવામાં આવી હતી. આયુષ્યમાન કાર્ડ કઢાવવા આવેલા દરેક લાભાર્થીને માર્ગદર્શન આપી, જરૂરી ફોર્મ ભરાવીને કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા.

આ પ્રસંગે જીતેનભાઈ સોની દ્વારા પ્રતિનિધિ સાથે વાતચીત કરતા આ મુજબ જણાવ્યું હતું કે, “સમાજની સેવા એ જ અમારો ધર્મ છે. સરકારની આરોગ્યલક્ષી યોજનાઓ છેવાડાના માનવી સુધી પહોંચે, કોઈ પણ ગરીબ પરિવાર સારવારથી વંચિત ન રહે, એ જ અમારો પ્રયાસ છે. મહેશ્વરી સમાજ હંમેશા સેવાકીય કાર્યોમાં અગ્રેસર રહ્યો છે અને ભવિષ્યમાં પણ માનકુવા સહિત દરેક ગામમાં આવા સેવાકીય કાર્યક્રમો સતત ચાલુ રહેશે.”

આ કેમ્પમાં મહેશ્વરી સમાજના આગેવાનો, વડીલો, યુવાનો તેમજ અન્ય સમાજના લોકોએ હાજરી આપીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સમગ્ર આયોજન શિસ્તબદ્ધ, વ્યવસ્થિત અને સેવાભાવી વાતાવરણમાં સંપન્ન થયું હતું.

અંતે સૌએ આવા લોક ઉપયોગી કેમ્પ બદલ આયોજકો, જીતેનભાઈ સોની અને કોડકી PHC સેન્ટરની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ગિરનાર લીલી પરિક્રમામાં જૂનાગઢ આરોગ્ય તંત્રની સમયસૂચકતાથી સગર્ભા મહિલાની સફળ પ્રસુતિ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા. ૨૦. ગરવા ગિરનારની પાવનકારી લીલી પરિક્રમામાં ઉમટી પડેલા લાખો ભાવિકોની સુરક્ષા અને આરોગ્યની જાળવણી માટે જૂનાગઢ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ સતત ખડેપગે સેવા આપી રહ્યું છે. પરિક્રમા દરમિયાન આરોગ્ય ટીમની આવી જ એક સમયસૂચક અને સરાહનીય કામગીરી સામે આવી છે, જેમાં જંગલ વિસ્તારમાં અમદાવાદની એક સગર્ભા મહિલાને પ્રસૂતિની પીડા ઉપડતાં સગર્ભા મહિલાને ત્વરિત તબીબી સહાય પૂરી પાડીને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે સફળ નોર્મલ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાંથી ગિરનારની પરિક્રમા કરવા આવેલી ૨૪ વર્ષીય નવ માસ ની સગર્ભા મહિલાને પરિક્રમા રૂટ પર આવેલા સરકડિયા હનુમાન મંદિર ખાતે અચાનક પ્રસૂતિની પીડા ઉપડી હતી. પરિસ્થિતિની ગંભીરતા ને પારખીને સ્થળ પર તૈનાત જૂનાગઢ આરોગ્ય ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરી હતી. મહિલાને કોઈ જોખમ ન રહે તે માટે મેંદપરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)ની એમ્બ્યુલન્સ મારફતે તુરંત જ ભેંસાણ સામૂહિક આરોગ્ય કેન્દ્ર (CHC) ખાતે ખસેડી પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી. ત્યારબાદ વધુ સઘન સારવાર અર્થે મહિલાને જૂનાગઢ સિવિલ હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં આજરોજ વહેલી સવારે તબીબોની દેખરેખ હેઠળ મહિલાની સફળ નોર્મલ પ્રસૂતિ થઈ હતી.

પ્રાકૃતિક ખેતી : જમીનના સ્વાસ્થ્ય અને ખેડૂતોની આર્થિક સમૃદ્ધિનો નવો માર્ગ

- ઓછા વરસાદ અને બદલાતી આબોહવા વચ્ચે ટકાઉ ખેતી માટે પ્રાકૃતિક કૃષિ બની શકે આશીર્વાદરૂપ

પાલનપુર | ભારત જેવા કૃષિપ્રધાન દેશમાં ખેતી એ અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ છે, પરંતુ આધુનિક સમયમાં રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધતા જતા વપરાશને કારણે જમીનની ફળદ્રુપતા અને પર્યાવરણ સામે ગંભીર પડકારો ઊભા થયા છે. આ સમસ્યાના ટકાઉ ઉકેલ તરીકે 'પ્રાકૃતિક ખેતી' એક શ્રેષ્ઠ વિકલ્પ બનીને ઉભરી છે. પ્રકૃતિના નિયમો સાથે સુમેળ સાધીને કરવામાં આવતી આ ખેતી પદ્ધતિમાં બહારના મોંઘા કૃષિ ઇનપુટ્સને બદલે સ્થાનિક સંસાધનો, ગાયના છાણ અને ગૌમૂત્રમાંથી બનતા જીવામૃત અને બીજામૃત, આચ્છાદન (મલ્ચિંગ) તથા મિશ્રપાકનો ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિ જમીનમાં રહેલા અસંખ્ય સૂક્ષ્મજીવોને ફરીથી સક્રિય બનાવે છે અને જમીનની કુદરતી ભેજ સંગ્રહ શક્તિમાં વધારો કરે છે.

પ્રાકૃતિક ખેતીનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઘટાડવાની સાથે જમીન, પાણી અને પર્યાવરણનું જતન કરવાનો છે. ખાસ કરીને ઓછા અને અનિયમિત વરસાદ ધરાવતા વિસ્તારોમાં વરસાદી પાણીનો સંગ્રહ, પાકની ફેરબદલી અને સ્થાનિક આબોહવાને અનુકૂળ પાકોની પસંદગી ખેડૂતો માટે અત્યંત લાભદાયી સાબિત થાય છે. ખેતીની સાથે પશુપાલનનો સમન્વય સાધવાથી ખેતરના સંસાધનોનો મહત્તમ ઉપયોગ થાય છે, જેનાથી બજારમાંથી ખરીદવા પડતા ખાતરો પરની નિર્ભરતા ઘટે છે. આ પદ્ધતિ અપનાવતી વખતે ખેડૂતોએ જમીનનો પ્રકાર અને પાકની જરૂરિયાત મુજબ કૃષિ નિષ્ણાતોનું માર્ગદર્શન મેળવીને આગળ વધવું હિતાવહ છે.

પ્રાકૃતિક ખેતીને જન-આંદોલન બનાવવા માટે ખેડૂતોમાં યોગ્ય તાલીમ, વૈજ્ઞાનિક માર્ગદર્શન અને મજબૂત બજાર વ્યવસ્થા ઊભી કરવી ખૂબ જ જરૂરી છે. દરેક ખેડૂતને શરૂઆતમાં જ એકસમાન પરિણામ મળે તે જરૂરી નથી, તેથી ખેડૂતોએ પ્રથમ તબક્કે પોતાના ખેતરના નાના હિસ્સામાં પ્રાકૃતિક ખેતીનો પ્રયોગ કરીને ખર્ચ, ઉત્પાદન અને જમીનની ગુણવત્તાનું મૂલ્યાંકન કરવું જોઈએ. યોગ્ય આયોજન અને ધીરજપૂર્વકના અમલ દ્વારા પ્રાકૃતિક ખેતી ન માત્ર વર્તમાન પેઢીના ખેડૂતોને આર્થિક રીતે સક્ષમ બનાવશે, પરંતુ આવનારી પેઢીઓ માટે પણ શુદ્ધ પાણી અને ફળદ્રુપ જમીનનો અમૂલ્ય વારસો સુરક્ષિત રાખશે.

દાંતીવાડા ડેમ વિસ્તારમાં 'એગ્રો અને રૂરલ ટુરિઝમ' થકી યુવાનો માટે રોજગારીની વિપુલ તકો: મંત્રીશ્રી પ્રવીણભાઈ માળી

પાલનપુર | આજરોજ દાંતીવાડા તાલુકાના માળીવાસ ગામે રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ તથા વાહન વ્યવહાર મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીની અને ઉપસ્થિત મહેમાનોની ઉપસ્થિતમાં માળીવાસ ગ્રામ પંચાયત, આયુષ્માન આરોગ્ય મંદિર તથા મારવાડાથી અટાલ સેતુ પુનઃવસવાટ ડામર રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ વિકાસલક્ષી સુવિધાઓથી સ્થાનિક નાગરિકોને આરોગ્ય સેવાઓનો વધુ સુલભ લાભ મળશે તેમજ માર્ગ સુવિધા વધુ સુદ્રઢ બનતા અવરજવરમાં સરળતા રહેશે.

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રવીણભાઈ માળીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારોની સ્થાનિક સમસ્યાઓ અને જરૂરિયાતોને સમજવા માટે ગ્રામ્ય પ્રવાસો ખૂબ જ મહત્વપૂર્ણ છે. અગાઉના પ્રવાસ દરમિયાન સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો દ્વારા રજૂ કરવામાં આવેલા સીપુ વસાહતના રસ્તાઓ, સેતુ માર્ગ તેમજ શાળાના પ્રશ્નો સહિતની રજૂઆતોને ધ્યાને લઈ વિકાસનાં કામો હાથ ધરવામાં આવ્યાં છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વિકાસની સાથે આગામી પેઢી માટે કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવું પણ એટલું જ જરૂરી છે. પાણી અને વીજળીની બચત માત્ર સૂત્ર ન બની રહે, પરંતુ જીવનશૈલીનો ભાગ બને તે જરૂરી છે. વરસાદી પાણીનો સંગ્રહ, જળસંચય, જૂના



કૂવા અને બોરનું રિચાર્જ, ટપક સિંચાઈ તથા ફુવારા પદ્ધતિનો વધુમાં વધુ ઉપયોગ કરીને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી. ખાસ કરીને ખેતી અને પશુપાલન આધારિત દાંતીવાડા પંથકમાં પાણીનું સંરક્ષણ એ ભાવિ વિકાસ માટે અનિવાર્ય હોવાનું ઉમેર્યું હતું.મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દાંતીવાડા ડેમના આસપાસના વિસ્તારમાં ગ્રામ્ય પ્રવાસન (રૂરલ ટુરિઝમ) અને કૃષિ પ્રવાસન (એગ્રો ટુરિઝમ) વિકસાવવાની વિપુલ તકો રહેલી છે. સ્થાનિક યુવાનો સંગઠિત થઈને દેશી ભોજન, પરંપરાગત ગ્રામ્ય જીવનશૈલી, ખેતી અને પશુપાલન આધારિત પ્રવૃત્તિઓનો પ્રવાસીઓને પરિચય કરાવે તો રોજગારી અને આવકના નવા સ્ત્રોત ઊભા થઈ શકે છે. આ માટે યુવાનોને મહેમાનગતિ અને હોસ્પિટાલિટી ક્ષેત્રની તાલીમ મેળવી સ્થાનિક પ્રવાસનને પ્રોત્સાહન આપવા તેમણે આહ્વાન કર્યું હતું. સાથે જ સોશિયલ મીડિયાના માધ્યમથી વિસ્તારની વિશેષતાઓનો પ્રચાર કરવા પણ જણાવ્યું હતું. અંતમાં તેમણે પાણી અને વીજળીની બચત, કુદરતી સંસાધનોનું સંરક્ષણ તેમજ દરેક પરિવારમાં વ્યસનમુક્તિ અને દેવામુક્તિનો સંકલ્પ અપનાવવા અપીલ કરી હતી. પરિવારની આર્થિક સુખાકારી અને સમાજના સર્વાંગી વિકાસ માટે વ્યસનમુક્ત તથા દેવામુક્ત પરિવારની ભાવના કેળવવી જરૂરી હોવાનું તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખશ્રી વસંતભાઈ પુરોહિતે જણાવ્યું હતું કે, ગામના સર્વાંગી વિકાસ માટે ગ્રામ સચિવાલય, આયુષ્માન આરોગ્ય મંદિર અને રસ્તા જેવી પાયાની સુવિધાઓ ખૂબ જ આવશ્યક છે. ગામના વિકાસ માટે ભવિષ્યમાં પણ કોઈપણ સમયે જરૂરિયાત ઊભી થાય તો સૌએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ. ધાનેરા ધારાસભ્યશ્રી માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર છેવાડાના ગામડાઓ સુધી પાણી, શિક્ષણ, આરોગ્ય અને માર્ગ જેવી પાયાની સુવિધાઓ પહોંચાડવા પ્રતિબદ્ધ છે. માળીવાસ ગામે ગ્રામ પંચાયત, આયુષ્માન આરોગ્ય મંદિર અને મારવાડાથી અટાલ સેતુ પુનઃવસવાટ ડામર રોડના લોકાર્પણ બદલ રાજ્ય સરકાર અને મંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી વસંતભાઈ પુરોહિત, ધાનેરા ધારાસભ્ય શ્રી માવજીભાઈ દેસાઈ, સંગઠનના પદાધિકારીઓ શ્રી તેજાજી મારવાડીયા, શ્રી અમરતભાઈ દવે, શ્રી મેરૂજી , શ્રી નટુભાઈ ચૌધરી, શ્રી દિનેશભાઈ બોકા અને સ્થાનિક આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીની બાગાયત મહાવિદ્યાલયનું જિલ્લા કક્ષાની શેરી નાટક સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન: દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૦ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર તથા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રીની કચેરી, જૂનાગઢ દ્વારા આયોજિત 'કલા મહોત્સવ' અંતર્ગત 'શેરી નાટક સ્પર્ધા (લોકસભા - ૨૦૨૬)' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જૂનાગઢ જિલ્લાની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની ટીમોના ઉત્સાહભર્યા સહભાગ વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સંલગ્ન બાગાયત મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓએ સામાજિક જાગૃતિ અને લોકશાહી ના પર્વ પર આધારિત અત્યંત સચોટ, હૃદયસ્પર્શી શેરી નાટક રજૂ કર્યું હતું. વિદ્યાર્થીઓએ પોતાના ઉત્કૃષ્ટ અભિનય અને અસરકારક સંદેશા સાથે દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી રૂ. ૩૧,૦૦૦/- નો રોકડ પુરસ્કાર મેળવી યુનિવર્સિટી તેમજ મહા વિદ્યાલય નું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓની આ શાનદાર સિદ્ધિ બદલ બાગાયત મહાવિદ્યાલયના આચાર્ય અને ડીનશ્રી, તમામ પ્રાધ્યાપકગણ તથા સ્ટાફ પરિવારે વિજેતા ટીમ અને તેમના માર્ગદર્શક પ્રાધ્યાપકોને અભિનંદન પાઠવી આગામી સ્પર્ધાઓ માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી છે.

રાજુલા અપહરણના ગુનામાં છેલ્લા ૨૧ વર્ષથી નાસતા ફરતા લીસ્ટ્રેડ આરોપીને દબોચી લેતી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઈ.જી.પી.શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં ગુનાઓ કરી નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાત સાહેબ તથા અમરેલી ઈન્ચાર્જ પોલીસ અધિક્ષકશ્રી જયવીર ગઢવી સાહેબ નાઓએ અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય,જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી સી.પી.વાઘેલા નાઓની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે રાજુલા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૨૮/૨૦૦૫, આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬ મુજબ ના ગુનામાં છેલ્લા ૨૧ વર્ષથી નાસતા ફરતા લીસ્ટ્રેડ આરોપીને ટેકનીકલ સોર્સ અને બાતમી હકિકત આધારે પકડી પાડી, આગળની કાર્યવાહી થવા સારૂ રાજુલા પોલીસ સ્ટેશન સોંપી આપેલ છે.

પકડાયેલ આરોપી: -



રમેશ રામબેલાસ ઉર્ફે રામવીલાસ યાદવ, ઉ.વ.૪૦, રહે. બબનોટી શંકરપુર, તા.જિ.બેહરાઈચ (ઉત્તરપ્રદેશ).

કામગીરી કરનાર અધિકારીશ્રી તથા પોલીસ સ્ટાફ:-

આ કામગીરી અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી સી.પી.વાઘેલા તથા પો.સ.ઈ.શ્રી એમ.ડી.ગોહિલ તથા પો.સ.ઈ.શ્રી જે.ડી.વાઘેલા તથા એ.એસ.આઈ. બહાદુરભાઈ વાળા તથા હેડ કોન્સ. લીલેશભાઈ બાબરીયા, ગોકુળભાઈ કલોતરા, જનકભાઈ હીમાસીયા, તુષારભાઈ પાંચાણી તથા પો.કોન્સ. યુવરાજસિંહ વાળા, અશોકભાઈ સોલંકી દ્વારા કરવામાં આવેલ છે.

મોટા આગરીયા ગામ આજુબાજુ માં થયેલ કેબલ ચોરી નો આરોપી રાજુભાઇ રાયાભાઇ બારૈયા (દેવીપુજક) ઉ.વ.૩૦ અને તેમની ધર્મ પત્ની નીતાબેનઝડપાયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભાવનગર રેન્જ આઈ.જી. આર.વી. અસારી નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલ્કત સબંધી અનડિટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જીલ્લામા બનવા પામેલ મિલકત સંબધી ચોરોના ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને ગુન્હો ડીટેક્ટ કરવા સુચના આપેલ હોયતેમજ નાયબ પોલીસ અધિક્ષક નયના ગોરડીયા સાવરકુંડલા વિભાગ નાઓએ સીમચોરી તથા અનડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરવા તેમજ આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાં સુચના અને માર્ગદર્શન આપેલ હોયજે માર્ગદર્શન અન્વયે રાજુલા પો.સ્ટે.ના પોલીસ ઈન્સ્પેકટર વી.એમ.કોલાદરા નાઓની સુચના અને માર્ગદર્શથી રાજુલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦ ૨૬૦૮૨૨/૨૦૨૬ B.N.S.-૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) ગુન્હાના કામે આરોપીએ 6 M.M નો ૨૨ મીટર કેબલ વાયર કીં.રૂ.૨૬૦૦/- તથા રાજુલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૩૦૫૦ ૨૬૦૮૨૦/૨૦૨૬ B.N.S.-૨૦૨૩ ની કલમ ૩૦૩(૨) મુજબના ગુન્હાના કામે આરોપીએ 6 M.M ૧૫૦ મીટર કેબલ વાયર કીં.રૂ.૧૦,૦૦૦/- ની ચોરી કરેલ હોય જે અંગેની રાજુલા પોલીસ ટીમને મળેલ ચોક્કસ બાતમી તથા હ્યુમન સોર્ચ આધારે રાજુલાના આગરીયા ગામની સીમમાંથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે એક પુરૂષ તથા એક મહિલા ઈસમને ૩૩ મીટર કેબલ વાયર કીં.રૂ.૩૩૦૦/- તથા બજાજ સી.ટી. ૧૦૦ મો.સા. રજી. નં. GJ01EC6962 કીં.રૂ.૧૦,૦૦૦/- તથા એક દાતરડુ કી.રૂ.૨૦/- મળી કુલ મુદ્દામાલ કિંમત રૂ.૧૩,૩૨૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી કેબલ વાયર ચોરીના બે અનડીટેક્ટ ગુન્હોઓ ડીટેક્ટ કરી પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરતી રાજુલા પોલીસ ટીમ.

જૂનાગઢ જિલ્લા સંકલન તથા ફરિયાદ સમિતિની આગામી બેઠક મોકૂફ: લીલી પરિક્રમાની કામગીરીને લઈને નિર્ણય

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૦ જૂનાગઢ ખાતે કલેકટર કચેરી ખાતે દર માસના ત્રીજા શનિવારે યોજાતી જિલ્લા સંકલન સમિતિ તથા જિલ્લા ફરિયાદ સમિતિની બેઠક, નવેમ્બર-૨૦૨૬ માસમાં તા. ૨૧/૧૧/૨૦૨૬ ના રોજ યોજાનાર હતી, તે મોકૂફ રાખવામાં આવી છે. હાલ તા. ૨૦/૧૧/૨૦૨૬ થી તા. ૨૪/૧૧/૨૦૨૬ સુધી લીલી પરિક્રમા શરૂ હોવાથી જિલ્લાના અધિકારીશ્રીઓ તે કામગીરીમાં રોકાયેલ હોવાના કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે સંબંધિત સૌ કોઈએ નોંધ લેવા જૂનાગઢ જિલ્લાના નિવાસી અધિક કલેકટરશ્રીની એક યાદીમાં જણાવવામાં આવ્યુ છે. તેમજ સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક બાદ યોજાનાર રાજ્યકક્ષા અને રાષ્ટ્રકક્ષા ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા ૨૦૨૬-૨૭ ના આયોજન સંચાલનની બેઠક પણ મોકૂફ રાખવામાં આવી છે.

ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકોને પ્રકૃતિ અને પર્યાવરણના જતનની સાધુ- સંતોની ભાવપૂર્વક અપીલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ, તા.૨૦ : ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા લાખો ભાવિકો શ્રદ્ધા અને ભક્તિ સાથે પ્રકૃતિ તથા પર્યાવરણના જતનની જવાબદારી પણ નિભાવે તેવો ભાવભર્યો અનુરોધ જૂનાગઢના સંતો-મહંતો દ્વારા કરવામાં આવ્યો છે. ગિરનાર ની પાવન ભૂમિની પ્રાકૃતિક સુંદરતા, વનસંપદા અને વન્યજીવ સૃષ્ટિનું સંરક્ષણ જળવાઈ રહે તે માટે પરિક્રમા દરમિયાન પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા, પાણીનો બગાડ ન કરવા, જંગલ વિસ્તારમાં આગના બનાવો ન બને તેની તકેદારી રાખવા તેમજ સ્વચ્છતા જાળવવા સંતોએ ભાવિકોને અપીલ કરી છે. ભવનાથ સ્થિત ગોરક્ષનાથ આશ્રમના મહંત શ્રી શેરનાથ બાપુએ ભાવિકોને અપીલ કરતાં જણાવ્યું હતું કે, ગિરનારની પાવન ભૂમિ પર પુણ્યનું ભાથું બાંધવાની સાથે પ્રકૃતિના જતનની જવાબદારી પણ નિભાવવી જોઈએ. પાણીનો બગાડ ટાળવો, પ્લાસ્ટિકની બોટલો અને થેલીઓનો ઉપયોગ ન કરવો, સ્વચ્છતા જાળવવી તેમજ વન્ય જીવો ને ખલેલ ન પહોંચે તે માટે નિર્ધારિત પરિક્રમા રૂટ પર જ ચાલવું જોઈએ. ભારતી આશ્રમના મહંત શ્રી હરિહરાનંદ બાપુ,શ્રીઈન્દ્રભારતી બાપુ, શ્રી મહેશગીરીબાપુ અને શ્રી બુદ્ધગીરી બાપુએ પણ પરિક્રમાર્થીઓને પ્લાસ્ટિકમુક્ત અને પર્યાવરણ લક્ષી પરિક્રમા કરવા ભાવપૂર્વક અપીલ કરી છે. સંતોએ જણાવ્યું હતું કે, જંગલ વિસ્તારમાં આગ લાગવાની નાનકડી ઘટના પણ વનસંપદા અને વન્યજીવો માટે મોટું નુકસાન સર્જી શકે છે. આથી પરિક્રમાર્થીઓની સાથે અન્નક્ષેત્રોના સંચાલકોએ પણ આગના બનાવો ન બને તે માટે વિશેષ સાવચેતી રાખવી જોઈએ. પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ જંગલમાં ન ફેંકવી, પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો અને આસપાસ સ્વચ્છતા જાળવવી એ દરેક ભાવિકની નૈતિક જવાબદારી છે. સંતો-મહંતોએ પરિક્રમા દરમિયાન સ્વચ્છતા, સુરક્ષા અને સુચારુ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે વહીવટી તંત્રને સહયોગ આપવા પણ અનુરોધ કર્યો છે.

એના પ્રેમનો છુપો એહસાસ મારા હૃદયના ખૂણા માં હતો



કરો કંકુના

- રુપાલી દવે

એના મુખ માંથી પ્રિયતમા શબ્દ કાનમાં સંભળાતા જ મારું મન હદય ચોમાસા ના વરસાદ માં ખુશીઓ ના સુર રેલાવતા મોર ની જેમ નાચી ઉઠ્યું હતું,કેમ? એના પ્રેમ નો છુપો એહસાસ મારા હૃદય ના ખૂણા માં હતો એટલે. તોરલ,સ્ત્રીઓ વધારે લાગણીશીલ હોય છે એટલે એના જીવનમાં પ્રેમની જરૂરિયાત કુદરતી રીતે વધારે હોય છે એ લવ બર્ડ પક્ષીઓની માફક્ક સમજ.સ્ત્રીઓ જેને પણ દિલ દિમાગ થી પ્રેમ કરે છે એને નિસ્વાર્થ પ્રેમ દિલ થી કરતી હોય છે. તોરલ!!સાચું કહું જેની હું પ્રિયતમા હતી એની સાથે વર્ષો બાદ પુનઃ મિલન થયું ત્યારે મને સમજાયું કે મારા જીવન માં જે ઝંખતી હતી એ ખોવાયેલી ખાસ પલ મને પરત મળી ગઈ. તોરલ એ સહેજ સ્માઈલ કરતા અનેરી ને પૂછ્યું કે કોણ છે એ નસીબદાર? કે જે મારી સખી ના જીવન ની અમૂલ્ય ખાસ પલ છે.

અનેરી એ કોફી ના મગ માંથી ચુસ્કી લઈને સહેજ શરમાતા શરમાતા ધીમેથી તોરલ ને કીધું કે યાર!!વાત જ એવી છે જે મારા જેવા ને પંચાવન વર્ષ પણ રોમેન્ટિક બનાવી નાખે એવી ખાસ m ખાસ.

તોરલ એ ઉત્સાહ થી બોલી કે ખરેખર,કોણ છે એ કે જેણે મારી બહેનપણી ના કઠણ દિલ માં કાણું પાડવા સફળ બન્યો છે..મને તો સાંભળી ને જ મારી સખી ના ઘરે પણ ઢોલ વાગશે એનો આનંદ આવે છે.

અનેરી એ તોરલ ને ઉદાહરણ આપતા સમજાવ્યું કે મતલબ એ કે વસંત ઋતુની વિદાઈ બાદ પુનઃ આકાશ એની પ્રિયતમા ધરતી પાસે પ્રણયની ઈચ્છા પ્રગટ કરે ત્યારે જે રીતે પ્રેમ નો માહોલ સર્જાઈ છે એમ સમજ.

તોરલ એ કંટાળો પ્રગટ કરતા બેત્રણ બગાસાં ખાતા અનેરી ને કહ્યું કે ઓહો!!પ્રોફેસર મહાશય તમને ખબર છે ને કે ભણવા માં બાળપણ થી જ કાચી છું એટલે ભારે ભરખમ શબ્દો મને સમજાતા નથી.પ્લીઝ!!તમારા પ્રેમ પ્રકરણ ના મૂળ મુદ્દા વિશેની વાત કરો.

અનેરી એ ખુશ ખુશાલ થતા તોરલ ને કીધું કે યાર!!કાલે મારો ભેટો મોલ માં મારા કોલેજ કાળ ના બોય ફ્રેન્ડ દિવાકર સાથે થયો..શું દેખાવડો છે? એના અંગે અંગ માં સુંદરતા ભારોભાર ભરેલી છે. ભગવાન એ એને છોકરી બનાવતા બનાવતા છોકરો બનાવી નાખ્યો હોય ને એવું લાગે છે. મને છોકરો બનાવતા બનાવતા છોકરી બનાવી નાખી હોય ને એવું મને કોલેજ વખતે લાગતું હતું. અમારા સંસ્કૃત ના પ્રોફેસર તો ઘણીવાર મજાક મજાક માં બોલતા પણ હતા કે કોલેજ ડે માં નાટક કરવાનું થશે ને તો અનેરી ને દુષ્યંત નો રોલ આપીશ અને દિવાકર તારે શકુંતલા નો રોલ કરવો પડશે.

બન્ને બહેનપણીઓ એકબીજા ના હાથ માં તાળીઓ પાડીને ખડખડાટ હસવા લાગી..એટલું બધું બન્ને દિવાકર પર હસી ને કે બન્ને નું હસવું બંધ જ થતું નહતું.

માંડ માંડ હાસ્ય ને સાંભળતાં અનેરી બોલી કે કાલ મોલ માં ગઈ ત્યારે અચાનક દિવાકર મારી લગોલગ ઊભા રહેતા બોલ્યો કે પ્રિયતમા,મને ઓળખ્યો કે મગજ માંથી મને સાવ વિસારી દીધો છે. બે ઘડી તો દિવાકર ને અચાનક સામે જોતા સ્તબ્ધ બની ને એને જોતી રહી. મને તો ખુદ પર વિશ્વાસ જ નહોતો બેસતો કે દિવાકર નો પુનઃ ભેટો થઈ જશે.તોરલ!!પંચાવન વર્ષ ની ઉમરે પણ દિવાકર ની ચુસ્તી સ્ફૂર્તિ બાવીસ વર્ષ ના આકર્ષક યુવક જેવો દેખાય છે.પ્રથમ દૃષ્ટિ એ જોતા સામે ઊભેલ વ્યક્તિ દિવાકર છે કે અન્ય પર વિશ્વાસ બેસતો નહતો.ટોલ હેન્ડસમ દિવાકર ની કરચલી વગરની સફેદ ચમકતી સ્કિન નિહાળતા થયું કે કોલેજ ના દિવસો દૂર સુધી ગયા નથી.

યાર!!તોરલ, સાચું કહું મજાક નથી કરતી પણ એની આંખ પરના સોનેરી ફ્રેમ ના ચશ્મા માં એ એ ચશ્મા ની બ્રાન્ડની મોડેલિંગ કરતા મોડેલ જેવો મસ્ત લાગતો હતો..

તોરલ ને અનેરી અને દિવાકર ના કોલેજ કાળ કરતા વર્તમાન માં બનેલ ઘટના પર વધારે દિલચસ્પી થતા એણે પ



એન્ટિલિયામાં વહેતી નદી જેવા ટેબલ વચ્ચે જીવંત બગીચો...!

અમેરિકન ફેશન ડિઝાઇનર માટે ઈશા અંબાણીએ ઘરને સ્વર્ગ જેવું સજાવ્યું, ક્રિસ્ટલ શેન્ડેલિયરે સૌનું ધ્યાન ખેંચ્યું

ઈશા અંબાણીનો વિન્ટેજ લુક : લાર્જર ધેન લાઇફ ડિનર પાર્ટી માટે ઈશા અંબાણીએ પણ ખાસ ટોરી બર્ચનો ભવ્ય સ્કર્ટ સેટ પહેર્યો હતો. ઈશાએ ચાલુ વર્ષે સપ્ટેમ્બરમાં યોજાયેલા ન્યૂયોર્ક ફેશન વીકમાં રજૂ થયેલા ટોરી બર્ચના 'સ્પ્રિંગ 2027 રેડી-ટુ-વેર કલેક્શન'માંના એક ડ્રેસ પર પસંદગીનો કળશ ઢોળ્યો હતો. મિડ-સેન્ચુરી ફેશનથી પ્રેરિત આ આઉટફીટમાં ઈશા સ્ટાઈલિશ લાગી રહી હતી. તેના લીલા રંગના 'ગ્રેની સ્વેટર' પર કોન્ટ્રાસ્ટ રંગથી ઝિણવટભર્યું ભરતકામ કરવામાં આવ્યું હતું, જેના પર મેટાલિક ગોલ્ડ સિક્વન્સની ચમક હતી. ઈશાએ આ ટોપ સાથે તે જ રંગોમાં 3D ફ્રેડ વર્ક ધરાવતું વાદળી રંગનું મિડી-લેન્થ સ્કર્ટ પહેર્યું હતું.

(એજન્સી) મુંબઈ | તા.20

અંબાણી પરિવારના આશિયાના એટલે કે એન્ટિલિયાની દરેક ઝલક એક નવા વિશ્વ તરફ દોરી જાય છે. તાજેતરમાં ઈશા અંબાણીએ પ્રખ્યાત ફેશન ડિઝાઇનર ટોરી બર્ચ માટે પ્રાઇવેટ ડિનર પાર્ટી યોજી હતી, જેમાં એન્ટિલિયાને બગીચાની થીમથી સજાવવામાં આવ્યું હતું. હૉલમાં વહેતી નદી જેવા ફૂલોથી સજાવેલા વિશાળ ડાયનિંગ ટેબલ અને ક્રિસ્ટલ ઝુમ્મરે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

વાસ્તવમાં અમેરિકન ફેશન ડિઝાઇનર ટોરી બર્ચ હાલમાં ભારતની મુલાકાતે છે. તેમના ભારત આગમનના સ્વાગત માટે ઈશા અંબાણીએ એક ભવ્ય ડિનરનું આયોજન કર્યું હતું. બુટિક લક્ઝરી ઇવેન્ટ ડિઝાઇન ફર્મ 'માઈ સ્ટોરીઝ'એ અંબાણી પરિવારના વૈભવી ઘરની અંદરની ઝલક શેર કરી.

'માઈ સ્ટોરીઝ'એ લખ્યું, 'કેવું અદભુત અઠવાડિયું, કેવી યાદગાર રાત અને ટોરી બર્ચ જેને "મેં અત્યાર સુધી જોયેલું સૌથી શાનદાર ટેબલ" કહે છે, તે તૈયાર કરવું ખરેખર એક સ્વપ્ન સમાન રહ્યું છે. ઈશા અંબાણીએ 'એન્ટિલિયા' ખાતે એક ખાનગી ડિનર પાર્ટીમાં ટોરી બર્ચનું સ્વાગત કર્યું હતું, જ્યાં અમે ટેબલના સેન્ટરમાં એક જીવંત બગીચો ઊભો કર્યો હતો.' નોંધનીય છે કે, ક્રિસ્ટલ ઝુમ્મરની અદભુત છત નીચે, ગુલાબી અને જાંબલી ફૂલો તથા હરિયાળીથી ભરપૂર બગીચાની આસપાસ સર્પાકાર ટેબલ ખૂબ જ સુંદર રીતે ગોઠવવામાં આવ્યું હતું. કસ્ટમ બોટનિકલ-પ્રિન્ટ લિનન, 'લેસ ઓટોમન' ડિનર પ્લેટ્સ અને પાંદડાની બારીક ભરતકામવાળા નેપકિન્સ દરેક મહેમાનની બેઠક પર બગીચાનો અહેસાસ કરાવતા હતા.

ટેબલની મધ્યમાં ફૂલોના ગુચ્છા ગોઠવવામાં આવ્યા હતા, જ્યારે કાચની નાજુક ફૂલદાની અને ઘેરા લીલા રંગની મીણબત્તીઓ દરેક મહેમાનની નજીક બગીચાના રંગો અને સુંદરતા લઈ આવ્યા હતા.

ડિનર ટેબલના બેકગ્રાઉન્ડમાં ફ્લોરથી સીલિંગ સુધીની વિશાળ બારીઓ હતી, જેની સાથે વૈભવી માર્બલ ફ્લોરિંગ, આલીશાન પડદા, દીવાલો પર સજાવેલી અમૂલ્ય કલાકૃતિઓ, ક્રિસ્ટલ રેલિંગવાળી સીડીઓ અને મનમોહક લાઇટિંગ સજાવટમાં ચાર ચાંદ લગાવી રહ્યા હતા.


ટોરી બર્ચે પણ આ ડિનરની ઝલક શેર કરતા લખ્યું હતું કે, 'મુંબઈમાં એક અવિસ્મરણીય સાંજ! ઈશા, મેં અત્યાર સુધી જોયેલા સૌથી ઉત્કૃષ્ટ ટેબલની આસપાસ આટલા બધા અસાધારણ મિત્રોને એકત્ર કરવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર.'



પન્ના અને ડાયમંડ જ્વેલરી : સેલિબ્રિટી સ્ટાઇલિસ્ટ ડેની મિશેલે આ લુકને 'ટોમ ફોર્ડ'ના સ્લિંગબેક સાટિન શૂઝ સાથે એક્સેસરાઇઝ કર્યો હતો. જ્વેલરી માટે તેમણે અંબાણીના પર્સનલ કલેક્શનમાંથી પન્નાની વીંટી અને ડાયમંડ ઈયરિંગ્સ પસંદ કર્યા હતા. હેર સ્ટાઇલિસ્ટ માઇક ડેઝિરે વાળને સિમ્પલ બ્લો-ડ્રાયથી સ્ટાઇલ કર્યા હતા, જેના કારણે વાળ કુદરતી રીતે બાઉન્સી અને જીવંત દેખાતા હતા. મેકઅપ આર્ટિસ્ટ તન્વી ચેમ્બુરકરે તેમને અત્યારનો ટ્રેન્ડિંગ 'નો-મેકઅપ-મેકઅપ' લુક આપ્યો હતો, જેમાં રંગોને ન્યુટ્રલ રાખવામાં આવ્યા હતા, જેથી તેમની ત્વચા ચમકદાર અને હળવી ગુલાબી દેખાય.

દિગ્ગજ ફેશન ડિઝાઇનર્સ અને સેલેબ્સ હાજર રહ્યા

આ પ્રાઇવેટ ડિનરમાં ટોરી ઉપરાંત એના વિન્ટૂર, અનાઇતા શ્રોફ અડજાનિયા, મસાબા ગુપ્તા, શનાયા કપૂર, મનીષ મલ્હોત્રા, તૃપ્તિ ડિમરી સહિતના સેલેબ્સ હાજર રહ્યાં હતાં.



આર્યને પિતા શાહરુખને 'બીસ્ટ' ગણાવ્યા

કહ્યું- 'નંબર-1 વ્યક્તિ સાથે સરખામણી થવી પ્રશંસાની વાત છે', સલમાનનો મજેદાર કિસ્સો પણ સંભળાવ્યો

(એજન્સી) મુંબઈ | તા.20

શાહરૂખ ખાનના દીકરા અને ફિલ્મમેકર આર્યન ખાનનું કહેવું છે કે, પિતા સાથે તેની સરખામણી થવી તેના માટે મુશ્કેલીની વાત નથી. તે તેને પ્રશંસા તરીકે લે છે.

આર્યને આ વાત અમેરિકન મેગેઝિન TIMEને આપેલા ઇન્ટરવ્યુમાં કહી હતી. 19 નવેમ્બરે આર્યનને મેગેઝિનની પહેલી TIME100 Next India યાદીમાં સ્થાન મળ્યું. આ યાદીમાં દેશની 100 ઉભરતી પ્રતિભાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. આર્યન સાથે ફિલ્મમેકર પાયલ કાપડિયા અને થેજા રિયો પણ મેગેઝિનના એક કવર પર જોવા મળ્યા હતા.

ઇન્ટરવ્યુમાં આર્યનને પૂછવામાં આવ્યું કે શાહરૂખ ખાનનો દીકરો હોવાના કારણે તેમની સાથે સરખામણી કરવામાં આવે ત્યારે તેને કેવું લાગે છે?

આ અંગે તેણે કહ્યું, 'દરેક વ્યક્તિની તેમની સાથે સરખામણી કરવામાં આવી છે. જો હું પણ તે લોકોમાંથી એક છું, તો તેમાં કોઈ મુશ્કેલી નથી. નંબર-1 વ્યક્તિ સાથે સરખામણી થવી મારા માટે પ્રશંસાની વાત છે. તેઓ એક અલગ જ વ્યક્તિત્વ ધરાવે છે.'

આર્યને પોતાના પિતા માટે અંગ્રેજી શબ્દ 'બીસ્ટ'નો ઉપયોગ કર્યો. અહીં તેનો અર્થ કોઈની અસાધારણ ક્ષમતા અને પ્રભાવથી છે.

આર્યન એ પણ સમજે છે કે, શાહરુખની ઓળખ અને લોકપ્રિયતાના કારણે તેમની સાથે સરખામણી થવી સ્વાભાવિક છે. જોકે, તે ફિલ્મોમાં પોતાની અલગ ઓળખ બનાવવાનો પ્રયાસ કરી રહ્યો છે.

ઇન્ટરવ્યુમાં આર્યને પોતાની વેબ સિરીઝ 'ધ બેડ્સ ઓફ બૉલિવૂડ'માં સલમાન ખાનના કેમિયોથી જોડાયેલો એક રસપ્રદ કિસ્સો પણ સંભળાવ્યો.

આર્યને જણાવ્યું કે, સીરિઝના શૂટિંગ દરમિયાન તેને ખબર પડી કે સલમાન પણ એ જ લોકેશન પર હાજર છે. તેણે સલમાનની ટીમને મેસેજ કરીને પૂછ્યું કે, શું તે સલમાનને મળવા આવી શકે છે, પરંતુ સલમાને પોતે આર્યનના સેટ પર આવવાની વાત કહી દીધી.

આર્યને જણાવ્યું કે, સલમાનના આવવાના સમાચાર મળતાં જ તેણે પોતાના સિનેમેટોગ્રાફરને એક શોટ તૈયાર રાખવા કહ્યું. સલમાન સેટ પર પહોંચ્યો, ત્યારે તેણે પૂછ્યું, 'પોઝિશન શું છે?' આના પર આર્યને તરત જ એક ડાયલોગ બનાવ્યો અને તેને કેમેરાની સામે ઊભો કરી દીધો.

શું છે TIME100 Next India યાદી?

TIMEએ 19 નવેમ્બર 2026ના રોજ પહેલી વાર TIME100 Next India યાદી જાહેર કરી. તેમાં મનોરંજન, વ્યવસાય, વિજ્ઞાન, રમતગમત, ટેક્નોલોજી અને સામાજિક પરિવર્તનના ક્ષેત્રમાં કામ કરી રહેલા 100 ઉભરતા લોકોને સામેલ કરવામાં આવ્યા છે.

આ યાદીમાં આર્યન ઉપરાંત આલિયા ભટ્ટ, પાયલ કાપડિયા, દિલજીત દોસાંઝ, અનિરુદ્ધ રવિચંદર, સામંથા રુથ પ્રભુ, સાઈ પલ્લવી, વિકી કૌશલ અને વૈભવ સૂર્યવંશી જેવા નામો પણ સામેલ છે.

આર્યન, પાયલ કાપડિયા અને થેજા રિયોને એકસાથે મેગેઝિનના કવર પર સ્થાન મળ્યું છે. જ્યારે આલિયા ભટ્ટ અને સ્કાયરૂટ એરોસ્પેસના સહ-સ્થાપક પવન કુમાર ચંદના પણ અલગ-અલગ કવર પર જોવા મળ્યા.

આ યાદીનું પ્રિન્ટ એડિશન 7 ડિસેમ્બરે બહાર પડશે. સન્માનિત લોકો માટે 12 ડિસેમ્બરે મુંબઈમાં એક વિશેષ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.

15માં દિવસે 'રામાયણ'ની રફ્તાર ધીમી પડી

કમાણીમાં 16.6%નો ઘટાડો, 15 દિવસમાં ₹1,547 કરોડ કમાયા; હિટ થવા માટે હજુ ₹1,253 કરોડની કમાણી જરૂરી

(એજન્સી) મુંબઈ | તા.20

રણબીર કપૂરની ફિલ્મ 'રામાયણ'એ રિલીઝના 15મા દિવસે એટલે કે 19 નવેમ્બરે ભારતમાં 19.35 કરોડનું નેટ કલેક્શન કર્યું. આ સાથે ભારતમાં તેની કુલ નેટ કમાણી 863.75 કરોડ અને ગ્રોસ કમાણી 1,032.15 કરોડ થઈ ગઈ છે.

જોકે, 15મા દિવસે ફિલ્મની કમાણીમાં ઘટાડો નોંધાયો. આ અત્યાર સુધીનું સૌથી ઓછું સિંગલ-ડે કલેક્શન છે. 14મા દિવસે ફિલ્મે 23.20 કરોડની કમાણી કરી હતી. તેની સરખામણીએ 15મા દિવસે કમાણીમાં 16.6%નો ઘટાડો થયો.

સૈકનિલ્કના જણાવ્યા અનુસાર, 15મા દિવસે વિદેશમાંથી 5 કરોડનું ગ્રોસ કલેક્શન થયું. આ સાથે ભારત અને વિદેશની કમાણી મળીને ફિલ્મની કુલ વર્લ્ડવાઇડ ગ્રોસ કમાણી 1,547.15 કરોડ થઈ ગઈ છે.

ફિલ્મે રિલીઝના 15મા દિવસે થયેલી કમાણી સાથે હિન્દી ભાષામાં લગભગ 657.50 કરોડનો નેટ બિઝનેસ કરી લીધો છે. આ સાથે જ આ ફિલ્મ હિન્દીમાં સૌથી ઝડપથી 650 કરોડનો આંકડો સ્પર્શનારી બીજી ફિલ્મ બની ગઈ છે. પહેલી ફિલ્મ 'ધુરંધર 2' છે. તેણે હિન્દીમાં માત્ર 9 દિવસમાં 650 કરોડ નેટનો આંકડો પાર કર્યો હતો. જ્યારે, 'રામાયણ'એ 'ધુરંધર' અને 'પુષ્પા 2'ને પાછળ છોડી દીધા.

'રામાયણ'એ બીજા અઠવાડિયામાં પણ બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કર્યું. સેકનિલ્ક મુજબ, ફિલ્મે બીજા અઠવાડિયામાં ભારતમાં તમામ ભાષાઓને મળીને 299.15 કરોડ નેટ કમાયા. આ સાથે જ તે 2026માં 'ધુરંધર 2' પછી બીજા અઠવાડિયામાં 200 કરોડથી વધુ કમાણી કરનારી બીજી હિન્દી ફિલ્મ બની ગઈ.

'રામાયણ' પહેલેથી જ દુનિયાની સૌથી વધુ કમાણી કરનારી ભારતીય ફિલ્મોની યાદીમાં પાંચમા સ્થાને છે. સૌથી વધુ કમાણીના મામલે ફિલ્મ હજુ 'દંગલ', 'ધુરંધર 2', 'બાહુબલી 2' અને 'પુષ્પા 2'થી પાછળ છે.



વર્લ્ડવાઇડ ગ્રોસ: ભારત અને વિદેશમાં થયેલી કુલ કમાણી. ગ્રોસ કલેક્શન: ટેક્સ સહિત ટિકિટોના કુલ વેચાણની રકમ. નેટ કલેક્શન: ટિકિટોના વેચાણથી મળતી રકમમાંથી જીએસટી બાદની કમાણી.

સલમાન 'માતૃભૂમિ'ના પ્રમોશન માટે પહોંચ્યો

કરીના-કરણએ ઇવેન્ટમાં પોઝ આપ્યો, શિલ્પાએ હાથમાં બાજ પકડ્યું; શ્રદ્ધા કપૂર એરપોર્ટ પર જોવા મળી



(એજન્સી) મુંબઈ | તા.20

એક્ટર સલમાન ખાન ગુરુવારે મહેબૂબ સ્ટુડિયોની બહાર જોવા મળ્યો. તે અહીં પોતાની આગામી ફિલ્મ 'માતૃભૂમિ'ના પ્રમોશન માટે પહોંચ્યો હતો. આ દરમિયાન સલમાન ઓલ બ્લેક લુકમાં જોવા મળ્યો.

એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર શુક્રવારે સવારે એરપોર્ટ પર જોવા મળી. આ દરમિયાન તે કામના સંદર્ભમાં ક્યાંક જતી જોવા મળી. શ્રદ્ધાએ પ્રિન્ટેડ લાંબો ડ્રેસ સાથે ડેનિમ જેકેટ પહેર્યું હતું. તેણે સનગ્લાસિસ પણ પહેર્યા હતા. તેની સાથે સુરક્ષા ગાર્ડ પણ હાજર હતો.

વર્કફ્રન્ટની વાત કરીએ તો શ્રદ્ધા ટૂંક સમયમાં ફિલ્મ 'ઈઠા'માં જોવા મળશે. આ ફિલ્મમાં તે મહારાષ્ટ્રની જાણીતી તમાશા અને લાવણી કલાકાર વિઠાબાઈ નારાયણગાંવકરનું પાત્ર ભજવી રહી છે.

બિઝનેસમેન અને ફિલ્મ પ્રોડ્યુસર રાજ કુન્દ્રાએ પોતાની નવી પંજાબી ફિલ્મ 'નિહંગ'ની જાહેરાત કરી છે. ફિલ્મનું નિર્દેશન અમરપ્રીત છાબડા કરશે. તેની જાહેરાત મોહાલીના ચપ્પડ ચીડી મેદાનમાં એક ખાસ કાર્યક્રમ દરમિયાન કરવામાં આવી હતી. ફિલ્મ રાજ કુન્દ્રાના પ્રોડક્શન હાઉસ 'અકાલ ફિલ્મ્સ'ના બેનર હેઠળ બનશે.

આ પ્રસંગે તેમની પત્ની અને એક્ટ્રેસ શિલ્પા શેટ્ટી પણ પહોંચી હતી. બંને નિહંગ શીખોના પરંપરાગત વાદળી પહેરવેશમાં જોવા મળ્યા.

સાજિદ નાડિયાદવાલાના પુત્રનું બોલિવૂડ ડેબ્યૂ

(એજન્સી) મુંબઈ | તા.20

સાજિદ નાડિયાડવાલાના મોટા પુત્ર સુભાન અને રોહિત રૉયની પુત્રી આયરા (કિયારા) એક્ટિંગની દુનિયામાં પગ મૂકવા જઈ રહ્યાં છે. ફિલ્મમેકર શશાંક ખૈતાન પોતાની આગામી ફિલ્મ 'ઐસી દીવાનગી દેખી નહીં કહીં'થી સુભાન અને આયરાને લોન્ચ કરશે. ખૈતાને ફિલ્મનો ટાઇટલ વીડિયો જાહેર કર્યો છે. તેમાં બંને નવા કલાકારોની પહેલી ઝલક જોવા મળે છે. રોહિત રૉય અને માનસી જોશી રૉયની પુત્રીનું અસલી નામ કિયારા છે. બોલિવૂડમાં તેમના ડેબ્યૂ માટે તેમનું સ્ક્રીન નેમ આયરા રાખવામાં આવી રહ્યું છે.ફિલ્મની વાર્તા પ્રેમ અને બદલા પર આધારિત હશે. વીડિયોમાં શરૂઆતમાં બે પ્રેમીઓની એક ક્ષણ દર્શાવવામાં આવી છે. ત્યારબાદ વાર્તામાં એક ચોંકાવનારો વળાંક આવે છે. ફિલ્મ 9 જુલાઈ 2027ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

આ ફિલ્મ સાથે શશાંક ખેતાન પોતાના નવા પ્રોડક્શન હાઉસ 214 એન્ટરટેઇનમેન્ટની શરૂઆત પણ કરી રહ્યા છે. ફિલ્મને અમિત ચંદ્રા, નલિની દત્તા ખેતાન, કરિશ્મા ઠક્કર અને શશાંક ખેતાન મળીને પ્રોડ્યુસ કરી રહ્યા છે.

ફિલ્મની વાર્તા લખવાની સાથે તેનું દિગ્દર્શન પણ શશાંકે કર્યું છે. ઉલ્લેખનીય છે કે શશાંક ખેતાનની ફિલ્મ 'ધડક'થી ઈશાન ખટ્ટર અને જાહ્નવી કપૂરની જોડી મોટા પડદા પર આવી હતી. હવે તેઓ સુભાન અને આયરાને તક આપી રહ્યા છે.

દીકરીના નિધન બાદથી અભિનેતાએ જૂતા-ચંપલ પહેરવાનું છોડ્યું




(એજન્સી) મુંબઈ | તા.20 જાણીતા અભિનેતા વિજય એન્ટની તાજેતરમાં પોતાની અપકમિંગ ફિલ્મ 'અપ્પા કુટ્ટી'ના પ્રમોશન માટે પત્ની ફાતિમા અને નાની દીકરી લારા સાથે પહોંચ્યા હતા. આ કાર્યક્રમમાં ફાતિમાએ 3 વર્ષ પહેલાં મોટી દીકરી મીરાના નિધન બાદ પરિવાર પર પડેલી અસર વિશે વાત કરી હતી. તેમણે જણાવ્યું કે, વિજય એન્ટની આજે પણ દીકરીની યાદોને પોતાના જીવનમાં સાચવીને બેઠા છે.

ફાતિમાએ ખુલાસો કર્યો કે, વિજય ખાસ પ્રસંગો સિવાય જૂતાં પહેરતા નથી. એટલું જ નહીં, તેઓ આજે પણ મીરાની જૂની ઘડિયાળ પહેરે છે, જેથી તેની યાદ હંમેશા તેમની સાથે બની રહે. ફાતિમાની આ વાત સાંભળીને ત્યાં હાજર રહેલા લોકો પણ ભાવુક થઈ ગયા હતા. તેઓ આજે પણ પોતાની દીકરીને ગુમાવવાના દર્દમાંથી સંપૂર્ણપણે બહાર નથી આવી શક્યા નથી. 'અપ્પા કુટ્ટી' ફિલ્મ વિજય એન્ટની અને તેમની દીકરીના સંબંધ પર આધારિત છે.

39 વર્ષની ઉંમરે માતા બની સામંથા રૂથ પ્રભુ!

કપલે શેર કરી દીકરાની પહેલી ઝલક; ખાસ ધાર્મિક મહત્ત્વ ધરાવતું નામ રાખ્યું





(એજન્સી) મુંબઈ | તા.20

સાઉથ સિનેમાની ફેમસ એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુના ઘરે ખુશીઓનું આગમન થયું છે. 39 વર્ષીય સામંથા અને તેમના ફિલ્મમેકર પતિ રાજ નિદિમોરુ માતા-પિતા બની ગયા છે. સામંથાએ 19 નવેમ્બર, 2026ના રોજ એક દીકરાને જન્મ આપ્યો છે અને સોશિયલ મીડિયા પર પહેલી તસવીર શેર કરીને ચાહકોને આ ખુશખબર આપી છે. સામંથાએ ઇન્સ્ટાગ્રામ પર શેર કરેલી તસવીરમાં તે અને રાજ નિદિમોરુ પોતાના નવજાત દીકરાનો નાનકડો હાથ પ્રેમથી પકડેલા જોવા મળે છે. આ ભાવુક તસવીર સાથે તેમણે કેપ્શનમાં લખ્યું- 'અમારો વહાલો દીકરો, દેવ નિદિમોરુ. 19.11.2026... આજે અમારું હૃદય જેટલું ખુશ છે, તેટલું પહેલાં ક્યારેય નહોતું. સામંથા અને રાજ.'

સામંથા અને રાજે પોતાના લાડલા દીકરાનું નામ 'દેવ' રાખ્યું છે. આ નામ સંસ્કૃત ભાષા પરથી ઉતરી આવ્યું છે, જેનો અર્થ ભગવાન, ઈશ્વર, દિવ્ય શક્તિ અને સ્વર્ગીય થાય છે. ભારતીય સંસ્કૃતિમાં 'દેવ' નામને પવિત્રતા, સકારાત્મકતા અને દૈવી ગુણોનું પ્રતીક માનવામાં આવે છે. કપલે પોતાના દીકરા માટે ટૂંકું, સુંદર અને આધ્યાત્મિક અર્થ ધરાવતું નામ પસંદ કર્યું છે.

દીકરાના જન્મ પહેલાં સામંથા અને રાજે પરિવારના નજીકના સભ્યોની હાજરીમાં ઘરે પરંપરાગત રીતરિવાજો મુજબ ખાસ પૂજા પણ કરી હતી. આ પૂજામાં સામંથા લાલ રંગના સુંદર સૂટમાં, જ્યારે રાજ પીચ રંગના કુર્તામાં જોવા મળ્યો હતો. તસવીરોમાં સામંથા હાથ જોડીને પૂજા કરતી અને પરિવારની વડીલ મહિલાઓ તેના માથા પર હાથ મૂકી તથા વરસાવીને આવનાર બાળકને આશીર્વાદ આપતી નજરે પડી હતી.



એનગીડી અને નોર્ટજેની વાપસી

દક્ષિણ આફ્રિકાએ વન-ડે શ્રેણી માટે કેપ્ટન બદલ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા 20

સાઉથ આફ્રિકાએ આવતા મહિને બાંગ્લાદેશ સામે રમાનારી ત્રણ મેચની વન-ડે શ્રેણી અને ત્રણ મેચની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણી માટે ટીમોની જાહેરાત કરી છે. વન-ડે શ્રેણી ૧ થી ૭ ડિસેમ્બર દરમિયાન રમાશે, જ્યારે T20 શ્રેણી ૧૦ થી ૧૩ ડિસેમ્બર સુધી ચાલશે. T20 ટીમની કેપ્ટનશીપ બ્યોર્ન ફોર્ટુઈનને સોંપવામાં આવી છે. વન-ડે ટીમમાં એક નોંધપાત્ર નામ લુંગી એનગીડીનું છે, જે સ્થાનિક સીઝનની શરૂઆતની મેચો દરમિયાન હેમસ્ટ્રિંગની ઈજાને કારણે બહાર થઈ ગયા હતા. હવે સંપૂર્ણ સ્વસ્થ થયા બાદ, તેઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પરત ફરવા માટે તૈયાર છે. તેમની સાથે એનરિક નોર્ટજે પણ જોડાશે. નોર્ટજેએ છેલ્લે સપ્ટેમ્બર ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામે વન-ડે મેચ રમી હતી, ત્યારબાદ તેઓ આ ફોર્મેટમાંથી બહાર હતા. ૨૦૨૩ વન-ડે વર્લ્ડ કપ પહેલા છેલ્લી વન-ડે રમનાર નોર્ટજેની વાપસીથી ટીમની બોલિંગ આક્રમકતામાં વધારો થશે. બાવુમાની ગેરહાજરીમાં કેશવ મહારાજ કેપ્ટનશીપ સંભાળશે. મહારાજને બાંગ્લાદેશ સામે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણીની પ્રથમ મેચ દરમિયાન ટેસ્ટ ટીમમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા અને તેઓ બીજી ટેસ્ટમાં પણ રમશે નહીં. દરમિયાન, સેનુરાન મુથુસામીને ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે, અને સેન્ચુરિયનમાં રમાનારી બીજી ટેસ્ટમાં એડન માર્કરામ ટીમનું નેતૃત્વ કરશે. દક્ષિણ આફ્રિકાએ આગામી વન-ડે શ્રેણી માટે તેમની ટેસ્ટ ટીમના મોટાભાગના ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય લીધો છે. બાવુમા ઉપરાંત, એડન માર્કરામ, મેથ્યુ બ્રીટ્ઝકે, રાયન રિકેલટન, કાગિસો રબાડા અને માર્કો જેન્સેન પણ વન-ડે ટીમનો ભાગ નહીં હોય. આ ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે કારણ કે દક્ષિણ આફ્રિકાએ આ સીઝનમાં ઈંગ્લેન્ડ સામે હજુ ત્રણ ટેસ્ટ મેચ રમવાની છે. ડેવિડ મિલરનો પણ વન-ડે (ODI) કે T20I ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો નથી; તે હાલમાં નેપાળ પ્રીમિયર લીગમાં રમી રહ્યા છે. વન-ડે ટીમમાં બેટિંગની જવાબદારી ક્વિન્ટન ડી કોક, લુઆન-ડ્રે પ્રેટોરિયસ અને ટ્રિસ્ટન સ્ટબ્સ પર રહેશે. આ ઉપરાંત, સ્થાનિક ક્રિકેટમાં પ્રભાવશાળી પ્રદર્શન કરનાર સિનેથેમ્બા ક્વેશિલેનો પણ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

જે સેહવાગ પણ ન કરી શક્યા તે રાહુલે કરી બતાવ્યું



(એજન્સી) નવી દિલ્હી | તા 20

ભારતીય ટીમના અનુભવી બેટ્સમેન કેએલ રાહુલે ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં શાનદાર બેટિંગ કરીને ઇતિહાસ રચ્યો છે.વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાઈ રહેલી આ મેચમાં રાહુલે બીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે અણનમ 52 રન બનાવ્યા હતા. ભારતીય ટીમના અનુભવી બેટ્સમેન કેએલ રાહુલે ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચમાં શાનદાર બેટિંગ કરીને ઇતિહાસ રચ્યો છે.વેલિંગ્ટનના બેસિન રિઝર્વ મેદાન પર રમાઈ રહેલી આ મેચમાં રાહુલે બીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે અણનમ 52 રન બનાવ્યા હતા.જોકે આ અડધી સદી સાથે જ તેણે એવી સિદ્ધિ મેળવી છે,જે ભારતનો પૂર્વ વિસ્ફોટક ઓપનર વીરેન્દ્ર સેહવાગ પણ પોતાની કારકિર્દીમાં મેળવી શક્યા નહોતા. રાહુલ હવે SENA દેશોની ધરતી પર ટેસ્ટ ક્રિકેટમાં અડધી સદી ફટકારનારા ભારતના પ્રથમ ઓપનર બન્યા છે. આ સાથે તેની પાસે ત્રીજા દિવસે વધુ એક મોટો રેકોર્ડ બનાવવાની તક પણ રહેશે.

SENA દેશોમાં અડધી સદી ફટકારનાર પ્રથમ ભારતીય ઓપનર

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ ટેસ્ટમાં 50 રનનો આંકડો પાર કરવાની સાથે જ કેએલ રાહુલે ખાસ સિદ્ધિ મેળવી છે.તેણે ઓસ્ટ્રેલિયા,ઈંગ્લેન્ડ અને દક્ષિણ આફ્રિકાની ધરતી પર અગાઉ સદી ફટકારી હતી.હવે ન્યૂઝીલેન્ડ સામે પણ અડધી સદી ફટકારીને તેણે ચારેય SENA દેશોમાં ટેસ્ટ ક્રિકેટમાં 50થી વધુ રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે.SENA દેશોમાં દક્ષિણ આફ્રિકા,ઈંગ્લેન્ડ,ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે.આ ચારેય દેશોમાં ટેસ્ટ ક્રિકેટ રમવી ભારતીય બેટ્સમેનો માટે પડકારજનક માનવામાં આવે છે.અહીંની પીચ પર ઝડપી બોલરોને સ્વિંગ અને ઉછાળનો ફાયદો મળે છે. આવી પરિસ્થિતિમાં રાહુલે સતત સારા પ્રદર્શનથી પોતાની ક્ષમતા સાબિત કરી છે.

એશિયન ઓપનરોમાં સુનીલ ગાવસ્કરથી પાછળ

કેએલ રાહુલની આ સિદ્ધિ માત્ર ભારતીય ક્રિકેટ પૂરતી મર્યાદિત નથી. એશિયાના ઓપનિંગ બેટ્સમેનોની વાત કરીએ તો SENA દેશોમાં ટેસ્ટ ક્રિકેટમાં 50થી વધુ રનની ઈનિંગ રમવાના મામલે રાહુલ હવે 13 વખત આ સિદ્ધિ મેળવી ચૂક્યો છે.આ યાદીમાં તેની આગળ ભારતના પૂર્વ દિગ્ગજ ઓપનર સુનીલ ગાવસ્કર છે. ગાવસ્કરે SENA દેશોમાં 19 વખત 50થી વધુ રનની ઈનિંગ રમી હતી. રાહુલે આ મામલે શ્રીલંકાના પૂર્વ ઓપનર દિમુથ કરુણારત્નેને પણ પાછળ છોડી દીધા છે. કરુણારત્નેએ એશિયન ઓપનર તરીકે SENA દેશોમાં 12 વખત 50થી વધુ રન બનાવ્યા હતા.

ત્રીજા દિવસે સદી ફટકારવાની તક

બીજા દિવસની રમત પૂરી થઈ ત્યારે કેએલ રાહુલ 116 બોલમાં 52 રન બનાવીને અણનમ હતો. તેની આ ઈનિંગમાં 5 ચોગ્ગા સામેલ હતા. હવે ત્રીજા દિવસે તેની નજર મોટી ઈનિંગ રમવા પર રહેશે. રાહુલ પોતાની સદીથી માત્ર 48 રન દૂર છે. જો તે ન્યૂઝીલેન્ડ સામે સદી ફટકારવામાં સફળ રહેશે તો ચારેય SENA દેશોમાં ટેસ્ટ સદી ફટકારનારો ભારતનો પ્રથમ ઓપનર બનવાની ઐતિહાસિક સિદ્ધિ મેળવી શકે છે.

સિરાજને પડતો મૂકવાનો વિવાદ ચગ્યો

ન્યુઝીલેન્ડ સામે વેલિંગ્ટન ટેસ્ટમાં ટીમ ઇન્ડિયાની પ્લેઇંગ 11માં ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજનો સમાવેશ ન થતા વિવાદ વધ્યો છે. કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે સિરાજના નામ પર કટાક્ષ કરતા કહ્યું, "નામ સિરાજ છે, આટલું શું ઓછું છે?" સુનીલ ગાવસ્કર અને રવિ શાસ્ત્રીએ પણ સિરાજના બહાર થવા પર સવાલ ઉઠાવ્યા છે. પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે ટીમ મેનેજમેન્ટની પસંદગી નીતિ પર સચિન તેંડુલકરનું ઉદાહરણ આપીને ટીકા કરી.



(એજન્સી) નવી દિલ્હી | તા 20

ન્યુઝીલેન્ડ સામે વેલિંગ્ટન ટેસ્ટમાં ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ 11ને લઈને વિવાદ શમવાનું નામ નથી લઈ રહ્યો. ફાસ્ટ બોલર મોહમ્મદ સિરાજને પ્લેઈંગ 11માં સ્થાન ન મળવા પર સોશિયલ મીડિયાથી લઈને ક્રિકેટ જગત સુધી સવાલ ઉઠી રહ્યા છે. હવે કોંગ્રેસ સાંસદ ઈમરાન મસૂદે પણ આ નિર્ણય પર પ્રતિક્રિયા આપી છે. તેમણે સિરાજના નામ અંગે કટાક્ષ કરતા કહ્યું, 'નામ સિરાજ છે, આટલું શું ઓછું છે?' મોહમ્મદ સિરાજના સિલેક્શન અંગે પૂછવામાં આવેલા સવાલ પર ઈમરાન મસૂદે કહ્યું કે, 'જો તેઓ પ્રદર્શન કરી રહ્યા છે અને તેમ છતાં તેમનું સિલેક્શન નથી થઈ રહ્યું તો તેની પાછળ બીજું શું કારણ હોઈ શકે? આ જ કારણ હોઈ શકે છે, આના સિવાય બીજું કોઈ કારણ ન હોઈ શકે .'સિરાજને પ્લેઈંગ 11માંથી બહાર રાખવાનો નિર્ણય ઘણા પૂર્વ ક્રિકેટરોને પણ ચોંકાવી ગયો. સુનીલ ગાવસ્કરે તેને આશ્ચર્યજનક નહીં, પરંતુ હેરાન કરનારો નિર્ણય ગણાવ્યો. તેમણે કહ્યું કે, 'સિરાજે ક્યારેય ભારતને નિરાશ નથી કર્યું અને તેમની બોલિંગમાં એવું કંઈ થયું નથી, જેના કારણે તેમને બહાર રાખવામાં આવે.' ગાવસ્કરના જણાવ્યા પ્રમાણે જ્યારે સિરાજને વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવ્યો અને તેણે છેલ્લી મેચ રમી તો તેને લાગ્યું હતું કે બોલરને પહેલી ટેસ્ટ માટે તૈયાર કરવામાં આવી રહ્યો છે. આવા સંજોગોમાં વેલિંગ્ટનમાં પ્લેઈંગ 11માં સ્થાન ન મળવું આશ્ચર્યજનક છે. બીજી તરફ પૂર્વ પૂર્વ કોચ રવિ શાસ્ત્રીએ પણ સોશિયલ મીડિયા પર સિરાજનું સમર્થન કર્યું. તેમણે લખ્યું કે, અનુભવ અને રમત પ્રત્યેના સમર્પણને જોતા સિરાજ ટીમમાં હોવા જોઈતા હતા. શાસ્ત્રીએ સવાલ ઉઠાવ્યો કે જો ઝડપી ગતિ, કૌશલ્ય અને બોલને સ્વિંગ કરાવવાની ક્ષમતા પસંદગીનો આધાર હતી, તો 140 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બોલિંગ કરનારા સિરાજને કેમ બહાર રાખવામાં આવ્યો? તેમણે સિરાજના અનુભવ, આક્રમકતા અને બોલથી મેચનો રૂખ બદલવાની ક્ષમતાનો પણ ઉલ્લેખ કર્યો. આ ઉપરાંત પૂર્વ ક્રિકેટર મોહમ્મદ કૈફે ટીમ મેનેજમેન્ટની સિલેક્શન નીતિ પર કટાક્ષ કરતાં સચિન તેંડુલકરનું ઉદાહરણ પણ આપ્યું. કૈફના મતે, જો હાલના ટીમ મેનેજમેન્ટનું ચાલતે, તો તે સચિન તેંડુલકર જેવા મહાન બેટ્સમેનને પણ બે-ત્રણ ખરાબ મેચો અથવા એક ખરાબ સિરીઝ પછી ટીમમાંથી બહાર કરી દેત.

દોઢ વર્ષ સુધી પીડાતો રહ્યો આકાશ દીપ, ભાવુક થઈ જણાવી આપવીતી



(એજન્સી) નવી દિલ્હી | તા 20

ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર આકાશ દીપે લાંબા સમય બાદ ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર વાપસી કરી છે.ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટની પહેલી ઈનિંગમાં તેમણે 53 રન આપીને 3 વિકેટ ઝડપી હતી. ભારતીય ક્રિકેટ ટીમના ફાસ્ટ બોલર આકાશ દીપે લાંબા સમય બાદ ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર વાપસી કરી છે.ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટની પહેલી ઈનિંગમાં તેમણે 53 રન આપીને 3 વિકેટ ઝડપી હતી.આ સફળ વાપસી બાદ આકાશ દીપે પોતાના મુશ્કેલ સમયને યાદ કર્યો હતો.તેમણે જણાવ્યું કે પીઠની ઈજામાંથી સાજા થવા દરમિયાન ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીર સતત તેમના સંપર્કમાં રહેતા હતા અને તેમની તબિયતના સમાચાર પૂછતા હતા.ગૌતમ ગંભીરનો આ સાથ આકાશ દીપ માટે ખૂબ મહત્ત્વનો રહ્યો હતો. લાંબા સમય સુધી ક્રિકેટથી દૂર રહ્યા બાદ મેદાન પર પાછા ફરવું તેમના માટે સરળ નહોતું. આકાશ દીપ ઓગસ્ટ 2025થી ક્રિકેટના મેદાનથી દૂર હતા.તેમની પીઠમાં સ્ટ્રેસ ફ્રેક્ચર થયું હતું.જેના કારણે તેમને લાંબા સમય સુધી સારવાર અને રિહેબિલિટેશનમાંથી પસાર થવું પડ્યું હતું.આ દરમિયાન તેમણે બેંગલુરુ સ્થિત BCCIના સેન્ટર ઓફ એક્સેલન્સમાં પોતાની ફિટનેસ પર કામ કર્યું હતું. માત્ર ઈજામાંથી સાજા થવા પર જ નહીં, પરંતુ પોતાની બોલિંગને વધુ સારી બનાવવા અને શરીરને પહેલાં કરતાં મજબૂત બનાવવા પર પણ તેમણે ધ્યાન આપ્યું હતું. શુ ન્યૂઝીલેન્ડની પ્રથમ ઈનિંગમાં આકાશ દીપે 3 વિકેટ ઝડપી હતી.આ દરમિયાન ગ્લેન ફિલિપ્સને બોલ્ડ કરનાર તેમનો બોલ ખાસ ચર્ચામાં રહ્યો હતો. આકાશ દીપ ક્રીઝની બહારથી બોલિંગ કરવા આવ્યા હતા.તેમણે બોલને હવામાં થોડો સમય રાખ્યો અને ટપ્પો પડ્યા બાદ બોલ બહારની તરફ વળ્યો હતો.આ બોલ સીધો ફિલિપ્સના ઓફ સ્ટમ્પ સાથે અથડાયો હતો.આ બોલને જાદુઈ ગણાવવાને બદલે આકાશે પોતાની મહેનતને તેનું કારણ ગણાવ્યું હતું.તેમણે કહ્યું કે,આ કોઈ જાદુઈ બોલ નહોતો.હું સતત એક ચોક્કસ જગ્યાએ બોલિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો.આ બોલ પર મેં થોડો વધારે પ્રયાસ કર્યો અને મને જે પરિણામ જોઈતું હતું તે મળ્યું. ક્વારે બીજા દિવસની રમત પૂરી થયા બાદ આકાશ દીપે પોતાના મુશ્કેલ સમય વિશે વાત કરી હતી.તેમણે કહ્યું કે રિહેબિલિટેશન દરમિયાન ગૌતમ ગંભીર સતત તેમની ખબર પૂછતા હતા.આકાશ દીપે જણાવ્યું કે,ગંભીર સર સતત અપડેટ લેતા હતા અને પૂછતા હતા કે બધું કેવું ચાલી રહ્યું છે?તેમનો આ સપોર્ટ મારા માટે ખૂબ મહત્ત્વનો હતો.આકાશના જણાવ્યા પ્રમાણે,આ સમયગાળા દરમિયાન તેમણે પોતાની બોલિંગની ખામીઓ સુધારવા માટે પણ મહેનત કરી હતી.લાંબા સમય બાદ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરવા છતાં તેમને એવું લાગ્યું નહોતું કે તેઓ દોઢ વર્ષ પછી મેદાનમાં ઉતરી રહ્યા છે.

MLS 2026 ના પગારની જાહેરાત: મેજર લીગ સોકરમાં મેસ્સીને કેટલો પગાર મળી રહ્યો છે? સૌથી વધુ પગાર કોને મળે છે?

(એજન્સી) નવી દિલ્હી | તા 20

MLS ક્લબોમાં, ઇન્ટર મિયામી બધી ટીમોને કુલ ગેરંટીકૃત વળતરમાં USD 59.37 મિલિયન સાથે ટોચ પર છે, શિકાગો ફાયર USD 41.29 મિલિયન સાથે બીજા ક્રમે છે.ખેલાડીઓના યુનિયન દ્વારા જાહેર કરાયેલ પગાર પ્રકાશન અનુસાર, લિયોનેલ મેસ્સી મેજર લીગ સોકરમાં USD 28.3 મિલિયન ગેરંટીકૃત વળતર સાથે સૌથી વધુ પગાર મેળવનાર ખેલાડી રહ્યો છે, જેમાં શિકાગોનો રોબર્ટ લેવાન્ડોવસ્કી બીજા ક્રમે છે.ગયા વર્ષની સરખામણીમાં કુલ પગારમાં લગભગ USD 8 મિલિયનનો વધારો થયો છે. પ્લેયર્સ યુનિયન દ્વારા જાહેર કરાયેલ પગાર પ્રકાશન અનુસાર, લિયોનેલ મેસ્સી મેજર લીગ સોકરમાં USD 28.3 મિલિયન ગેરંટીકૃત વળતર સાથે સૌથી વધુ પગાર મેળવનાર ખેલાડી રહ્યો છ , જેમાં શિકાગોનો રોબર્ટ લેવાન્ડોવસ્કી બીજા ક્રમે છે. ખેલાડીઓના યુનિયન દ્વારા જાહેર કરાયેલ પગાર પ્રકાશન અનુસાર, લિયોનેલ મેસ્સી મેજર લીગ સોકરમાં USD 28.3 મિલિયન ગેરંટીકૃત વળતર સાથે સૌથી વધુ પગાર મેળવનાર ખેલાડી રહ્યો છે, જેમાં શિકાગોનો રોબર્ટ લેવાન્ડોવસ્કી બીજા ક્રમે છે. ગુરુવારે MLS પ્લેયર્સ એસોસિએશન દ્વારા જાહેર કરાયેલી લીગ યાદીમાં આર્જેન્ટિનાના દિગ્ગજ ખેલાડી મેસ્સી ગયા વર્ષ કરતાં લગભગ 8 મિલિયન ડોલરના વળતર સાથે ટોચ પર છે, જોકે તેના આંકડામાં ફક્ત રમતના વળતરનો સમાવેશ થાય છે અને અન્ય સ્ત્રોતોમાંથી આવકનો સમાવેશ થતો નથી. આ વર્ષની શરૂઆતમાં શિકાગો ફાયરમાં જોડાયેલા પોલેન્ડના લેવાન્ડોવસ્કી 19.51 મિલિયન ડોલર સાથે એકંદરે બીજા ક્રમે હતા, ત્યારબાદ ફ્રાન્સના ઓર્લાન્ડોના એન્ટોઈન ગ્રીઝમેન 13.938 મિલિયન ડોલર સાથે, દક્ષિણ કોરિયન સ્ટાર લોસ એન્જલસ એફસીના સોન હ્યુંગ-મીન 11.152 મિલિયન ડોલર સાથે અને એ ટ લા ન્ટા યુનાઈટેડના સ્વિસ આંતરરાષ્ટ્રીય બ્રિલ એમ્બોલોએ 10.81 મિલિયન ડોલર સાથે સ્થાન મેળવ્યું હતું.





હોંગકોંગ ઓપન 2026: ત્રણ ગેમના મુકાબલામાં જીત મેળવીને સેમીફાઈનલમાં પહોંચ્યા સાત્વિક-ચિરાગ

(એજન્સી) નવી દિલ્હી | તા 20

સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ બીજી ગેમમાં મળેલી હાર બાદ શાનદાર વાપસી કરી હતી. તેમણે ચીનના હુ કે યુઆન અને લિન ઝિયાંગ યીને ત્રણ ગેમના મુકાબલામાં પરાજય આપીને હોંગકોંગ ઓપનની સેમીફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.શુક્રવારે હોંગકોંગ ઓપનમાં, ભારતીય પુરુષ ડબલ્સ જોડી સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ચીનના હુ કે યુઆન અને લિન ઝિયાંગ યી સામે 21-12, 13-21, 21-16થી જીત મેળવીને સેમીફાઈનલમાં પ્રવેશ કર્યો. હવે સેમીફાઈનલમાં સાત્વિક અને ચિરાગનો સામનો મલેશિયાના મેન વેઈ ચોંગ અને કાઈ વુન ટી સામે થશે.પ્રથમ ગેમમાં સાત્વિક અને ચિરાગે શરૂઆતથી જ પ્રભુત્વ જમાવ્યું હતું.



તેઓ 6-3થી આગળ થયા અને બાદમાં લીડ વધારીને 9-6 કરી દીધી. પ્રથમ વિરામ (ઈન્ટરવલ) સમયે તેઓ 11-7થી આગળ હતા. વિરામ બાદ પણ ભારતીય જોડીની ગતિ ધીમી પડી નહીં; તેમણે દબાણ જાળવી રાખ્યું અને લીડને 15-10 સુધી પહોંચાડી, ત્યારબાદ માત્ર 13 મિનિટમાં 21-12થી પ્રથમ ગેમ જીતી લીધી. બીજી ગેમ ઘણી રસાકસીભરી રહી. બંને જોડીઓ 4-4થી બરાબરી પર હતી, ત્યારબાદ ભારતીય જોડી 6-5થી આગળ થઈ, પરંતુ મુકાબલો ખૂબ જ સમાન રહ્યો અને સ્કોર 9-9 પર સરખો થઈ ગયો.ત્યારબાદ હુ અને લિન 13-11થી આગળ નીકળી ગયા અને 15-11 સુધી પોતાની લીડ મજબૂત કરી. તેમણે 21-13થી આ ગેમ જીતીને મેચમાં બરાબરી કરી લીધી અને મુકાબલાને નિર્ણાયક ગેમ (ડિસાઈડર) સુધી ખેંચી ગયા.

9 ચોગ્ગા, 8 છગ્ગા સાથે 37 બોલમાં તોફાની સદી

નવી દિલ્હી | ઈન્ડિયન પ્રીમિયર લીગની રિટેન્શન પ્રક્રિયામાં રાજસ્થાન રોયલ્સ દ્વારા બહાર કરવામાં આવ્યા બાદ વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન શિમરોન હેટમાયરે મેદાન પર પોતાના બેટથી આકરો જવાબ આપ્યો છે. 17 નવેમ્બર 2026ના રોજ IPL 2027 માટે ખેલાડીઓની રિટેન્શન પ્રક્રિયા પૂર્ણ થઈ, જેમાં રાજસ્થાન રોયલ્સે એક મોટો નિર્ણય લેતા હેટમાયરને રિલીઝ કરી દીધો હતો. આ ઝટકા બાદ તરત જ અબુ ધાબી T10 લીગમાં હેટમાયરનું રૌદ્ર સ્વરૂપ જોવા મળ્યું છે, જ્યાં તેણે માત્ર 37 બોલમાં સદી ફટકારીને ક્રિકેટ જગતને પોતાના દીવાના બનાવી દીધા છે. અબુ ધાબીના ઝાયેદ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાયેલા રોમાંચક મુકાબલામાં 29 વર્ષીય શિમરોન હેટમાયરે વિરોધી બોલરોની ધોલાઈ કરતાં યાદગાર ઈનિંગ્સ રમી હતી. મુકાબલા દરમિયાન હેટમાયરે કુલ 39 બોલનો સામનો કર્યો હતો અને 261.53ના અવિશ્વસનીય સ્ટ્રાઇક રેટથી અણનમ 102 રન બનાવ્યા હતા, જેમાં તેણે માત્ર 37 બોલમાં પોતાની સદી પૂરી કરી લીધી હતી. પોતાની આ આતિશી ઈનિંગ્સ દરમિયાન હેટમાયરે મેદાનની ચારેબાજુ શોટ્સ ફટકારતા 9 ચોગ્ગા અને 8 ગગનચુંબી છગ્ગા ફટકારીને પોતાની વિસ્ફોટક ક્ષમતાનું શાનદાર પ્રદર્શન કર્યું હતું.

શ્રીલંકા પ્રવાસ માટે ઓસ્ટ્રેલિયન ટીમની જાહેરાત; બે ખેલાડીઓને પ્રથમ વખત વન-ડે ટીમમાં સ્થાન મળ્યું

નવી દિલ્હી | ઓસ્ટ્રેલિયાએ ડિસેમ્બરમાં શ્રીલંકા સામે રમાનારી ત્રણ મેચની વન-ડે (ODI) શ્રેણી માટે ૧૪ સભ્યોની ટીમની જાહેરાત કરી છે. અનિકા લિરોયડ અને ચાર્લી નોટને પ્રથમ વખત વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાંથી મહત્વના સમાચાર સામે આવ્યા છે: શ્રીલંકાના આગામી પ્રવાસ માટે ટીમની જાહેરાત કરવામાં આવી છે, જેમાં બે નવા ચહેરાઓનો સમાવેશ થાય છે. અનિકા લિરોયડ અને ચાર્લી નોટને પ્રથમ વખત ઓસ્ટ્રેલિયાની વન-ડે ટીમમાં સ્થાન મળ્યું છે. ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમ આવતા મહિને શ્રીલંકાના પ્રવાસે જશે, જેના માટે ૧૪ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. ડિસેમ્બરમાં રમાનારી ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચેની ત્રણ મેચની વન-ડે શ્રેણી, ICC મહિલા ચેમ્પિયનશિપનો ભાગ હશે. સોફી મોલિનેક્સ ટીમનું નેતૃત્વ કરશે, જ્યારે એશ્લે ગાર્ડનર અને તાહલિયા મેકગ્રાને સંયુક્ત વાઇસ-કેપ્ટન (ઉપ-કપ્તાન) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. અનિકા લિરોયડની ઓસ્ટ્રેલિયન રાષ્ટ્રીય ટીમમાં આ પ્રથમ પસંદગી છે, જ્યારે ચાર્લી નોટ પ્રથમ વખત વન-ડે ટીમમાં સામેલ થઈ છે. બંને ખેલાડીઓએ 'ઓસ્ટ્રેલિયા A' ટીમનું પ્રતિનિધિત્વ કરતી વખતે પ્રભાવશાળી પ્રદર્શન કર્યું હતું અને ત્યારબાદ 'વુમન્સ બિગ બેશ લીગ' (WBBL)માં પણ શાનદાર રમત બતાવી હતી. આ પ્રદર્શનના આધારે, પસંદગીકારોએ તેમને શ્રીલંકા પ્રવાસ પર તક આપવાનો નિર્ણય લીધો છે. ઓસ્ટ્રેલિયાની અનુભવી ઓલરાઉન્ડર એનાબેલ સધરલેન્ડ ઈજાને કારણે આ પ્રવાસમાં ભાગ લઈ શકશે નહીં; 'વુમન્સ બિગ બેશ લીગ' દરમિયાન તેને હેમસ્ટ્રિંગની ઈજા થઈ હતી અને હાલમાં તે સ્વસ્થ થઈ રહી છે.

ભૂતકાળ ભૂલી જાઓ અને ભારતનું ચિત્ર અપડેટ કરો : જયશંકર

વિદેશ મંત્રી એસ.જયશંકરે ટોક્યોમાં જાપાની વ્યાપાર નેતાઓને ભારત વિશેના તેમના રૂઢિચુસ્ત વિચારો બદલવા વિનંતી કરી હતી.



ન્યુયોર્ક | એસ.જયશંકરે જણાવ્યું હતુ કે, 2014થી ભારતની અર્થવ્યવસ્થામાં ઝડપી અને નોંધપાત્ર ફેરફારો થયા છે.જાપાનની રાજધાની ટોક્યોની મુલાકાતે આવેલા વિદેશ મંત્રી એસ. જયશંકરે જાપાની વ્યાપાર નેતાઓને ભારત વિશેના તેમના રૂઢિચુસ્ત વિચારો બદલવા વિનંતી કરી હતી. તેમણે જણાવ્યું કે ભારતની અર્થવ્યવસ્થામાં ઝડપી, નોંધપાત્ર ફેરફારો થયા છે અને વૈશ્વિક સ્તરે ભારતની ભૂમિકા અને ભાગીદારી સતત વધી રહી છે. 'રાયસિના ટોક્યો 2026 'કાર્યક્રમમાં બોલતા, વિદેશ મંત્રી એસ. જયશંકરે કહ્યું કે, ભારતમાં વ્યાપાર કરવો પહેલા કરતાં વધુ સરળ અને ઝડપી બન્યો છે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, વિદેશ મંત્રી એસ.જયશંકર 18 થી 20 નવેમ્બર દરમિયાન જાપાનની મુલાકાતે છે. આ મુલાકાત દરમિયાન, તેમણે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સાથે જાપાનના વિદેશ મંત્રી તોશિમિત્સુ મોટેગી અને સંરક્ષણ મંત્રી શિંજીરો કોઈઝુમી સાથે મુલાકાત કરી. ચારેય નેતાઓએ ભારત અને જાપાન વચ્ચે ચોથી 2+2 બેઠકમાં ભાગ લીધો હતો. ભારત અને જાપાનના મંત્રીઓ સંરક્ષણ અને આર્થિક સુરક્ષાના ક્ષેત્રોમાં બે મુખ્ય પગલાં પર સંમત થયા છે. જાપાની સૈન્ય, જાપાન સ્વ-રક્ષા દળો, હવે ભારતીય ફાયરિંગ રેન્જનો ઉપયોગ કરી શકશે. આ માટે એક પ્રારંભિક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે, જેનું બંને દેશોના મંત્રીઓએ સ્વાગત કર્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે તેમના જાપાની સમકક્ષ તોશિમિત્સુ મોટેગી સાથે 19મી વિદેશ મંત્રી-સ્તરની વ્યૂહાત્મક સંવાદ યોજ્યો. બેઠક દરમિયાન, બંને નેતાઓએ પરસ્પર વિશ્વાસ અને લોકશાહી મૂલ્યો પર આધારિત ભારત-જાપાન સંબંધોને વધુ મજબૂત બનાવવા અને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ અને ખુલ્લાપણું જાળવવાનો સંકલ્પ કર્યો હતો.

મુસ્લિમ બહુમતી ધરાવતા ઈન્ડોનેશિયામાં 50 ફૂટ ઊંચી ભગવાન ગણેશની પ્રતિમાએ બનાવ્યો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ



ન્યુયોર્ક | ઈન્ડોનેશિયાના બાલીમાં 50 ફૂટ ઊંચી ગણેશ પ્રતિમાએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સમાં સ્થાન મેળવ્યું છે. આલાસ હરુમ બાલી દ્વારા સિન્થેટિક રેટનમાંથી બનેલી આ 15.315 મીટર (50 ફૂટ 2 ઈંચ) ઊંચી પ્રતિમા 'વિશ્વની સૌથી ઊંચી સપોર્ટેડ સિન્થેટિક રેટન શિલ્પકૃતિ' તરીકે ઓળખાઈ છે. ગિયાન્યારમાં સ્થાપિત આ પ્રતિમા બાલીના સમૃદ્ધ હિન્દુ સાંસ્કૃતિક વારસાનું પ્રતીક છે અને જ્ઞાન તથા શુભારંભના દેવતા ગણેશને સમર્પિત છે. ઈન્ડોનેશિયાના બાલીમાં ભગવાન ગણેશની એક વિશાળ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જે માત્ર ધાર્મિક મહત્વ જ નહીં પરંતુ પોતાની અનોખી કલાકારીગરીને કારણે પણ ચર્ચામાં છે. આશરે 50 ફૂટ (50 ફૂટ 2 ઈંચ / 15.315 મીટર) ઊંચી આ કલાકૃતિએ ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ માં સ્થાન મેળવ્યું છે. સિન્થેટિક રેટનમાંથી બનેલી સૌથી ઊંચી પ્રતિમાનો રેકોર્ડ 15.315 મીટર ઊંચી પ્રતિમા છે. 15.315 મીટર (50 ફૂટ 2 ઈંચ) માપ ધરાવતી આ પ્રતિમાને 'વિશ્વની સૌથી ઊંચી સપોર્ટેડ સિન્થેટિક રેટન શિલ્પકૃતિ' તરીકે માન્યતા મળી છે. અલાસ હરુમ બાલી દ્વારા તૈયાર કરાયેલી આ પ્રતિમા જ્ઞાન, સફળતા, સૌભાગ્ય અને શુભ શરૂઆતના દેવતા ભગવાન ગણેશને સમર્પિત છે.

તૂર્કિયેએ પાઈલટ વગરના ફાઈટર જેટ તૈયાર કરી એરફોર્સમાં સામેલ કર્યા



ન્યુયોર્ક | તૂર્કિયેની સંરક્ષણ કંપની બાયકરે 19 નવેમ્બર 2026ના રોજ ત્રણ કિઝિલએલ્મા માનવરહિત લડાકુ વિમાન સુરક્ષા દળોને સોંપ્યા છે. કંપની અને તૂર્કિયેના અધિકારીઓનો દાવો છે કે, આ દુનિયામાં પહેલીવાર છે જ્યારે કોઈ દેશે પાઈલટ વગરના ફાઈટર જેટને સત્તાવાર સૈન્ય ઈન્વેન્ટરીમાં સામેલ કર્યું છે. તૂર્કિયેના પ્રમુખ રેસેપ તૈય્યપ એર્દોગાને આ પ્રસંગે ઐતિહાસિક દિવસ ગણાવ્યો અને કહ્યું કે, વર્ષોની મહેનત બાદ આ સપનું સાચું થયું. બાયકરે કહ્યું કે 20 વર્ષ પહેલાં શરૂ થયેલું સપનું હવે રાષ્ટ્રને સોંપવામાં આવી રહ્યું છે.

દુનિયાની પ્રથમ ઘટના...

કિઝિલએલ્મા જેટ એન્જિન ધરાવતું પાઈલટ વગરનું ફાઈટર જેટ છે. આને હવાથી હવા અને હવાથી જમીન બંને મિશન માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આમાં લો-ઓબ્ઝર્વેબલ એટલે કે રડારથી ઓછું દેખાતું ડિઝાઈન અને આંતરિક હથિયાર બે છે, જેનાથી સ્ટીલ્થ ક્ષમતા વધે છે. આ લગભગ 8.5 ટન વજન ઉપાડી શકે છે. 1500 કિલોગ્રામ પેલોડ લઈ જઈ શકે છે, 1111.32 km/hrની ગતિ સુધી પહોંચી શકે છે. ત્રણ કલાકથી વધુ હવામાં રહી શકે છે. આ વિમાનોમાં એસેલ્સાનનું મુરાદ એઈએસએ રડાર, ટોઈગુન ઈલેક્ટ્રો-ઓપ્ટિકલ સિસ્ટમ જેવી આધુનિક પ્રણાલીઓ લગાવવામાં આવી છે. 2022માં પહેલી ઉડાન બાદ સેંકડો પરીક્ષણ ઉડાનો થઈ ચૂકી છે. 2025માં તેણે હવામાં લક્ષ્ય પર મિસાઈલ મારવાનું સફળ પરીક્ષણ પણ કર્યું. પરંપરાગત સશસ્ત્ર ડ્રોન જેવા એમક્યૂ-9 રીપર પહેલાંથી ઘણા દેશોમાં છે, પરંતુ કિઝિલએલ્માને અનમેન્ડ ફાઈટર જેટ કહેવામાં આવી રહ્યું છે કારણ કે આ ફાઈટર જેટ જેવી ભૂમિકા નિભાવવા માટે બનાવવામાં આવ્યું છે. અમેરિકા, ચીન અને રશિયા સહયોગી લડાકુ વિમાન (સીસીએ અથવા લોયલ વિંગમેન) કાર્યક્રમો પર કામ કરી રહ્યા છે, પરંતુ સત્તાવાર ઈન્વેન્ટરીમાં સામેલ થવાનો દાવો તૂર્કિયે કરી રહ્યું છે. આ તૂર્કિયેની ઘરેલુ સંરક્ષણ ક્ષમતા વધારવાની રણનીતિનો ભાગ છે. બાયકરે આને પોતાના સંસાધનોથી વિકસિત કર્યું છે. ઈન્ડોનેશિયા જેવા દેશો સાથે નિકાસ સમજૂતી પણ થઈ ચૂકી છે.

વિશ્વભરમાં વાહન ચોરો સામે મોટી કાર્યવાહી

65 દેશોમાંથી 688ની ધરપકડ, 2,394 ચોરાયેલી ગાડીઓ જપ્ત

ન્યુયોર્ક | દુનિયાભરમાં ચોરાયેલી ગાડીઓની તસ્કરી કરતા નેટવર્ક સામે ઈન્ટરપોલે મોટી કાર્યવાહી કરી છે. ઈન્ટરપોલના નેતૃત્વમાં હાથ ધરાયેલા આ આંતરરાષ્ટ્રીય અભિયાનમાં 65 દેશોની પોલીસ અને તપાસ એજન્સીઓ સામેલ થઈ હતી. આ કાર્યવાહી દરમિયાન કુલ 688 લોકોની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ચોરીની 2,394 ગાડીઓ અને તેના 1,891 તેનો કાટમાળ જપ્ત કરવામાં આવ્યા છે.આ ઉપરાંત ડ્રગ્સ, રોકડ રકમ અને હથિયારો પણ કબજે કરવામાં આવ્યાં છે. કાર્યવાહી દરમિયાન 30 સંગઠિત ગુનાહિત ગેંગનું નેટવર્ક તોડવામાં આવ્યું છે, જ્યારે અન્ય ગેંગ સામે તપાસ ચાલુ છે.ન્ટરપોલે આ આંતરરાષ્ટ્રીય અભિયાનને 'ઓપરેશન કારબેક-2' નામ આપ્યું હતું. 28 સપ્ટેમ્બરથી 9 ઓક્ટોબર 2026 દરમિયાન હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં યુરોપિયન સરહદ સુરક્ષા એજન્સી ફ્રોન્ટેક્સે પણ સહયોગ આપ્યો હતો.આ અભિયાનનો હેતુ ચોરાયેલી ગાડીઓની તસ્કરી અટકાવવાનો, આંતરરાષ્ટ્રીય ગુનાહિત નેટવર્કનો પર્દાફાશ કરવાનો અને ચોરાયેલી ગાડીઓનો અન્ય ગંભીર ગુનાઓમાં કેવી રીતે ઉપયોગ થાય છે તે જાણવાનો હતો. ઓપરેશન દરમિયાન વિવિધ દેશોમાં વાહનો, મુસાફરો અને માલવાહક વાહનોની સઘન તપાસ કરવામાં આવી હતી. ઈન્ટરપોલના ડેટાબેઝમાં 15 લાખથી વધુ વાહનોની શોધ કરવામાં આવી, જેમાં 1,180 કિસ્સામાં શંકાસ્પદ રેકોર્ડ મળ્યા હતા.ચોરાયેલા વાહનોના ડેટાબેઝના આધારે 4 લાખ 80 હજારથી વધુ વાહનોનાં રજિસ્ટ્રેશનની તપાસ કરવામાં આવી હતી. તપાસમાં જાણવા મળ્યું કે ચોરાયેલી ગાડીઓનો ઉપયોગ માત્ર વેચાણ માટે જ નહીં, પરંતુ ડ્રગ્સ, હથિયારો અને અન્ય ગેરકાયદે સામાનની હેરફેર માટે પણ થાય છે.ગ્રીસમાં પોલીસે ફ્રાન્સના રજિસ્ટ્રેશન નંબર ધરાવતી 3 શંકાસ્પદ ગાડીઓ પકડી હતી. તપાસમાં તેમના દસ્તાવેજો નકલી હોવાનું સામે આવ્યું હતું. આ ગાડીઓ ભાડે લેવામાં આવી હતી અને આરોપીઓ તેમને યુરોપિયન યુનિયનની બહાર લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જર્મનીમાં ચોરીની નંબર પ્લેટ ધરાવતી એક ગાડી રોકવામાં આવી હતી. તેની તપાસ દરમિયાન રબરની હોડી અને ચોરી કરાયેલી હોડીની મોટર મળી આવી હતી. આરોપીના મોબાઈલની તપાસમાં તેનો સંબંધ ગેરકાયદે રીતે લોકોને અન્ય દેશોમાં મોકલતા નેટવર્ક સાથે હોવાનું જાણવા મળ્યું હતું. આર્જેન્ટિનામાં ગિયરબોક્સ, બ્રેક ડિસ્ક અને એન્જિન બ્લોક સહિત આશરે 360 ગાડીઓનો કાટમાળ પણ જપ્ત કરવામાં આવ્યો હતો.

અમેરિકામાં ટેક આઉટેજ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પની મોટી કાર્યવાહી

ન્યુયોર્ક | યુએસમાં ટેકનિકલ ખામીઓ અને સાયબર હુમલાઓના વધતા જોખમ વચ્ચે ડોનાલ્ડ ટ્રમ્પે સાયબર સુરક્ષા વડા સીન કેર્નક્રોસને હટાવ્યા છે.



સાયબર સુરક્ષા વડા સીન કેર્નક્રોસની હકાલપટ્ટી કર્યા બાદ કિર્સ્ટન ડેવિસને કામચલાઉ જવાબદારી સોંપવામાં આવી છે. યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશના સાયબર સુરક્ષા વડા સીન કેર્નક્રોસને હટાવી દીધા છે. આ નિર્ણય અમેરિકામાં અનેક મોટી ટેકનિકલ ખામીઓ વચ્ચે આવ્યો છે. જે એરલાઈન્સ, બેંકો, સરકારી વિભાગો અને મોટી કંપનીઓને અસર કરી રહી છે. AIનો વધતો ઉપયોગ સાયબર હુમલાઓનું જોખમ પણ વધારી રહ્યો છે. વ્હાઈટ હાઉસની નજીકના એક સૂત્રના જણાવ્યા અનુસાર, ટ્રમ્પને લાગ્યું કે કેર્નક્રોસ પાસે આ પદ માટે જરૂરી ટેકનિકલ જ્ઞાનનો અભાવ છે. અધિકારીને ટાંકીને કહેવાયુ છે કે, કેર્નક્રોસ પોતે આગામી બે વર્ષ સુધી આ પદ પર સેવા આપવા માંગતા નથી. હાલમાં તે સ્પષ્ટ નથી કે તેઓ ક્યારે વિદાય લેશે. છેલ્લા અઠવાડિયામાં યુએસમાં ઘણી મોટી ટેકનિકલ સમસ્યાઓ નોંધાઈ છે. માઈક્રોસોફ્ટ ઈમેઈલ સેવા આઉટેજથી વિશ્વભરના લાખો લોકોને અસર થઈ છે.

'અકવાન' ચક્રવાતનું નામ ઈરાને કેમ આપ્યું

ન્યુયોર્ક | શુક્રવારે સવારે 'અકવાન' ચક્રવાત આંધ્ર પ્રદેશ અને ઓડિશાના દરિયાકાંઠે ત્રાટક્યું હતુ. આ નામ ઈરાને આપ્યું હતું. 'અકવાન' એટલે રાક્ષસ. તેની પોતાની રસપ્રદ વાર્તા પણ છે. ચક્રવાત અક્વાન વહેલી સવારે દક્ષિણ ઓડિશા અને ઉત્તર આંધ્ર પ્રદેશમાં લેન્ડફોલ થયો. 80-90 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનથી જનજીવન પ્રભાવિત થયું છે. 'અકવાન' નામ ઈરાન દ્વારા સૂચવવામાં આવ્યું હતું. બંગાળની ખાડી અને અરબી સમુદ્ર સહિત ઉત્તરી હિંદ મહાસાગરમાં ચક્રવાતોના નામ એક પ્રાદેશિક પ્રણાલી હેઠળ નક્કી કરવામાં આવે છે જેમાં વિશ્વ હવામાન સંગઠન અને સંયુક્ત રાષ્ટ્રના એશિયા-પેસિફિક સંગઠન સાથે જોડાયેલા દેશોનો સમાવેશ થાય છે. આ પ્રણાલી હેઠળ, દેશો અગાઉથી નામો સબમિટ કરે છે, અને તે નામોની સૂચિ સંકલિત કરવામાં આવે છે. જ્યારે ચક્રવાત નિર્ધારિત માપદંડોને પૂર્ણ કરે છે, ત્યારે સૂચિમાં આગળનું નામ વપરાય છે. તેથી, ચક્રવાતોનું નામ તે દેશ પર આધારિત રાખવામાં આવતું નથી જ્યાં તેઓ આગળ ભૂમિ પર પડે છે. 'અકવાન' અક્વાન-એ-દિવ નામના પાત્ર સાથે સંકળાયેલું છે. જે કવિ ફરદોસી દ્વારા લખાયેલ પર્શિયન મહાકાવ્ય શાહનામેહમાં દેખાય છે. શાહનામેહને ઈરાની સાહિત્ય અને સાંસ્કૃતિક સ્મૃતિના મુખ્ય કાર્યોમાંનું એક માનવામાં આવે છે. વાર્તામાં, અક્વાન કોઈ સામાન્ય વિરોધી નથી. તે એક કપટી અને શક્તિશાળી રાક્ષસ છે. તે પોતાનું સ્વરૂપ બદલી શકે છે અને ઘણા સ્વરૂપોમાં દેખાય છે, લોકોને મૂંઝવણમાં મૂકે છે. વાર્તામાં, તે જંગલી ગધેડાનું રૂપ પણ ધારણ કરે છે. તેના ઘણા સ્વરૂપો તેને ઓળખવાનું મુશ્કેલ બનાવે છે. અક્વાનની વાર્તાનો એક મહત્વપૂર્ણ ભાગ શાહનામેહના સૌથી પ્રખ્યાત વીર પાત્રોમાંના એક, યોદ્ધા રુસ્તમ સાથેનો તેનો મુકાબલો છે. તેની વાર્તાઓનો વારંવાર હિંમત, ધીરજ અને બુદ્ધિમત્તાની કસોટી થાય છે. અક્વાન સાથેનો તેનો સંઘર્ષ પણ ફક્ત શક્તિનો મુકાબલો નથી; તેમાં ચાલાકી અને યોગ્ય સમયે યોગ્ય નિર્ણયો લેવાનો સમાવેશ થાય છે. કથા એવી છે કે રુસ્તમે એક વાર અકવાનને પકડવાનો પ્રયાસ કર્યો. અકવાન વારંવાર વેશપલટો કરીને ભાગી ગયો. એક દિવસ થાકીને રુસ્તમ સૂઈ ગયો. અકવાન આ તકની રાહ જોઈ રહ્યો હતો. તેણે તેની આસપાસ જમીન કાપી અને તેને જમીન સાથે આકાશમાં ઉંચકી લીધો. પછી તેણે રુસ્તમને પૂછ્યું કે તેને પર્વત ઉપર ફેંકી દેવો કે સમુદ્રમાં. આ પ્રશ્ન સીધો લાગે છે, પરંતુ અકવાનની યુક્તિ તેમાં રહેલી છે. તે રુસ્તમની ઈચ્છા વિરુદ્ધ કાર્ય કરે છે. રુસ્તમ આ સમજે છે. તે વિચારે છે કે જો તે સમુદ્રમાં ફેંકી દેવા માંગે છે.

ઉબેરના સ્થાપક જેન્સન હુઆંગને Nvidiaમાં પરત લાવવાની માંગણી કરવા માટે રસ્તા પર ઉતરશે

ન્યુયોર્ક | ઉબેરના સહ-સ્થાપક અને ભૂતપૂર્વ CEO ટ્રેવિસ કાલાનિકે જાહેરાત કરી છે કે તેઓ Nvidiaના મુખ્યાલય પાસે ધરણા કરશે. ઉબેરના સહ-સ્થાપક ટ્રેવિસ કાલાનિકે Nvidiaના મુખ્યાલયમાં કર્મચારીઓ સાથે Nvidiaના ભૂતપૂર્વ CEO જેન્સન હુઆંગને પરત કરવાની માંગણી સાથે વિરોધ કરવાનું વચન આપ્યું છે. એલોન મસ્ક અને ઓપનએઆઈના વડા સેમ ઓલ્ટમેન સહિત અનેક અગ્રણી વ્યક્તિઓએ હુઆંગના સમર્થનમાં વાત કરી છે. જોકે, Nvidiaનું બોર્ડ હાલમાં તેમને પાછા લાવવાના મૂડમાં નથી. રસપ્રદ વાત એ છે કે, ટ્રેવિસ કાલાનિકને પોતે તેમની પોતાની કંપની, ઉબેરમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. વિશ્વની સૌથી મોટી AI ચિપ કંપનીઓમાંની એક Nvidia, આ દિવસોમાં તેના વ્યવસાય અથવા કોઈ નવી ચિપ માટે નહીં, પરંતુ તેના CEO માટે સમાચારમાં છે. Nvidia ના ભૂતપૂર્વ વડા જેન્સન હુઆંગના રાજીનામા બાદ, તેમને પાછા લાવવાની ઝુંબેશ તેજ થઈ ગઈ છે. ઉબેરના સહ-સ્થાપક ટ્રેવિસ કાલાનિક હવે આંદોલનમાં જોડાયા છે. તેમણે તો એમ પણ કહ્યું છે કે તેઓ કર્મચારીઓ અને અન્ય વ્યવસાય માલિકો સાથે વિરોધ કરવા માટે Nvidiaના મુખ્યાલયની મુલાકાત લેશે. કાલ્નિકનું નિવેદન પણ સમાચારમાં છે કારણ કે તેમને પોતે એક વખત તેમની પોતાની કંપની, ઉબેરમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. હવે, તેઓ બીજી મોટી ટેક કંપનીના સ્થાપકને પાછા લાવવાની લડાઈમાં જોડાવાની વાત કરી રહ્યા છે. ટ્રેવિસ કાલાનિકે આ નિવેદન યુએસએના ઓસ્ટિનમાં ટુમોરોએક્સ સમિટ દરમિયાન આપ્યું હતું.

સિંધના વિભાજન મુદ્દે બિલાવલ ભુટ્ટોની પાકિસ્તાન સરકારને ખુલ્લી ધમકી



ન્યુયોર્ક | પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ સિંધના ભાગલા પાડવાના પ્રયાસો સામે પાકિસ્તાન સરકારને ચેતવણી આપી છે. બિલાવલ ભુટ્ટોએ કહ્યું છે કે, જો સિંધના ભાગલા પાડવાનો નિર્ણય બળજબરીથી અથવા લોકમત દ્વારા લાદવામાં આવે તો પરિસ્થિતિ વધુ ખરાબ થઈ શકે છે. નવા રાજ્યો બનાવવા અને સિંધના ભાગલા પાડવાની ચર્ચાઓએ પાકિસ્તાનમાં રાજકીય વિવાદ ઉભો કર્યો છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ આ મુદ્દે તેમની સરકાર અને દેશની સેનાને ખુલ્લી ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે જો બળજબરીથી અથવા લોકમત દ્વારા સિંધને વિભાજીત કરવાનો પ્રયાસ કરવામાં આવશે, તો તેના પરિણામો દાયકાઓ સુધી અનુભવી શકાય છે. બિલાવલ ભુટ્ટોએ કહ્યું કે, આના પરિણામે કરાચીના રસ્તાઓ પર લોહી વહેશે. જેના કારણે પ્રશ્નો ઉભા થશે. બિલાવલે તો એમ પણ કહ્યું કે, આ પગલું એવી આગ સળગાવી શકે છે જેને બુઝાવવામાં 30 વર્ષ લાગશે. બિલાવલે પોતાના વિચારો રજૂ કરવા માટે ધાર્મિક સંદર્ભોનો પણ ઉપયોગ કર્યો. તેમણે કહ્યું કે શું થશે તે નક્કી કરવાનો કોઈને અધિકાર નથી. ફક્ત અલ્લાહ પાસે જ કહેવાની શક્તિ છે કે, તે બનો, તે બનો. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે પાકિસ્તાનને અનેક ભાગોમાં વિભાજીત કરવાની ચર્ચા તીવ્ર બની રહી છે. બિલાવલે કેન્દ્ર સરકાર અને પાકિસ્તાન સેના દ્વારા નિયંત્રિત વ્યવસ્થા પર નિશાન સાધ્યું.


વડોદરાના સેવાસી ખાતે બે દિવસીય GUJARAT WOSH ૨૦૨૬ કાર્યક્રમનું આયોજન

વડોદરા | વડોદરાના સેવાસી ખાતે GUJARAT WOSH ૨૦૨૬- World of Occupational Safety & Health કાર્યક્રમ આજે તા.૨૦/૧૧/૨૦૨૬ અને તા.૨૧/૧૧/૨૦૨૬ એમ બે દિવસીય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમનો શુભારંભ આજે તા.૨૦/૧૧/૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે આરના લોન્સ, એફજીઆઇ પાસે, મહાપુરા, સેવાસી, વડોદરા ખાતે ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર, ગ્રામવિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે કરવામાં આવશે. ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય ક્ષેત્રે જાગૃતિ લાવવાના હેતુથી સંયુક્ત નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરી, વડોદરા દ્વારા આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કેનેડાની મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં ગોલ્ડી બરાડનું નામ ટોચે

સરકારે 2.5 લાખ ડૉલરનું ઈનામ રાખ્યું

ન્યુયોર્ક | પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલા હત્યાના કાવતરાખોર ગોલ્ડી બરાર કેનેડાની મોસ્ટ વોન્ટેડ યાદીમાં ટોચ પર છે. કેનેડા સરકારે તેના પર $250,000નું ઈનામ જાહેર કર્યું છે. 'બોલો પ્રોગ્રામ' હેઠળ કેનેડાની સુરક્ષા એજન્સીઓ તેને પકડવા સક્રિય બની છે. અમેરિકા અને કેનેડા બંનેની વોન્ટેડ યાદીમાં ટોચ પર પહોંચનાર તે પ્રથમ ભારતીય મૂળનો ગેંગસ્ટર બન્યો છે. પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની ચકચારી હત્યાના મુખ્ય કાવતરાખોર અને કુખ્યાત ગેંગસ્ટર ગોલ્ડી બરારની મુશ્કેલીઓમાં હવે જબરદસ્ત વધારો થયો છે. અત્યાર સુધી જે દેશમાં તે છુપાઈને બેઠો હોવાની આશંકા હતી, તે જ કેનેડા સરકારે હવે તેને પોતાની મોસ્ટ વોન્ટેડ ગુનેગારોની યાદીમાં સૌથી ટોચ પર મૂકી દીધો છે. કેનેડાની સુરક્ષા એજન્સીઓએ સતિન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બરારની ધરપકડ કરવામાં મદદરૂપ થાય તેવી કોઈ પણ નક્કર માહિતી આપનાર વ્યક્તિને $250,000 (2.5 લાખ ડોલર) સુધીનું મોટું રોકડ ઈનામ આપવાની સત્તાવાર જાહેરાત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ગોલ્ડી બરારનું નામ અગાઉથી જ અમેરિકાના ટોપ-10 મોસ્ટ વોન્ટેડ ગેંગસ્ટરોની યાદીમાં પણ સામેલ છે. આ સાથે જ સતિન્દરજીત સિંહ ઉર્ફે ગોલ્ડી બરાર અમેરિકા અને કેનેડા જેવા બે મોટા દેશોની મોસ્ટ વોન્ટેડ ગુનેગારોની યાદીમાં ટોચના સ્થાને પહોંચનાર ભારતીય મૂળનો પ્રથમ ગેંગસ્ટર બની ગયો છે. સુરક્ષા નિષ્ણાતો અને સૂત્રોના મતે, આ ઘટનાક્રમ પરથી એવો સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે કે અમેરિકન તપાસ એજન્સી FBIના 'ઓપરેશન હાર્ડબોલ'ની કડક કાર્યવાહી બાદ ગોલ્ડી બરાર અમેરિકામાંથી ભાગીને ગુપ્ત રીતે કેનેડામાં ઘૂસી ગયો હોઈ શકે છે. તેના કેનેડામાં છુપાયા હોવાની ગુપ્ત માહિતી મળ્યા બાદ જ કેનેડાના અધિકારીઓ સતર્ક થયા છે અને તેને ટોપ-25 મોસ્ટ વોન્ટેડ લિસ્ટમાં પ્રથમ સ્થાને મૂકીને તેના પર 2.5 લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું છે.



મોહમ્મદ યુનુસ બાદ હવે બાંગ્લાદેશના મંત્રીઓ નિશાને, રમખાણકારોએ અડધી રાતે હુમાયું કબીરનું ઘર બાળ્યું

ન્યુયોર્ક | બાંગ્લાદેશમાં રાજકીય હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. સિલહટમાં વિદેશ રાજ્ય મંત્રી હુમાયૂં કબીરના ઘરના મુખ્ય ગેટ બહાર મોડી રાત્રે અજાણ્યાઓએ કપડાંમાં આગ ચાંપી હતી. જોકે, આ ઘટનામાં કોઈ નુકસાન થયું નથી. પોલીસે તપાસ શરૂ કરી છે અને આગ લગાવનારાઓની ઓળખ કરવાનો પ્રયાસ કરી રહી છે. આ ઘટના પાછળ રાજકીય તણાવ અને અવામી લીગના પ્રદર્શનો જવાબદાર હોવાનું મનાય છે. બાંગ્લાદેશમાં રાજકીય હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. ગુરુવાર રાત્રે ઉપદ્રવીઓએ ફરી એકવાર ઉત્પાત મચાવ્યો હતો. રાજકીય તણાવ વચ્ચે વિદેશ રાજ્ય મંત્રી હુમાયૂં કબીરના સિલહટ સ્થિત ઘરની બહાર આગ ચાંપવાની ઘટના સામે આવી છે. ગુરુવારે મોડી રાત્રે કેટલાક અજાણ્યા લોકોએ તેમના ઘરના મુખ્ય ગેટની સામે કપડાંમાં આગ ચાંપી દીધી હતી. જોકે આ ઘટનામાં કોઈ પ્રકારનું નુકસાન નથી થયું. પોલીસે મામલાની તપાસ શરૂ કરી દીધી છે અને આગ લગાવનારાઓની ઓળખ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. એક રિપોર્ટ પ્રમાણે આ ઘટના સિલહટ શહેરના દરિયાપારા વિસ્તારમાં બની હતી. સિલહટ મેટ્રોપોલિટન પોલીસના ડેપ્યુટી કમિશનર અફઝલ હુસૈને જણાવ્યું કે, 'ગુરુવારે મોડી રાત્રે લગભગ 3 થી 4 વાગ્યાની વચ્ચે આ



ઘટના બની હતી. ઉપદ્રવીઓએ ઘરના મુખ્ય ગેટની સામે કપડાંના કેટલાક ટુકડામાં આગ લગાવી દીધી હતી. પોલીસ મામલાની તપાસ કરી રહી છે.' પોલીસના જણાવ્યા પ્રમાણે આગ લાગવાની માહિતી મળ્યા બાદ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘટનાસ્થળનું નિરીક્ષણ કર્યું. શરૂઆતની માહિતીમાં સામે આવ્યું છે કે, આગ કપડાંના ટુકડામાં લગાવવામાં આવી હતી. જોકે, આગ ઘરની અંદર સુધી પહોંચી નથી અને ન તો કોઈ સંપત્તિને નુકસાન પહોંચ્યું છે. પોલીસ હવે એ શોધવામાં લાગી છે કે આ ઘટના પાછળ કોણ લોકો હતા અને તેમણે આવું શા માટે કર્યું. સ્થાનિક રહેવાસીઓ અને પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ મકાનમાં હુમાયૂં કબીરના કાકા અને પરિવારના બીજા સભ્યો રહે છે. વિદેશ રાજ્ય મંત્રી જ્યારે સિલહટ આવે છે ત્યારે આ જ ઘરમાં રોકાય છે. ઘટનાના સમયે તેઓ ત્યાં હાજર નહોતા. રિપોર્ટ પ્રમાણે તેમનો શુક્રવારે બપોરે સિલહટ પહોંચવાનો કાર્યક્રમ હતો. ઘટનાની માહિતી મળ્યા બાદ સિલહટ વિકાસ સત્તામંડળના ચેરમેન રેઝાઉલ હસન કોયેસ લુધી પણ શુક્રવારે સવારે લગભગ 10:00 વાગ્યે ઘટનાસ્થળે પહોંચ્યા. તેઓ સિલહટ શહેર BNPના પૂર્વ કાર્યકારી અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. તેમણે ઘટનાને લઈને કહ્યું કે, 'અહીં કોઈ મોટી આગચંપી નથી થઈ અને ન તો કોઈ વ્યક્તિ ઘરની અંદર દાખલ થયો છે.' તેમના મુજબ કોઈએ પસાર થતી વખતે કંઈક વસ્તુ ઘરની સામે ફેંકી હતી. તમને જણાવી દઈએ કે,



બાંગ્લાદેશમાં લાંબા સમય બાદ અવામી લીગ સક્રિય થયો છે. અવામી લીગ પૂર્વ PM શેખ હસીનાની સુરક્ષિત વાપસીની માંગ કરી રહ્યું છે. પરંતુ બાંગ્લાદેશની તારિક રહેમાન સરકાર શેખ હસીનાને કોઈ પણ કિંમતે પાછા આવવા દેવા માંગતી નથી. ગુરુવાર દિવસભર અવામી લીગના સભ્યોએ હિંસક પ્રદર્શન કર્યું છે. તમને જણાવી દઈએ કે બાંગ્લાદેશની વર્તમાન સરકારે અવામી લીગ પર પ્રતિબંધ મૂકી દીધો છે.

નવા વર્ષમાં નખત્રાણાને મળશે નર્મદાના નીરની અમૂલ્ય ભેટ! બાયપાસ અને ફોરલેનનું કામ પણ ટૂંક સમયમાં શરૂ થશે : ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા

ચેમ્બર ઓફ કોમર્સના સ્નેહમિલનમાં વિકાસની નવી આશાઓ વ્યક્ત; નખત્રાણાના વિકાસમાં વેપારી મંડળના સહિયારા પુરુષાર્થને બિરદાવાયો

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા ઉમા વિદ્યાલયના સભાખંડ ખાતે નખત્રાણા ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા નવા વર્ષ ૨૦૮૩ના સ્વાગતાર્થે ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ નખત્રાણા તાલુકાના વિકાસ અંગે મહત્વપૂર્ણ જાહેરાતો કરતાં જણાવ્યું હતું કે, નવા વર્ષમાં નખત્રાણા તાલુકાને નર્મદાના જળની ભેટ મળે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. નખત્રાણાના વિકાસની ખૂટતી કડીઓ પૂર્ણ કરવા સરકાર કટિબદ્ધ છે.સમારોહમાં ચેમ્બરના પ્રમુખ બાબુલાલભાઈ ધનાણીએ ઉપસ્થિત વેપારી મિત્રો અને મહાનુભાવોનું સ્વાગત કર્યું હતું. ઉપપ્રમુખ ભરતભાઈ સોમજીયાણી તથા રાજેશભાઈ પલણે સ્વાગત પ્રવચન કરી સૌને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. ગત વર્ષની કામગીરી અને હિસાબોનો ચિતાર રજૂ કરી નવા વર્ષને આવકારવામાં આવ્યું હતું.ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, નખત્રાણાના વિકાસમાં ચેમ્બર ઓફ કોમર્સનો સિંહફાળો રહ્યો છે. નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો મળ્યા બાદ આગામી સમયમાં કલ્પના બહારનો વિકાસ થશે. બાયપાસ, કોલેજ, એપીએમસી, કસ્તુરબા ગાંધી વિદ્યાલય, રૂ. ૫૫ કરોડના ખર્ચે આધુનિક હોસ્પિટલ તથા વિવિધ વિસ્તારોમાં નવા રસ્તાઓ સહિત અનેક વિકાસકાર્યો થયાં છે.બાયપાસ અંગે તેમણે જણાવ્યું હતું કે, બાયપાસનો પ્રશ્ન ઉકેલાઈ ગયો છે અને હાલ ચૂકવણીની પ્રક્રિયા ચાલી રહી છે. તે પૂર્ણ થયા બાદ બાયપાસનું કામ શરૂ થશે. પશ્ચિમ કચ્છના મુખ્ય મથક નખત્રાણામાં ટ્રાફિકનું ભારણ ઘટાડવા ફોરલેનની કામગીરી પણ ટૂંક સમયમાં શરૂ કરવાના પ્રયાસો છે.



નર્મદાના જળ અંગે તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે નવા વર્ષમાં નખત્રાણા તાલુકાને નર્મદાના પાણીની ભેટ મળશે. પાણીના સંગ્રહ માટે મોટા ડેમ બનાવવાની તૈયારીઓ પણ થઈ રહી છે. દરેક સમસ્યાના મૂળ સુધી પહોંચી સહિયારા પ્રયાસો કરવામાં આવે તો ઉકેલ શક્ય છે તેમ જણાવી ચેમ્બરના વેપારીઓને પોતાના પ્રશ્નો રજૂ કરવા અનુરોધ કર્યો હતો.

ચેમ્બરના પ્રમુખ બાબુલાલભાઈ ધનાણીએ ગત વર્ષે વરસાદના અભાવે ખેડૂતો અને માલધારીઓને પડેલી મુશ્કેલીઓનો ઉલ્લેખ કરી આગામી વર્ષ સૌના માટે સુખદ રહે તેવી પ્રાર્થના કરી હતી. તેમણે વેપારીઓને ઓનલાઈન ખરીદીના બદલે સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરવા, સ્વદેશી વસ્તુઓ અપનાવવા અને 'વોકલ ફોર લોકલ'ના અભિગમને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી.

સમારોહમાં વેપારીઓ તેમજ નગરપાલિકાના સભ્યોનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાબુલાલભાઈ ધનાણી, રાજેશભાઈ પલણ, દિનેશભાઈ જોશી, ભરતભાઈ સોમજીયાણી, ધર્મેશભાઈ કેસરાણી, વસંત વાઘેલા, હરિસિંહ રાઠોડ, કિશોરભાઈ કોટડિયા, ભરતભાઈ કોટડિયા, લાલજીભાઈ રામાણી, દમયંતીબેન પટેલ, ડાયાભાઈ સેંઘાણી, દોલતભાઈ ભાનુશાલી, ચંદનસિંહ રાઠોડ, નીતિનભાઈ ઠક્કર, મહમદભાઈ ખત્રી, મેઘાભાઈ રબારી સહિત મોટી સંખ્યામાં વેપારી આગેવાનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન રાજેશભાઈ પલણે કર્યું હતું અને આભારવિધિ ઉપપ્રમુખ દિનેશભાઈ જોશીએ કરી હતી.

હાજીપીર રણમાં પશુ-પક્ષીઓ માટે પાણીના આવાડાનું નિર્માણ પૂર્ણ; સોશિયલ મીડિયા પર મળેલા દાનનો જીવદયા માટે સદુપયોગ

જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

કચ્છના હાજીપીર રણ વિસ્તારમાં વસવાટ કરતા અબોલ પશુ-પક્ષીઓની પાણીની તરસ છીપાવવા માટે જબ્બાર જત વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા હાથ ધરવામાં આવેલું સેવાકાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે. ફાઉન્ડેશન દ્વારા રણ વિસ્તારમાં અબોલ જીવો માટે પીવાના પાણીના આવાડાનું નિર્માણ કરવામાં આવ્યું છે.આ સેવાકાર્ય માટે ફાઉન્ડેશન દ્વારા ફેસબુક, વોટ્સએપ સહિતના સોશિયલ મીડિયા માધ્યમથી જીવદયાપ્રેમી દાતાઓને સહયોગની અપીલ કરવામાં આવી હતી. જેને હકારાત્મક પ્રતિસાદ મળતાં અનેક સેવાભાવી દાતાઓએ યથાશક્તિ આર્થિક સહયોગ આપ્યો હતો.

દાતાઓ તરફથી મળેલી રકમનો ઉપયોગ હાજીપીર રણ વિસ્તારમાં પાણીના આવાડા બનાવવા અને અબોલ પશુ-પક્ષીઓ માટે પીવાના પાણીની સુવિધા ઊભી કરવામાં કરવામાં આવ્યો છે. આ કાર્ય પૂર્ણ થતાં રણ વિસ્તારમાં પાણી માટે ભટકતાં અબોલ જીવોને મોટી રાહત મળશે.

ફાઉન્ડેશનનો ઉદ્દેશ માત્ર આવાડાનું નિર્માણ કરવાનો નથી, પરંતુ રણમાં વસતા અબોલ જીવોને નિયમિત પીવાનું પાણી મળી રહે અને જીવદયાની ભાવના સતત જીવંત રહે તેવો છે.

આ સેવાકાર્યમાં આર્થિક સહયોગ આપનાર તમામ દાતાશ્રીઓ, મિત્રો તથા પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહયોગ આપનાર સૌનો જબ્બાર જત વેલ્ફેર ફાઉન્ડેશન દ્વારા હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો છે.

રણની વેરાન ધરતી પર અબોલ જીવો માટે પાણીની વ્યવસ્થા ઊભી કરી ફાઉન્ડેશને જીવદયા અને માનવતાનું સુંદર ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આદિજાતિ કલ્યાણ યોજનાઓનો લાભ અને વિકાસ છેક છેવાડાના ગામો સુધી પહોંચ્યો છે: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં થયેલા આદિવાસી કલ્યાણ કામોથી સરકાર પ્રત્યેનો લોકોનો વિશ્વાસ અને વિકાસની અપેક્ષા બેય વધ્યાં છે

દિપક રાવલ દાહોદ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આદિજાતિ દાહોદ જિલ્લાના ગરબાડાના ગામોના 72 કલાકના પ્રવાસના અંતિમ દિવસે ગુજરાત-મધ્યપ્રદેશ સરહદ પરના છેવાડાના ગામ ખંગેલામાં ગ્રામીણ મહિલાઓ-લોકો સાથે સંવાદ સાધ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ત્રણ દિવસના ગ્રામ્ય જીવનના અનુભવોથી એક અલગ જ સંતોષ મળ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં આદિવાસી વિસ્તારોમાં જે વિકાસ કાર્યો અને કલ્યાણ યોજનાઓ પહોંચી છે તેનાથી લોકોનો સરકાર પ્રત્યેનો વિશ્વાસ અને વિકાસ કામો માટેની અપેક્ષા બેય વધ્યા છે.મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, 72 કલાકના તેમના આ પ્રવાસ મૂલ્યાંકનમાં તેમણે આદિવાસી યુવાઓમાં ઉચ્ચ શિક્ષણ, ગામોમાં રોડ-રસ્તા, આરોગ્ય, પીવાના પાણીની સુવિધા જેવી મૂળભૂત જરૂરિયાતો સંદર્ભમાં થયેલી કામગીરીથી લોકોમાં સંતોષની લાગણી અનુભવી છે.તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ હંમેશા કલ્યાણ યોજનાઓના કેન્દ્રસ્થાને સામાન્ય અને ગરીબ માણસને રાખ્યો છે. આજે PMAYમાં આવાસ, ઉજ્વલામાં ગેસ સિલિન્ડર, નલ સે જલ, રોડ-રસ્તા અને હેલ્થ સેન્ટર જેવી સુવિધાઓ છેવાડાના ગામો અને પર્વતીય વિસ્તારો સુધી પહોંચી છે અને તેનો પૂરતો લાભ દરેકને મળી રહ્યો છે.આદિજાતિ વિસ્તારોમાં પ્રાકૃતિક ખેતી તરફ વળવાની વાતને મુખ્યમંત્રીએ વિશેષ મહત્વ આપતા જણાવ્યું કે રાસાયણિક ખાતર અને દવાઓના ઉપયોગને કારણે નાની ઉંમરે ડાયાબિટીસ, બ્લડપ્રેશર અને અન્ય રોગો વધી રહ્યા છે. જમીનનું સ્વાસ્થ્ય પણ બગડી રહ્યું છે. આવનારી પેઢીનું અને જમીન તથા માનવ સ્વાસ્થ્ય સુધારવા માટે પ્રાકૃતિક ખેતી તરફ આગળ વધવું અત્યંત જરૂરી છે તેમ તેમણે ઉમેર્યું હતું.મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ એ વડાપ્રધાનશ્રીનો કાર્યમંત્ર છે. સૌને સાથે મળીને વિકસિત ભારત અને વિકસિત ગુજરાતનો સંકલ્પ સાકાર કરવા તેમણે પ્રેરણા આપી હતી.આ અવસરે પ્રગતિશીલ મહિલાઓએ મુખ્યમંત્રીશ્રી સમક્ષ પોતાની આત્મ નિર્ભરતાની વાતો રજૂ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સખી મંડળોના વિવિધ પ્રદર્શન સ્ટોલોની મુલાકાત પણ લીધી હતી.



મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલએ નગરાલા ગામે આદિવાસી પરિવાર સાથે ભોજન લઈ આત્મીય સંવાદ સાધ્યો



દિપક રાવલ દાહોદ

દાહોદ જિલ્લાના પ્રવાસ દરમિયાન મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદ તાલુકાના નગરાલા ગામના ભુરીયા-હવેલી ફળિયામાં રહેતા શ્રી ભુરીયા બદીયાભાઈના નિવાસસ્થાને પરિવારજનો સાથે ભોજન લીધું હતું.

આ પ્રસંગે ગ્રામજનોએ ઢોલ-નગારા થાળી વગાડીને મુખ્યમંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પરિવારના સભ્યો સાથે આત્મીયતાપૂર્વક સંવાદ સાધી તેમની સાથે સમય વિતાવ્યો હતો. આદિવાસી પરિવારના આંગણે પહોંચીને પરિવારજનો સાથે ભોજન આરોગી મુખ્યમંત્રીશ્રીએ સ્થાનિક પરિવારજીવન, પરંપરા અને સંસ્કૃતિ સાથે આત્મીય જોડાણનો ભાવ વ્યક્ત કર્યો હતો.મુખ્યમંત્રીશ્રીની આ મુલાકાતથી પરિવારજનોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

જૂનાગઢ જિલ્લા કક્ષાની 'વિકસિત ભારત' કલ્ચરલ અને ચેલેન્જ ટ્રેક સ્પર્ધા સંપન્ન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૦. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તથા કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર દ્વારા આયોજિત તેમજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, જૂનાગઢ દ્વારા સંચાલિત 'વિકસિત ભારત' અંતર્ગત કલ્ચરલ ટ્રેક અને ચેલેન્જ ટ્રેકનું આયોજન મીનરાજ શૈક્ષણિક સંકુલ, ભવનાથ, જૂનાગઢ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ માં કલ્ચરલ ટ્રેક અંતર્ગત લોકનૃત્ય, લોકગીત, ચિત્રકલા, કાવ્ય લેખન અને નુક્કડ નાટક (શેરી નાટક) તેમજ ચેલેન્જ ટ્રેક અંતર્ગત નિબંધ સ્પર્ધા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં યુવક-યુવતીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ સ્પર્ધાના વિજેતા સ્પર્ધકો આગામી સમયમાં રાજ્ય કક્ષાએ જૂનાગઢ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

છાબ તળાવે મુખ્યમંત્રીએ ભારત માતાને અર્પી પુષ્પાંજલિ, નગરજનો સાથે કર્યો આત્મીય સંવાદ



દિપક રાવલ દાહોદ

દાહોદ જિલ્લાના ત્રિદિવસીય પ્રવાસના અંતિમ દિવસે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દાહોદ શહેરના સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે છાબ તળાવ ખાતે સ્થાપિત ભારત માતાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી પુષ્પાંજલિ અર્પી હતી અને ભારત માતાને વંદન કરી આશીર્વાદ મેળવ્યા હતા.આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીશ્રીએ છાબ તળાવ ખાતે ઉપસ્થિત નગરજનો સાથે આત્મીયતાપૂર્વક સંવાદ કર્યો હતો. તેમણે નગરજનોની લાગણીઓ અને મંતવ્યો જાણ્યા હતા તેમજ તેમની સાથે હળવાશભર્યો સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે નગરજનોમાં પણ મુખ્યમંત્રીશ્રીના આગમનને લઈને ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.

પાકિસ્તાને ઓપરેશન સિંદૂરમાં તોડી પાડવાનો દાવો કર્યો હતો

ભારત પાસે 36 નહીં, 32 સક્રિય રાફેલ:પૂર્વ વાયુસેના ઉપપ્રમુખે રિપોર્ટ ખોટો ગણાવ્યો

નવી દિલ્હી | ભારતીય વાયુસેનાના રાફેલ વિમાનોની સંખ્યાને લઈને વિવાદ ઊભો થયો છે. બ્રિટિશ એવિએશન મેગેઝિન ફ્લાઇટગ્લોબલના તાજા રિપોર્ટમાં ભારતના 36 રાફેલ વિમાનોમાંથી માત્ર 32ને જ ઓપરેશનલ ગણાવવામાં આવ્યા છે.

અહેવાલમાં એ જણાવાયું નથી કે બાકીના ચાર વિમાનો ક્યાં છે અથવા તેમને સક્રિય યાદીમાંથી શા માટે હટાવવામાં આવ્યા. પૂર્વ વાયુસેના ઉપપ્રમુખ એર માર્શલ એન. તિવારીએ આ આંકડાઓને સંપૂર્ણપણે ખોટા ગણાવ્યા છે. તેમણે મેગેઝિનને પોતાના સૂત્રોની વિશ્વસનીયતાની ફરી તપાસ કરવા જણાવ્યું છે.હકીકતમાં, ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ભારતના ચાર રાફેલ વિમાનો તોડી પાડ્યાનો દાવો કર્યો હતો. પૂર્વ એર માર્શલ તિવારીએ જણાવ્યું કે જે રાફેલ વિમાનોને તોડી પાડ્યાનો દાવો કરવામાં આવ્યો હતો, તેઓ આંતરરાષ્ટ્રીય લશ્કરી કવાયતોમાં



ઉડાન ભરતા જોવા મળ્યા હતા. ફ્લાઇટગ્લોબલની 'વર્લ્ડ એર ફોર્સિસ ડિરેક્ટરી'માં ભારતીય વાયુસેનાના લડાકુ વિમાનોની યાદીમાં રાફેલ DH/EHની સંખ્યા 32 જણાવવામાં આવી છે. DH બે બેઠકો ધરાવતું અને EH એક બેઠક ધરાવતું રાફેલ વિમાન છે.ભારતે ફ્રાન્સ પાસેથી કુલ 36 રાફેલ ખરીદ્યા હતા. તેમાં 28 એક બેઠકવાળા અને 8 બે બેઠકવાળા વિમાનો સામેલ છે. ગયા વર્ષની રિપોર્ટમાં મેગેઝિને 35 રાફેલ વિમાનોને સક્રિય ગણાવ્યા હતા. આ વખતે સંખ્યા ઘટાડીને 32 કરી દેવામાં આવી છે.રિપોર્ટમાં આ ફેરફારનું કોઈ કારણ કે સમર્થનમાં પુરાવા આપવામાં આવ્યા નથી. આ રિપોર્ટ બ્રિટનની એવિએશન ડેટા અને એનાલિટિક્સ કંપની સિરિયમના આંકડાઓના આધારે તૈયાર કરવામાં આવી છે.એર માર્શલ એન. તિવારીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે ફ્લાઇટગ્લોબલે પોતાના સૂત્રોનું ફરીથી મૂલ્યાંકન કરવું જોઈએ.

જૂનાગઢ ડિવિઝનની તમામ પોસ્ટ ઓફિસોમાં પેન્શનરો માટે 'ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ' બનાવવાનું વિશેષ અભિયાન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ,તા.૨૦ ભારત સરકારના ટપાલ વિભાગ દ્વારા પેન્શનરોની સુવિધા અને સરળતા માટે નવેમ્બર- ૨૦૨૬ દરમિયાન ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ (Digital Life Certificate - DLC) મેળવવા માટે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત જૂનાગઢ ડિવિઝનની તમામ હેડ પોસ્ટ ઓફિસ, સબ પોસ્ટ ઓફિસ તથા શાખા પોસ્ટ ઓફિસોમાં પેન્શનરો માટે ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ બનાવવાની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.સરકારી પેન્શનરો તેમજ અન્ય પાત્ર પેન્શનરો ને દર વર્ષે નવેમ્બર માસ દરમિયાન પોતાનું જીવન પ્રમાણપત્ર (Life Certificate) રજૂ કરવાનું હોય છે. આ પ્રક્રિયાને સક્ષમ, ઝડપી અને સુવિધાજનક બનાવવા માટે ટપાલ વિભાગ દ્વારા આધાર આધારિત ફેસ ઓથેન્ટિકેશન (Face Authentication) ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ બનાવવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. આ સુવિધા દ્વારા પેન્શનરો ને બેંક અથવા અન્ય કચેરીઓમાં ઊભું રહેવાની અગવડતા વિના નજીકની પોસ્ટ ઓફિસમાં જઈને પોતાનું ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ બનાવી શકશે. આ ઉપરાંત, પેન્શનરો પોતાના સ્માર્ટફોન દ્વારા પણ Face Authentication મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને ઘરે બેઠા ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ જનરેટ કરી શકે છે. ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ બનાવવા માટે પેન્શનરોએ આધાર કાર્ડ નંબર, મોબાઈલ નંબર, પેન્શન પેમેન્ટ ઓર્ડર (PPO) નંબર અને પેન્શન ખાતાની બેંકની વિગતો સાથે રાખવાની રહેશે.વરિષ્ઠ નાગરિકો અને પેન્શનરોને અપીલ કરવામાં આવે છે કે તેઓ નવેમ્બર માસ દરમિયાન નજીકની પોસ્ટ ઓફિસ ની મુલાકાત લઈ આ સુવિધાનો લાભ લે અને સમયસર પોતાનું ડિજિટલ લાઇફ સર્ટિફિકેટ જનરેટ કરાવે, જેથી પેન્શન મેળવવામાં કોઈ વિલંબ ઊભો ન થાય. ભારતીય ટપાલ વિભાગ હંમેશાં નાગરિકોની સુવિધા અને સેવાઓને સરળ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. વધુ માહિતી માટે નજીકની પોસ્ટ ઓફિસનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

અમદાવાદ, અંબાલા અને ફિરોઝપુર રેલવે ડિવિઝન તથા સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન દ્વારા ચંદીગઢમાં આયોજિત 'ટ્રેડ મીટ ૨૦૨૬'

ચંદીગઢ/અમદાવાદ | ગુજરાત, પંજાબ અને હરિયાણામાં વેપારી પ્રવૃત્તિઓને વેગ આપવા, રેલ આધારિત માલ પરિવહનને પ્રોત્સાહન આપવા અને લોજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાના ઉદ્દેશ્ય સાથે, શુક્રવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ચંદીગઢની હોટેલ તાજ ખાતે 'ટ્રેડ મીટ ૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વેસ્ટર્ન રેલવેના અમદાવાદ ડિવિઝન, નોર્થર્ન રેલવેના અંબાલા અને ફિરોઝપુર ડિવિઝન તથા સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન (CWC) ના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.આ મહત્વપૂર્ણ વેપાર પરિષદમાં CWCના ચેરમેન શ્રી રવિન્દ્ર કુમાર અગ્રવાલ, અમદાવાદ DRM શ્રી વેદ પ્રકાશ, અંબાલા ડિવિઝનના DRM શ્રી વિનોદ ભાટિયા અને સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર (અમદાવાદ) શ્રી અન્નુ ત્યાગી તેમજ માલ પરિવહન અને ઔદ્યોગિક ક્ષેત્રના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રેલવે અને CWCના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત ખેડૂતો, વેપારીઓ, રાઈસ મિલ સંચાલકો, ઉદ્યોગપતિઓ, નિકાસકારો, આયાતકારો, ટ્રાન્સપોર્ટરો અને લોજિસ્ટિક્સ ઉદ્યોગના પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. ગુજરાતના ગાંધીધામ (કચ્છ) અને મહેસાણા પ્રદેશોને પંજાબ અને હરિયાણાના મુખ્ય કૃષિ, ઔદ્યોગિક અને વાણિજ્યિક કેન્દ્રો સાથે જોડવા અને બંને દિશામાં રેલ માલ પરિવહન માટે નવી તકો શોધવા પર કેન્દ્રિત ચર્ચાઓ. ભારતીય રેલ્વેનું પરિવર્તન રાષ્ટ્રની આર્થિક પ્રગતિને નવી ગતિ પ્રદાન કરે છે: ડીઆરએમ શ્રી વેદ પ્રકાશ.'વેપાર સભા'ને સંબોધતા, પશ્ચિમ રેલ્વેના અમદાવાદ વિભાગના ડિવિઝનલ રેલ્વે મેનેજર



(ડીઆરએમ) શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે ભારતીય રેલ્વે હાલમાં એક ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થઈ રહી છે. આધુનિક રેલ માળખાગત સુવિધાઓ, વીજળીકરણ, ટ્રાન્સપોર્ટ ટેકનોલોજી દ્વારા, રેલ્વે રાષ્ટ્રના અર્થતંત્રને નવી તાકાત આપી રહી છે.તેમણે ટિપ્પણી કરી, 'આજે, ભારતીય રેલ્વેની ભૂમિકા ફક્ત મુસાફરો અને માલસામાનને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવા સુધી મર્યાદિત નથી. રેલ્વે દેશના આર્થિક વિકાસ, ઔદ્યોગિક વિસ્તરણ, કૃષિ પેદાશો માટે નવા બજારોનું નિર્માણ અને ભારતીય ઉત્પાદનોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહી છે. અમારો ઉદ્દેશ્ય વેપારીઓ માટે પરિવહન ખર્ચ ઘટાડવાનો, ખેડૂતોને મોટા બજારોમાં પ્રવેશ સમર્પિત ફ્રેઇટ કોરિડોર, અત્યાધુનિક ફ્રેઇટ ટર્મિનલ, શક્તિશાળી ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સ અને નવીન ફ્રેઇટ પૂરો પાડવાનો, ઉદ્યોગો માટે વધુ સારી કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવાનો અને નિકાસકારોને વિશ્વસનીય લોજિસ્ટિક્સ સુવિધાઓ પ્રદાન કરવાનો છે.' રેલ્વે ક્ષેત્રમાં વધેલા રોકાણ, વ્યાપક વીજળીકરણ, આધુનિક માલ પરિવહન માળખા અને તકનીકી નવીનતાઓ પર પ્રકાશ પાડતા, શ્રી વેદ પ્રકાશે નોંધ્યું કે ભારતીય રેલ્વેનું આધુનિકીકરણ દેશમાં ટકાઉ અને કાર્યક્ષમ લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમ વિકસાવવા તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. ખર્ચ ઘટાડવા અને રેલ્વે કાર્યકારી કાર્યક્ષમતા વધારવા માટે બે-માર્ગી માલ પરિવહન: ગુજરાત, પંજાબ અને હરિયાણા વચ્ચે બે-માર્ગી રેલ માલ પરિવહનની સંભાવના પર ભાર મૂકતા, ડીઆરએમ શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે માલવાહક ટ્રેનોના શ્રેષ્ઠ ઉપયોગ માટે બંને દિશામાં પૂરતા પ્રમાણમાં કાર્ગોની ઉપલબ્ધતા જરૂરી છે. તેમણે જણાવ્યું, *'જો પંજાબ અને હરિયાણાથી ચોખા, બટાકા, અનાજ અને નિકાસ માટેના કન્ટેનર લઈને માલગાડીઓ ગુજરાત આવે, તો આપણો પ્રયાસ એવો હોવો જોઈએ કે પરત ફરતી વખતે આ ગાડીઓ ગુજરાતથી આયાતી લાકડું, મીઠું, ખાતર, ઔદ્યોગિક ઉત્પાદનો અને આયાતી કન્ટેનર લઈને ઉત્તર ભારત તરફ જાય. આનાથી ખાલી રેક (માલગાડીના ડબ્બાઓ)ની અવરજવર ઘટશે, વેગનનો વધુ સારો ઉપયોગ થશે અને માલ પરિવહનનો ખર્ચ વધુ સ્પર્ધાત્મક બનશે.'*તેમણે વધુમાં કહ્યું કે રેલવેનો ઉદ્દેશ્ય માત્ર એક દિશામાં માલ પરિવહન વધારવાનો નથી, પરંતુ બંને દિશાઓમાં સંતુલિત અને નિયમિત માલ પરિવહનનું એક એવું મોડેલ વિકસાવવાનો છે, જેનાથી વેપારીઓ, ઉદ્યોગો અને રેલવે-તમામને લાભ થાય. ગુજરાતના બંદરો અને ઉત્તર ભારતના વેપાર કેન્દ્રો વચ્ચે અપાર સંભાવનાઓ: શ્રી વેદ પ્રકાશે નોંધ્યું કે પંજાબ અને હરિયાણા દેશના અગ્રણી કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદક રાજ્યો છે, જ્યારે ગુજરાત એક મહત્વપૂર્ણ ઔદ્યોગિક અને દરિયાઈ વેપાર કેન્દ્ર તરીકે જાણીતું છે.તેમણે ઉલ્લેખ કર્યો કે ગાંધીધામમાં લાકડા અને મીઠાના ક્લસ્ટરો (જેને કંડલા, મુન્દ્રા અને ટુના-ટેકરા જેવા બંદરોનું સમર્થન છે), પાલનપુર-ડીસાનો બટાકા ઉત્પાદક વિસ્તાર અને અમદાવાદ-સાણંદનો ઔદ્યોગિક પટ્ટો-આ તમામ વ્યાપારી પ્રવૃત્તિઓ માટે મુખ્ય કેન્દ્રો છે.

સિટી
એક્સપ્રેસ
SATURDAY 21 NOVEMBER-2026
AHMEDABAD

ગુજરાતમાં હવે ખાનગી વાહનો પણ ઈ-ડિટેક્શનના રડારમાં

અમદાવાદ | ગુજરાતમાં હવે હાઈ-વે પર મુસાફરી કરતા ખાનગી વાહનચાલકોએ પણ પોતાના વાહનના દસ્તાવેજો અપડેટ રાખવા પડશે. રાજ્યમાં માર્ગ સલામતી અને ટ્રાફિકના નિયમોનું પાલન સુનિશ્ચિત કરવા માટે હવે ખાનગી વાહનોમાં પણ ઈ-ડિટેક્શન સિસ્ટમથી દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવશે. અત્યાર સુધી આ સિસ્ટમ હેઠળ મુખ્યત્વે ટ્રક, બસ અને અન્ય કોમર્શિયલ વાહનોનાં દસ્તાવેજોની તપાસ થતી હતી, પરંતુ હવે તેનો વ્યાપ વધારી ખાનગી વાહનોને પણ આવરી લેવામાં આવશે.

ગુજરાતમાં હોમસ્ટે શરૂ કરવું બનશે વધુ સરળ

અમદાવાદ | ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રે સ્વરોજગારની નવી તકો ઊભી કરવા અને સ્થાનિક અર્થતંત્રને વેગ આપવા રાજ્ય સરકારે હોમસ્ટે નીતિમાં મહત્ત્વપૂર્ણ સુધારા કર્યા છે. પ્રવાસન વિભાગ દ્વારા કરવામાં આવેલા આ ફેરફારથી હવે હોમસ્ટે વ્યવસાય શરૂ કરવો અને તેનું સંચાલન કરવું વધુ સરળ બનશે. નવી જોગવાઈ મુજબ, હોમસ્ટેમાં મંજૂર રૂમની મહત્તમ મર્યાદા 6થી વધારીને 9 કરવામાં આવી છે. સાથે જ હવે હોમસ્ટેના માલિકે પરિસરમાં પ્રત્યક્ષ રહેવું ફરજિયાત રહેશે નહીં.નવી નીતિ મુજબ હવે હોમસ્ટેના માલિકને સ્થળ પર સતત હાજર રહેવાની જરૂર રહેશે નહીં.



ST ની અડફેટે બાઇક પર જતો આખો પરિવાર ખતમ



અમરેલી અકસ્માતમાં મૃતકના નામ

• ગોગન ભટુકભાઈ સોલંકી, ઉંમર 37 વર્ષ • ધૃતિ ગોગનભાઈ સોલંકી, ઉંમર 6 મહિના • નીતિન ગોગનભાઈ સોલંકી, ઉંમ 4 વર્ષ • હિરલબેન ગોગનભાઈ સોલંકી, ઉંમર 35 વર્ષ • મેહુલ દિલુભાઈ વાળા, ST ડ્રાઇવર

દંપતી-દીકરો-દીકરીના મોત, સુરત જાન લઈને જતી લક્ઝરી ભરૂચમાં ટેન્કર સાથે ટકરાઈ; 2 અકસ્માતમાં 7 મૃત્યુ...!

(એજન્સી) અમદાવાદ | તા. 20

રાજ્યમાં આજે ભરૂચ અને અમરેલી જિલ્લામાં બે અલગ અલગ અકસ્માતના બનાવ બન્યા છે. જેમાં 7 લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે 51 લોકોને ઈજા પહોંચી છે. ભરૂચના દેરોલ નજીક આવેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે પર ધોરાજીથી સુરત જાન લઈને જતી લક્ઝરી બસ અને ટેન્કર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે લોકોના મોત થયા છે જ્યારે 49 લોકો ઘાયલ થયા છે.

અમરેલી-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર અકસ્માતની ઘટના બની હતી. શેત્રુંજી નદીના પુલ નજીક મંદિર પાસે એસટી બસ અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બાઈક પર જતો આખો પરિવાર ખતમ થઈ ગયો છે. દંપતી અને પુત્ર-પુત્રીના મોત થયા છે. તેમજ બસના ડ્રાઈવરે પણ જીવ ગુમાવતા કુલ 5 લોકોના મોત થયા છે. જ્યારે બે લોકો ગંભીરરીતે ઘાયલ થયા છે.

અમરેલી-સાવરકુંડલા સ્ટેટ હાઈવે પર ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે. શેત્રુંજી નદીના પુલ પાસે મંદિર નજીક એસટી બસ અને બાઈક વચ્ચે ગંભીર અકસ્માતમાં એસટી ખાડામાં ઉતરી ગઈ હતી. આ અકસ્માતમાં 5ના મોત થયા છે જ્યારે 2 લોકો ઘાયલ થયા છે.

અમરેલી તાલુકાનું દેવભૂમિ દેવળિયા ગામનો સોલંકી પરિવાર બાઈકમાં સાવરકુંડલા તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન સાવરકુંડલાથી અમરેલી તરફ જતી એસટી બસ સાથે અકસ્માત થયો હતો. જેમાં સોલંકી પરિવારના પિતા-પુત્ર અને પુત્રીનું ઘટના સ્થળે જ મોત થયું હતું.

ભરૂચના દેરોલ નજીક આવેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈ-વે પર આજે 20 નવેમ્બરે વહેલી સવારે આશરે 5:30 વાગ્યાની આસપાસ ધોરાજીથી સુરત જાન લઈને જતી લક્ઝરી બસ અને ટેન્કર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર દુર્ઘટનામાં લક્ઝરી બસના ચાલક નવીન દાના ભારાઈ અને ક્લીનર રમેશ ગોવિંદ સોલંકીને ગંભીર ઈજાઓ પહોંચતા બંનેના કરુણ મોત નિપજ્યા છે. જ્યારે 49 લોકો ઘાયલ થયા છે. અકસ્માત થતાં જ ઘટનાસ્થળે અફરાતફરી મચી ગઈ હતી અને 108 એમ્બ્યુલન્સની ટીમ તાત્કાલિક મદદે દોડી ગઈ હતી. ઈજાગ્રસ્તોની સંખ્યા વધુ હોવાથી આસપાસની 7થી 8 એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી. 108ની ઈ.એમ.ટી. અસ્મા મલેકના જણાવ્યા અનુસાર, ઘટનાસ્થળેથી 6થી 7 વર્ષના નાના બાળકો સહિત 30થી 35 જેટલા મુસાફરને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

ઘેનની દવા આપી: પુત્રવધૂ સાસુને ઘેનની ગોળીઓ ખવડાવી ₹1.84 કરોડ ચાઉ કરી ગઈ

(એજન્સી) અમદાવાદ | તા. 20

પાલડી વિસ્તારમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જેમાં એક પુત્રવધૂએ પોતાની 79 વર્ષીય વૃદ્ધ સાસુને પ્રતિબંધિત ઘેનની ગોળીઓ ખવડાવી અર્ધબેભાન અવસ્થામાં રાખીને તેમના બેંક ખાતામાંથી રૂ. 1.84 કરોડથી વધુની રકમ ટ્રાન્સફર કરી લીધી છે. પુત્રના મોત થયા બાદ સાસુ પુત્રવધૂ સાથે રહેતા ત્યારે પુત્રવધૂએ દવાનું પ્રિસ્ક્રિપ્શન બદલીને ઘેનની ગોળી ખવડાવી હતી. આ મામલે વૃદ્ધાએ પાલડી પોલીસ સ્ટેશનમાં પુત્રવધૂ વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

આંબાવાડી ખાતે રહેતા 79 વર્ષીય જયશ્રીબેન શાહના પુત્ર અભિષેકનું 12 મે, 2024ના રોજ હાર્ટ-એટેકથી અવસાન થયું હતું. ત્યારબાદ તેઓ પાલડીના મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે શાંતિકુંજ ફ્લેટમાં પુત્રવધૂ અંકિતાબેન અને પૌત્રી સાથે રહેતા હતા. પુત્રના મૃત્યુ બાદ અંકિતાબેને ઝઘડો કરીને અને ઈમોશનલ પ્રેશર લાવીને જયશ્રીબેનના એચ.ડી.એફ.સી. બેંકના જોઈન્ટ ખાતામાં પોતાનું નામ દાખલ કરાવ્યું હતું. ત્યારબાદ ઘરખર્ચના બહાને ડરાવી-ધમકાવીને કોરા ચેક પર સહીઓ લેવાનું શરૂ કર્યું હતું.

આરોપી પુત્રવધૂએ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શનમાં જાતે કે કોઈ મળતિયા મારફતે પ્રતિબંધિત ઘેનની દવા ('Tab Trika 0.5') લખી પાલડીના મેડિકલ સ્ટોરમાંથી મેળવી લીધી હતી. સાસુને નિયમિત આ દવા ખવડાવતી હતી, જેના કારણે જયશ્રીબેનને સતત ઘેન અને ચક્કર રહેતા હતા અને વારંવાર હોસ્પિટલમાં દાખલ કરવા પડતા હતા.

સપ્ટેમ્બર 2025માં જયશ્રીબેનની તબિયત અત્યંત લથડતા અને તેઓ પોતાની દીકરી કોષાને પણ ઓળખી ન શકતા. દીકરીએ તેમને 108 મારફતે હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં બ્લડ રિપોર્ટમાં ઘેનની દવાઓ અપાતી હોવાનો ઘટસ્ફોટ થયો હતો. આ અંગે શંકા જતા પુત્રી અને જમાઈએ બેંક ખાતાની તપાસ કરાવી હતી. જેમાં બહાર આવ્યું હતું કે અંકિતાબેને સહી કરાવેલા કોરા ચેક દ્વારા HDFC બેંકમાંથી પોતાના ખાતામાં અને મ્યુચ્યુઅલ ફંડમાં લાખો રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા.

અમદાવાદમાં લાખોની નકલી નોટો સાથે બે શખસ ઝડપાયા ઊંઝાના વેપારીને 40 લાખ પધરાવ્યા બાદ પોલીસની ટ્રેપ

(એજન્સી) અમદાવાદ | તા. 20

અમદાવાદના ઘાટલોડિયા પોલીસે લાખોની નકલી નોટો સાથે બે આરોપીને ઝડપ્યા છે. નાગપુરથી આંગડિયામાં પૈસા મંગાવનાર વેપારીને અગાઉ 40 લાખની નકલી નોટો આપી હતી. વેપારી સાથે ઠગાઈ બાદ વેપારીએ પોલીસ સાથે મળી ટ્રેપ ગોઠવી હતી. ટ્રેપમાં અમદાવાદમાં આંગડિયાના પૈસા મંગાવવામાં આવ્યા હતા. પૈસા લઈને આવનાર બે આરોપી નકલી નોટો સાથે ઝડપાયા છે. આરોપીઓ 5 હજારના કમિશન માટે નકલી નોટો આપતા હતા. આ કેસમાં અન્ય 3 આરોપીની પણ સંડોવણી સામે આવી છે. ત્યારે ઘાટલોડિયા પોલીસે પાંચ આરોપી સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ઊંઝાના બી.બી. ટ્રેડર્સના વેપારી રોહિતકુમાર પટેલ કે જેઓ જીરું અને વરિયાળીનો વેપાર કરે છે. નાગપુરથી વેપારના 40 લાખ મંગાવવા માટે તેમણે ઓનલાઈન



આંગડિયા પેઢીનો સંપર્ક કર્યો હતો. 17 નવેમ્બરે બે શખસ બેંકની પટ્ટી મારેલા નોટોના બંડલ ભરેલો થેલો લઈને ઊંઝા પહોંચ્યા હતા. બંડલની બહાર બેંકની પટ્ટી હોવાથી વેપારીને ચલણ અસલી હોવાની ખાતરી થઈ હતી. બીજી તરફ નાગપુર ખાતે 40 લાખનું પેમેન્ટ પણ ચૂકવાઈ ગયું હતું. પરંતુ થેલો ખોલતાં જ આખો ખેલ સામે આવ્યો હતો. અંદર એકપણ અસલી નોટ નહોતી. તમામ બંડલમાં 'ચિલ્ડ્રન બેંક ઓફ ઈન્ડિયા' લખેલી નકલી નોટો હતી. વેપારી સાથે 40 લાખની છેતરપિંડી થઈ હોવાનું સમજાતાં પોલીસ સુધી મામલો પહોંચ્યો હતો.

ઠગાઈ કર્યા બાદ આરોપીઓ ફરી આવી જ રીતે પેમેન્ટ લેવા આવશે કે કેમ તે તપાસનો મુખ્ય મુદ્દો હતો. ત્યારે ફરી નાગપુરથી અમદાવાદમાં ફરિયાદીના પિતા નરેન્દ્રભાઈ પટેલને પેમેન્ટ મોકલવાનું નાટક રચવામાં આવ્યું હતું. આ વખતે ગેંગને લાગ્યું કે અગાઉની જેમ જ બંડલ પહોંચાડી કમિશન મેળવી શકાશે. 19 નવેમ્બરે બપોરે આરોપીઓએ વોટ્સએપ કોલ કરી પેમેન્ટ લઈ આવી ગયા હોવાની જાણ કરી હતી. આ ફોન જ પોલીસ માટે આરોપીઓ સુધી પહોંચવાની કડી બન્યો હતો.

ફરિયાદીએ તરત જ ઘાટલોડિયા પોલીસને જાણ કરી હતી. PSI એચ.ડી. જોષી અને તેમની ટીમે સોલા રોડ પર પારસનગર પેટ્રોલ પંપ પાસે ત્રણ રસ્તા પર છટકું ગોઠવ્યું હતું. આરોપીઓ નોટોના બંડલ બતાવવા પહોંચ્યા ત્યારે પોલીસે તેમને ચારે તરફથી ઘેરી લીધા હતા. આમ, બીજી વખત એ જ ખેલ પાડવા આવેલા બંને શખસ રંગેહાથ ઝડપાઈ ગયા હતા. 5 હજારના કમિશન માટે ઠગાઈ કરનાર પોલીસે પકડેલા આરોપીની ઓળખ દિલ્હીના 23 વર્ષીય રાહુલસિંગ વિજયસિંગ ઠાકુર અને રાજસ્થાનના બિકાનેરના 30 વર્ષીય માલચંદ પ્રમેશ્વરલાલ શર્મા તરીકે થઈ. આરોપીની પૂછપરછમાં ગેંગની કડીઓ એક પછી એક ખુલવા લાગી હતી. નોઈડામાં રહેતા ભાઈ ગજાનંદ શર્માએ 'ધનરાજ' નામના શખસ સાથે સંપર્ક કરાવ્યો હતો.

માનવતાને સમર્પિત પાંચ દાયકાની સેવાયાત્રાની ઉજવણી સાથે

આશીર્વાદ ફાઉન્ડેશને તેની સેવાકીય પ્રવૃત્તિઓને આગળ વધારવાનો સંકલ્પ દોહરાવ્યો

(એજન્સી) અમદાવાદ | તા. 20

'માનવ સેવા એ જ પ્રભુ સેવા'ના સંકલ્પ સાથે 1977થી સમાજ સેવાના ક્ષેત્રમાં સતત કાર્યરત આશીર્વાદ ફાઉન્ડેશને તેની પાંચ દાયકાની સેવાયાત્રાની ઉજવણી કરી હતી. આ પ્રસંગે જાણીતા સાહિત્યકાર, ચિંતક અને કટારલેખક પદ્મશ્રી કુમારપાળ દેસાઈ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણી દરમિયાન ડૉ. શશાંક પંડ્યા અને ડૉ. શેફાલી દેસાઈની નિઃસ્વાર્થ અને અવિરત તબીબી સેવાઓ બદલ પદ્મશ્રી કુમારપાળ દેસાઈના હસ્તે એવોર્ડ અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આશીર્વાદ ફાઉન્ડેશનના સ્થાપક ટ્રસ્ટી સીએ આર. એસ. પટેલે જાહેરાત કરી હતી કે આશીર્વાદ ફાઉન્ડેશનના 50માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે માનવતાની સેવાના સંકલ્પને વધુ આગળ વધારવા માટે હવે રાહત દરે બ્રેસ્ટ કેન્સર બાયોપ્સી રિપોર્ટ પણ શરૂ કરવામાં આવશે. આશીર્વાદ ફાઉન્ડેશનની 50 વર્ષની સેવાકીય પ્રવૃત્તિઓની પ્રશંસા કરતા પદ્મશ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે સંસ્થા દ્વારા માનવતાની આટલી લાંબી સેવાથી દર્દીઓને જે મદદ મળે છે, તેનાથી સેવા આપતા માનવતાવાદી કાર્યકરોના હૃદય પવિત્ર બને છે અને તેની ઊર્જા



સમાજ માટે આવી સેવાને આગળ ધપાવવાની પ્રેરણા બને છે. પ્રમુખ સીએ શ્રી આર. એસ. પટેલે જણાવ્યું હતું કે આશીર્વાદ ફાઉન્ડેશનને 'AAA' એટલે કે 'આશીર્વાદ ઓલ્વેઝ અહેડ' (આશીર્વાદ હંમેશા અગ્રેસર) તરીકે ઓળખવામાં આવે છે: આશીર્વાદ ફાઉન્ડેશને અગ્રેસર બની તેમની ફાર્મસી શોપમાં વોકિંગ દર્દીઓને સ્ટાન્ડર્ડ કંપનીની દવાઓ પર 20% ડિસ્કાઉન્ટ અને સંસ્થાના ડાયગ્નોસ્ટિક દર્દીઓને 25% ડિસ્કાઉન્ટ આપવામાં આવે છે. ફાઉન્ડેશને અગ્રેસર બની ધોરણ 12 'બી' ગ્રુપના વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક 'કેરિયર ઈન મેડિસિન' કાર્યક્રમ શરૂ કર્યો હતો. ફાઉન્ડેશને અગ્રેસર બની માત્ર રૂ. 5/- ના ટોકન દરે 24 કલાકના રોકાણ માટે ગેસ્ટ હાઉસ શરૂ કર્યું હતું. ફાઉન્ડેશને સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે અગ્રેસર બની કોવિડ રસી માટે 'ડ્રાઇવ-થ્રુ વેક્સિનેશન' સેવાઓ વિનામૂલ્યે આપી. ફાઉન્ડેશને અગ્રેસર બની કોવિડ લોકડાઉનના પ્રથમ મહિનામાં સૌપ્રથમવાર 1 લાખ સેનિટાઇઝર ટ્યુબ વિનામૂલ્યે વહેંચી. ફાઉન્ડેશને સમગ્ર ભારતમાં સૌપ્રથમ 'વોક ફોર હર' (WALK for HER) ઈવેન્ટ શરૂ કરી હતી, જે અંતર્ગત લોકોને વિશ્વ મહિલા દિવસના સપ્તાહ દરમિયાન ચાલવા માટે વિનંતી કરવામાં આવી હતી અને ચાલેલા ડગલાં (સ્ટેપ્સ) સાથે મફત બ્રેસ્ટ કેન્સર ચેકઅપને જોડવામાં આવ્યું હતું.

અમદાવાદમાં 'વાસ્તુ પૂજન' પ્રસંગે દારૂપાર્ટી

(એજન્સી) અમદાવાદ | તા. 20

અમદાવાદના સરદારનગર વિસ્તારમાં દારૂબંધીના ધજાગરા ઉડાવતા વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થયા હતા. નંદીગ્રામ સોસાયટી પાસે શિવ બંગ્લોઝમાં વાસ્તુ પૂજનમાં રાત્રે દારૂ પાર્ટી થઈ હોવાના વીડિયો વાઇરલ થયા છે. આ વાસ્તુ પ્રસંગમાં નરોડા વિધાનસભાના ભાજપના ધારાસભ્ય ડો. પાયલ કુકરાણી અને સરદારનગર વોર્ડના ભાજપના કોર્પોરેટર કમલેશ પટેલ સહિતના નેતાઓ પણ ગયા હતા. બપોરે વાસ્તુ પ્રસંગમાં ભાજપના નેતાઓએ હાજરી આપી અને રાત્રે આ પ્રકારે દારૂપાર્ટી યોજાઈ હતી.એફ ડિવિઝન એસીપી રીના રાઠવાએ જણાવ્યું કે, સરદારનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક દારૂ પાર્ટી અંગેનો વીડિયો વાઇરલ થયો હતો, જેમાં શિવ બંગ્લોઝમાં મકાનમાલિક ધીરજ પરમારના ઘરે 15 નવેમ્બરે વાસ્તુ પૂજનનો કાર્યક્રમ હતો. મહારાષ્ટ્રથી તેમના સગા સંબંધીઓ અને મિત્ર વર્તુળ આવ્યા હતા. વીડિયોમાં દેખાતા તમામ ઈસમો વિરુદ્ધ તપાસ કરીને તેઓ ક્યાંથી અને કેવી રીતે આ મુદ્દામાલ લાવ્યા હતા, તેમની પાસે પરમિટ છે કે કેમ? સહિતના મુદ્દે તપાસ ચાલુ છે.

નકલી પોલીસ બની બે મિત્રો પાસેથી રૂ. 9 હજાર લૂંટ્યા...

(એજન્સી) અમદાવાદ | તા. 20

અમદાવાદના સરસપુર વિસ્તારમાં મોડી રાત્રે ઓટલા પર બેઠેલા બે મિત્રોને નકલી પોલીસ બની આવેલા બે શખ્સે ગાંજા અને દારૂના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી તપાસીને રૂ. 9 હજાર લૂંટી ફરાર થઈ ગયા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

સરસપુરના આંબલીવાડ પાસે રહેતા 60 વર્ષીય મનીષકુમાર જાની રીક્ષા ચલાવે છે. ગત 7 નવેમ્બરે રાત્રે જમીને પોતાના ઘરની બહાર સરસપુર ચાર રસ્તા નજીક આવેલી મહાવીર એસન્સ નામની દુકાનના ઓટલા પર મિત્ર મહેન્દ્ર પોમલા સાથે બેઠા હતા. આ દરમિયાન એક રિક્ષામાં બે અજાણ્યા શખ્સો ત્યાં આવ્યા હતા. પાછળની સીટ પર બેઠેલા શખ્સે નીચે ઉતરીને બંનેને હું પોલીસ છું તમે અહીં કેમ બેઠા છો તેમ કહી પૂછપરછ શરૂ કરી હતી.

ત્યારબાદ તેણે દારૂ પીધેલો છે અને તમારી પાસે ગાંજો છે તેવી ધમકી આપીને મનિષકુમારની તલાશી લઈ તેના પેન્ટ અને શર્ટના ખિસ્સામાંથી રૂ. 5 હજાર લઈ લીધા હતા. ત્યારબાદ મિત્ર મહેન્દ્ર પોમલાને પણ ધમકાવીને ઊભા કર્યા હતા અને તેની તલાશી લઈ રૂ. 4 હજાર બળજબરીથી પડાવી લીધા હતા. બાદમાં બંનેને પોલીસની ગાડી આવે છે તેમાં બેસી પોલીસ ચોકી આવો તેમ કહી રિક્ષામાં બેસી ફરાર થઈ ગયા હતા.

ઘટના બાદ બંનેને અહેસાસ થયો કે આ કોઈ અસલી પોલીસ નહીં, પરંતુ પોલીસનો સ્વાંગ રચી છેતરપિંડી અને લૂંટ કરનાર શખ્સો છે. તેમણે તાત્કાલિક 112 પર ફોન કરતા પોલીસ વાન આવી પહોંચી હતી અને તેઓ પોલીસ સ્ટેશન ગયા હતા.

પત્નીનું ફેસબુક આઇડી જોઈને પતિએ મારમાર્યો...

પ્રેમસંબંધની શંકા અને દહેજ માટે ત્રાસ, પરિણીતાને ત્રણ વખત તલાક બોલી કાઢી મૂકી

(એજન્સી) અમદાવાદ | તા. 20

જુહાપુરામાં રહેતી 25 વર્ષીય પરિણીતાને દહેજની માંગણી કરી શારીરિક અને માનસિક ત્રાસ આપવાની સાથે માર મારીને પતિએ ત્રણ વખત તલાક બોલી ઘરમાંથી કાઢી મૂકી હોવાની ઘટના સામે આવી છે. પત્નીનું ફેસબુક પર એકાઉન્ટ જોઈને પતિએ ઝગડો કરી મારમાર્યો હતો, જે બાદ ત્રણ વખત તલાક બોલી કાઢી મૂકી હતી. પતિને અન્ય યુવતી સાથે પ્રેમસંબંધ હોવાની જાણ થતાં પત્નીએ પૂછપરછ કરી હતી, જે બાદ સાસરિયાંએ તેની સાથે ઝઘડા શરૂ કર્યા હતા.

વેજલપુરમાં રહેતી પરિણીતાના લગ્ન 27 ફેબ્રુઆરી, 2022ના રોજ દાણીલીમડાના યુવક સાથે થયા હતા. લગ્નના 15 દિવસ બાદ જ પતિ, સસરા, સાસુ અને નણંદ દહેજ ન લાવવા બાબતે મેણાંટોણાં મારવાનું શરૂ કર્યું હતું. પતિ ઘરખર્ચ માટે પણ પૈસા આપતો ન હતો. દરમિયાન પાંચ-છ મહિના પહેલાં પત્નીને પતિના મોબાઈલમાં નિલોફર નામની યુવતીનો ફોટો અને ચેટ મળી આવતાં પ્રેમસંબંધની શંકા ગઈ હતી. આ અંગે પૂછતાં પતિએ મારઝૂડ કરી હતી. ગત 27 ઓગસ્ટે પતિને પરિણીતાનું ફેસબુક



એકાઉન્ટ મળ્યું હતું, જે જોયા બાદ પતિએ પરિણીતાને માર માર્યો હતો. પતિએ છાતી અને માથામાં મુક્કા મારતાં લોહી નીકળ્યું હતું. મામાની હાજરીમાં પતિએ ત્રણ વખત તલાક બોલ્યા હતા. સારવાર દરમિયાન માથામાં 10 ટાંકા આવ્યા હતા. વેજલપુર પોલીસે પતિ સહિત ચાર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ITC નર્મદામાં હાંડવો, પાતરા, ઢોકળાનો બ્રેકફાસ્ટ, અમદાવાદમાં પંજાબી સુપરસ્ટારના કોન્સર્ટ માટે 16 પાર્કિંગ પ્લોટ

દિલજીત દોસાંઝે ફાફડા-જલેબી-ખમણની મજા માણી

(એજન્સી) અમદાવાદ I તા. 20

'અરે એ દેખો, યે દેખો હમારા બ્રેક ફાસ્ટ તો દેખો, ક્યા કેહ રહે હો યાર.. અમદાવાદ, કેમ છો, ફુલ મજામાં... કાલે મળીએ છીએ..' આ શબ્દો સાથે અને ફાફડા-જલેબીની જયાફત માણી દિલજીત દોસાંઝે સોશિયલ મીડિયામાં વીડિયો પોસ્ટ કર્યો. આવતીકાલે એટલે કે 21 નવેમ્બરે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં AURA ઈન્ડિયા ટૂર અંતર્ગત દિલજીતનો કોન્સર્ટ છે. જેને લઈ પંજાબી સુપરસ્ટારનું 19 નવેમ્બરે રાત્રે જ અમદાવાદમાં આગમન થઈ ચૂક્યું હતું અને હોટેલ ITC નર્મદામાં ભવ્ય સ્વાગત કરાયું હતું.

દિલજીત દોસાંજના કોન્સર્ટમાં ફ્રી ટર્બન(પાઘડી) કેમ્પ રાખવામાં આવ્યો છે. આ કેમ્પમાંથી કોન્સર્ટમાં જતા દર્શકોને ફ્રીમાં પાઘડી બાંધી આપવામાં આવશે. આ પાઘડી પણ દિલજીત જે પહેરે છે તે પ્રકારની જ રહેશે જે સફેદ કલરની હશે.

આજે 20 નવેમ્બરે દિલજીત દોસાંઝે ITC નર્મદામાં ગુજરાતી વાનગીઓનો નાસ્તો કર્યો હતો. પીરસવામાં આવેલી થાળી સાથે ઈન્સ્ટાગ્રામમાં વીડિયો સ્ટોરી પણ મૂકી હતી. જે થાળીમાં ફાફડા અને જલેબી, સેવ ખમણી, દાડમ, કોથમીર ભભરાવેલા ખમણ, ઢોકળા અને હાંડવાના ટુકડા પણ મૂકવામાં આવ્યા હતા. એટલું જ નહીં વઘારેલા અને કોથમીરવાળા પાત્રા જોવા મળે છે, જ્યારે ઉપરની વાટકીઓમાં કઢી, ગાજરનું કચુંબર અને તળેલા મરચાં પણ રાખવામાં આવ્યા હતા. આ ઉપરાંત થાળીની પાછળના ભાગમાં એક ગ્લાસમાં લીલું જ્યુસ પણ નજરે પડે છે.



કોન્સર્ટને લઈને અવારનવાર બોમ્બની ધમકી મળી રહી હોવાથી સ્ટેડિયમ ખાતે 1300થી વધુ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આ ઉપરાંત ધમકીને પગલે સાયબર ક્રાઈમ સેલ દ્વારા ધમકી આપનાર ઈમેલ અને સોશિયલ મીડિયા પર સતત મોનિટરિંગ કરવામાં આવશે. સ્ટેડિયમમાં કોન્સર્ટ થાય ત્યાં સુધી સતત બોમ્બ અને ડોગ સ્કવોડ દ્વારા તપાસ પણ કરવામાં આવશે. દિલજીત દોસાંજના લાઈવ કોન્સર્ટને લઈને અમદાવાદ સહિત ગુજરાતના યુવાનોમાં અનોખો ક્રેઝ જોવા મળી રહ્યો છે. તેમના આગમન સાથે જ શહેરમાં કોન્સર્ટનો માહોલ જામી ગયો છે. હોટલ ITC નર્મદા ખાતે રોકાયેલા દિલજીત દોસાંજની એક ઝલક મેળવવા માટે ચાહકોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે, જ્યારે બીજી તરફ કોન્સર્ટ સ્થળે પણ તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં 16 કેટલા પાર્કિંગ પ્લોટ રાખવામાં આવ્યા છે જેમાં ટુ-વ્હીલર માટે 120 અને ફોર વ્હીલર માટે 500 રૂપિયા પાર્કિંગનો ચાર્જ રાખવામાં આવ્યો છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઇટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...